અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૩ મે ૨૦૨૫, મંગળવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, વૈશાખ વદ ૧ | અંક : ૩૧૦ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ઓપરેશન સિંદૂર બાદ બોલ્યા વડાપ્રધાન મોદી

## દેશે સંયમ અને શૌર્ય જોયા, પરાક્રમી સૈનિકોને સેલ્યુટ

### આતંકવાદ સામે કાર્યવાહી કરવા દેશ એક થયો : ભારત પર હુમલો થશે, તો યોગ્ય જવાબ અપાશે : પીએમ મોદી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવ અને ૭મેથી ૧૦ મે સુધી ચાલેલી સૈન્ય ગતિવિધિઓ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે દેશને સંબંધોન કરી કર્યુ હતું. તેમણે ભારતની ત્રણેય પાંખો, ગુપ્તચર એજન્સીઓ તમામને સફળતા બદલ શુભેચ્છા પાઠવી છે. ઓપરેશન સિંદૂર પછી પીએમ મોદી પહેલી વાર રાષ્ટ્રને સંબોધિત કરી કહ્યું કે, છેલ્લા કેટલાક દિવસોમાં દુનિયાએ ભારતની તાકાત અને સંયમ બંને જોયા છે. તેમણે દેશની ત્રણેય સેનાઓ અને વૈજ્ઞાનિકોને સલામ કરી.



વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'તાજેતરમાં જ દેશનું સામાર્થ્ય અને સંયન બંને જોવા મળ્યા. હું સૌથી પહેલા દેશની સેનાઓ, ગુપ્તચર એજન્સીઓ અને વિજ્ઞાનીઓને સલામ કરું છું. આપણા વીર સૈનિકોએ ઓપરેશન સિંદૂરના લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે વિરતા દેખાડી. આતંકવાદી હુમલા બાદ આતંકવાદ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા માટે તમામ નાગરિકો, તમામ વર્ગો અને તમામ રાજકીય પક્ષો એક સ્વરે ઉભા થયા. અમે આતંકવાદીઓને આકરી કાર્યવાહી કરવા માટે સેનાને તમામ ખુલ્લી છૂટ આપી દીધી.'

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'ઓપરેશન સિંદૂરને ભારતની તમામ દિકરીઓ, બહેનો અને માતા નામે પાર પડાયું. પહલગામમાં રજાઓ માણી રહેલા દેશવાસીઓને ધર્મ પૂછીને મારવામાં આવ્યા, જે દેશને તોડવાનો નિંદનીય પ્રયાસ હતો. ભારતની સેનાઓએ પાકિસ્તાનમાં આતંકવાદીઓના ઠેકાણાઓને ટ્રેનિંગ સેન્ટરોને ચોક્કસ પ્રહાર કર્યા છે. આતંકવાદીઓએ સપનામાં પણ વિચાર્યુ નહીં હોય કે, ભારત આટલું મોટો નિર્ણય લેશે. જ્યારે દેશ એક થાય છે, દેશ પહેલાની ભાવના ઉભી થાય છે અને રાષ્ટ્ર સર્વોપરી થાય છે, ત્યારે કડક નિર્ણયો લેવામાં આવે છે અને પરિણામ પણ દેખાડવામાં આવે છે.'

તેમણે કહ્યું કે, 'ઓપરેશન સિંદૂર ન્યાયનો અખંડ સંકલ્પ છે. આતંકવાદીઓ અને તેમના આકાઓએ સિંદૂરને દૂર કરવાની કિંમત સમજી લીધી છે. ભારતીય દળોએ પાકિસ્તાનમાં આતંકવાદી છાવણીઓ અને તેમના તાલીમ કેન્દ્રો પર ચોક્કસ હુમલો કર્યો છે. આતંકવાદીઓએ સ્વપ્નમાં પણ કલ્પના કરી ન હતી કે ભારત આટલો મોટો નિર્ણય લઈ શકે છે. દુનિયામાં જ્યાં પણ મોટા હુમલા થયા છે, તે બધા પાકિસ્તાનમાં આતંકવાદી ઠેકાણાઓ સાથે જોડાયેલા છે. બહાવલપુર અને મુરીદકે વૈશ્વિક આતંકવાદની યુનિવર્સિટીઓ રહી છે.' વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'પાકિસ્તાને આતંકવાદ વિરુદ્ધ સાથ આપવાના બદલે ભારતને નિશાન બનાવ્યું. પાકિસ્તાને ભારત પર જ હુમલો કર્યો. પાકિસ્તાને મંદિરો, ગુરુદ્વારા પર હુમલો કરવા લાગ્યો. ભારતે પાકિસ્તાના ડ્રોનને પત્તાની જેમ ઉડાવી દીધો.' તેમણે કહ્યું કે, 'ભારતે કાર્યવાહી કરતા પાકિસ્તાન ઘોર નિશામાં પડી ગયું હતું, હતાશ થઈ ગયું હતું અને ગભરાઈ ગયું હતું. ભારતે જવાબી કાર્યવાહી કરી. ભારતે પાકિસ્તાનને એટલું નુકસાન પહોંચાડ્યું કે, તે તેની કોઈ કલ્પના જ નહીં કરી શકે. તેથી જ તેઓ બચવાના રસ્તાઓ શોધી રહ્યા છે, વિશ્વભરને વિનંતી કરી રહ્યું હતું. પાકિસ્તાની સેનાએ ૧૦મી મેએ આપણી સેનાનો સંપર્ક કર્યો, જોકે ત્યાં સુધીમાં આપણી સેનાએ આતંકવાદને મોટું નુકસાન પહોંચી દીધું હતું. અમે અમારી બદલાની કાર્યવાહી હાલ પૂરતી મુલતવી રાખી છે. આગામી દિવસોમાં આપણે જોઈશું કે પાકિસ્તાન કેવું વલણ અપનાવે છે. ભારતની ત્રણેય સેનાઓ અને બીએસએફ એલર્ટ પર છે. સર્જિકલ અને હવાઈ હુમલા પછી આતંકવાદ સામે ઓપરેશન ભારતની નીતિ છે.

### સેન્સેક્સ-નિફ્ટી જોરદાર ઉછાળા સાથે થયા બંધ

## સપ્તાહના પહેલા દિવસે જ શેરબજારમાં હરિયાળી

### સેન્સેક્સ ૨૯૫૦ પોઈન્ટના વધારા સાથે ૮૨,૪૨૯ પર બંધ

### નિફ્ટી ૯૧૯ પોઈન્ટના વધારા સાથે ૨૪,૯૨૭ પર બંધ

। (એજન્સી) મુંબઈ, તા.૧૨ ।

આજે શેયર બજારમાં જોરદાર તેજી જોવા મળી છે. રોકાણકારોને લગભગ દરેક સેક્ટરમાં નફો થયો છે. સેન્સેક્સ ૨૯૫૦ પોઈન્ટના વધારા સાથે ૮૨,૪૨૯ પર બંધ થયો. નિફ્ટી ૯૧૯ પોઈન્ટના વધારા સાથે ૨૪,૯૨૭ પર બંધ થયો. બેંક નિફ્ટી ૧૭૮૭ પોઈન્ટના વધારા સાથે ૫૫,૩૮૨ પર બંધ થયો. સેક્ટરલ ઈન્ડેક્સની વાત કરીએ તો, નિફ્ટી અને મેટલમાં ભારે ઉછાળો જોવા મળ્યો અને સેક્ટર ૫ ટકાથી વધુના વધારા સાથે બંધ થયું છે. યુદ્ધવિરામની જાહેરાત બાદ બજારમાં રોકેટ તેજી જોવા મળી છે. સેન્સેક્સ



૧૩૪૯ પોઈન્ટના વધારા સાથે ૮૦,૮૦૩ પર ખુલ્યો. નિફ્ટી ૪૧૨ પોઈન્ટના વધારા સાથે ૨૪,૪૨૦ પર ખુલ્યો હતો. બેંક નિફ્ટી ૧૦૬૩ પોઈન્ટના વધારા સાથે ૫૪,૬૫૮ પર ખુલ્યો હતો. આજે સૌથી મોટી તેજી મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં જોવા મળી હતી. સેક્ટોરલ ઈન્ડેક્સની વાત કરીએ તો, નિફ્ટી ફાર્મા સિવાય, અન્ય તમામ ક્ષેત્રોમાં આજે જોરદાર ખરીદી જોવા મળી રહી છે. નિફ્ટી ઓટોથી લઈને મેટલ અને રિયલ્ટી સુધી દરેક જગ્યાએ તેજી છે. આજે શેરબજારમાં એવી તેજી જોવા મળી કે તેના કુલ બજાર મૂલ્યમાં ૧૦ લાખ કરોડ રૂપિયાથી વધુનો વધારો થયો છે. શેરબજારમાં આજે આઈટી શેર્સમાં ધૂમ ખરીદી જોવા મળી હતી. છેલ્લા કેટલાક સમયથી ટેરિફ વૉર, ડોલરમાં કડાકાના કારણે કરેક્શન મોડમાં ચાલી રહેલા આઈટી સ્ટોકમાં નીચા મથાળે ખરીદી વધી છે. આ ખરીદી પાછળનું કારણ ટેરિફમાં રાહત છે.

### ન્યૂઝ બ્રિફ

#### ભારતીય સેના અને મોદીના પ્રશંસક બન્યા રજનીકાંત



। ચેન્નાઈ, તા.૧૨ ।

પાકિસ્તાન વિરુદ્ધ ભારતના ઓપરેશન સિંદૂરની સફળતાથી દેશ ખૂબ જ ખુશ છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેનો તણાવ હવે સમાપ્ત થઈ ગયો છે. આ સમયે ભારતીય સેનાના મહત્ત્વના યોગદાનને કારણે દેશનો દરેક નાગરિક ગર્વ અનુભવે છે. દરમિયાન સુપરસ્ટાર થલાઈવા રજનીકાંત પણ સશસ્ત્ર દળોની પ્રશંસા કરી છે. ૭ મેથી ભારતે ઓપરેશન સિંદૂર શરૂ કર્યું હતું, જેમાં પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં નવ આતંકવાદી ઠેકાણાઓ પર સફળતાપૂર્વક હુમલો કરવામાં આવ્યો. આ મિશનમાં ઘણા આતંકવાદીઓ અને તેમના બંકરોનો નાશ કરવામાં આવ્યો હતો.

#### વિદેશ સચિવ વિક્રમ મિસરીએ ટ્રોલ્સના ત્રાસથી X એકાઉન્ટ લોક કરી દીધું

। નવી દિલ્હી, તા.૧૨ ।

વિદેશ મંત્રાલયના સચિવ વિક્રમ મિસરીએ તેમનું X એકાઉન્ટ લૉક કરી દીધું છે. ૧૦ મેના રોજ ભારત અને પાકિસ્તાન વચ્ચે સીઝફાયર જાહેર થયા બાદ લોકોએ સોશિયલ મીડિયામાં મિસરીને ટાર્ગેટ બનાવીને એમના વિશે એલફેલ કમેન્ટ્સ કરવા માંડી હતી. ટ્રોલિંગ કરનારાએ તેમની દેશભક્તિ પર સવાલ ઉઠાવ્યા હતા, સીઝફાયર માટે તેમને જવાબદાર ઠેરવ્યા હતા અને તેમના પરિવારના લોકોને પણ ધમકી આપી હતી. આ બધાંથી કંટાળીને તેમણે તેમનું X એકાઉન્ટ લૉક કરી દેવું પડ્યું છે. ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીનના પ્રમુખ અસદુદ્દીન ઓવૈસીએ આ ઘટનાક્રમ પર પ્રતિક્રિયા આપતા X પર લખ્યું હતું કે, 'વિક્રમ મિસરી એક પ્રતિષ્ઠિત, પ્રામાણિક અને મહેનતુ રાજદ્વારી છે.

### આતંકવાદ સામેની આપણી લડાઈ ચાલુ છે : એર માર્શલ એકે ભારતી

## પાકિસ્તાની આર્મીએ આતંકીઓનો સાથ આપ્યો : સેનાનો ખુલાસો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

ભારતની ત્રણેય સેનાઓના ડીજીએમઓની પ્રેસ બ્રીફિંગ શરૂ થઈ હતી. જેમાં ઓપરેશન સિંદૂર વિશે વધુ વિગતવાર માહિતી આપવામાં આવી હતી. એર માર્શલ એકે ભારતીએ કહ્યું, "પાકિસ્તાનની સેનાએ આતંકવાદીઓનો સાથ આપ્યો. આતંકવાદ સામેની આપણી લડાઈ ચાલુ છે." એર માર્શલ એકે ભારતીએ કહ્યું, "૭ મેના રોજ અમે આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવ્યા. અમે પાકિસ્તાન દ્વારા મોકલવામાં આવેલા ડ્રોનને તોડી પાડ્યા." એર માર્શલ એકે ભારતીએ વધુમાં જણાવ્યું હતું કે પાકિસ્તાની સેના આતંકવાદ સામેની લડાઈને પોતાની લડાઈ માને છે. આપણા હવાઈ સંરક્ષણમાં પ્રવેશ




કરવો અશક્ય છે. સેનાએ કહ્યું કે અમે પાકિસ્તાનના PL-15 ને તોડી પાડ્યું. લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈએ કહ્યું કે પાકિસ્તાનના પાપનો ઘડો ભરાઈ ગયો છે. ભારતીય એર ડિફેન્સ સિસ્ટમ વિશે બોલતા, એર માર્શલ એકે ભારતીએ કહ્યું, "આપણી એર ડિફેન્સ સિસ્ટમ સમયની કસોટી પર ખરી ઉતરી છે અને પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે. બીજી એક ખાસ વાત સ્વદેશી એર ડિફેન્સ સિસ્ટમ આકાશ સિસ્ટમનું શાનદાર પ્રદર્શન છે. છેલ્લા દાયકામાં ભારત સરકાર તરફથી મળેલા બજેટ અને નીતિગત સમર્થનને કારણે જ શક્તિશાળી AD વાતાવરણનું નિર્માણ અને સંચાલન શક્ય બન્યું છે." એર માર્શલ એકે ભારતીએ ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતીય વાયુસેના દ્વારા સાધવામાં આવેલા લક્ષ્યોના ફોટોગ્રાફ્સ પણ રજૂ કર્યા હતા. ભારતીય સેનાના અધિકારીઓએ કહ્યું, "અમે એ સ્પષ્ટ કરવા માંગીએ છીએ કે અમારા બધા લશ્કરી થાણા અને હવાઈ મથકો સંપૂર્ણપણે સલામત અને કાર્યરત છે. તેઓ આગામી મિશન માટે તૈયાર છે." ભારતીય સેનાના ડીજીએમઓ લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈએ જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક વર્ષોમાં આતંકવાદી પ્રવૃત્તિઓનું સ્વરૂપ બદલાઈ ગયું છે. નિર્દોષ નાગરિકો પર હુમલા થઈ રહ્યા છે. પહેલગામ સુધીમાં આ પાપનો ઘડો ભરાઈ ગયો છે. તેમણે કહ્યું, "આપણે ઓપરેશન સિંદૂરની હવાઈ સંરક્ષણ કાર્યવાહીને એક સંદર્ભમાં સમજવાની જરૂર છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, આતંકવાદી પ્રવૃત્તિઓનું સ્વરૂપ બદલાઈ રહ્યું હતું, હવે આપણી સેનાની સાથે નિર્દોષ લોકો પર પણ હુમલા થઈ રહ્યા હતા. ૨૦૨૪ માં શિવખોડી મંદિર જતા યાત્રાળુઓ અને આ વર્ષે એપ્રિલમાં પહેલગામમાં નિર્દોષ પ્રવાસીઓ. પહેલગામ દ્વારા તેમના પાપનો ઘડો ભરાઈ ગયો હતો કારણ કે આતંકવાદીઓ પર અમારા ચોક્કસ હુમલાઓ LOC અને IB પાર કર્યા વિના કરવામાં આવ્યા હતા.

#### નેપાળ અને ભારત સરહદ પર ૫.૭ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો

। નવી દિલ્હી, તા.૧૨ ।

નેપાળ અને ભારત ની સરહદ નજીક ગત મોડી રાત્રે ભૂકંપના તીવ્ર આંચકા અનુભવાયા હતા. જોકે ભૂકંપનું કેન્દ્ર તિબેટમાં હતું. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૭ માપવામાં આવી હતી. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ આ ભૂકંપ વિશે માહિતી આપી હતી. ભૂકંપના આંચકા એટલા જોરદાર હતા કે લોકો મધરાત્રિએ પણ પોતાના ઘરની બહાર નીકળી ગયા. ભૂકંપને કારણે લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો.આ પૂર્વે ગત સોમવારે પાકિસ્તાનમાં ૪.૨ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી એ જણાવ્યું કે ભૂકંપ સાંજે ૪:૦૫ વાગ્યે આવ્યો હતો.

### આ એક વાત પર બની સહમતી

## અમેરિકા અને ચીન વચ્ચે થઈ ટ્રેડ ડીલ, ટેરિફમાં ૧૧૫% ઘટાડો

### ચીને અમેરિકન સામાન પર ૧૦ ટકા કરવા સંમતિ આપી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૨ ।

અમેરિકા અને ચીને તાજેતરમાં એકબીજા પર લાદવામાં આવેલા ભારે ટેરિફ ઘટાડવાનો નિર્ણય લીધો છે. બંને દેશો વચ્ચે બે દિવસની ઉચ્ચ-સ્તરીય વાટાઘાટો પછી, આજે (સોમવારે) જીનીવામાં એક સંયુક્ત નિવેદન બહાર પાડવામાં આવ્યું છે, જે મુજબ, અમેરિકા અને ચીન ૯૦ દિવસ માટે એકબીજાના ઉત્પાદનો પર ટેરિફ અસ્થાયી રૂપે ઘટાડવા સંમત થયા છે. જેથી વેપાર તણાવ ઓછો થઈ શકે અને વિશ્વની બે સૌથી મોટી અર્થવ્યવસ્થાઓને તેમના મતભેદો ઉકેલવા માટે ત્રણ મહિનાનો સમય મળી શકે.

સોમવારે જાહેર કરાયેલા એક નિવેદન અનુસાર, અમેરિકાએ મોટાભાગની ચીની આયાત પર ટેરિફ અસ્થાયી રૂપે ૧૪૫%થી ૧૧૫% ઘટાડીને ફક્ત ૩૦% કર્યો



છે. આમાં ફેન્ટાનાઈલ સંબંધિત દરનો સમાવેશ થાય છે. ચીને અમેરિકન સામાન પર ૧૨૫% ટેરિફ ૧૧૫% ઘટાડીને ૧૦% કરવા પણ સંમતિ આપી છે. જોકે, આ સોદામાં ખાસ વાત એ છે કે તે ફક્ત ૯૦ દિવસ માટે છે. યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ જેમ્સન ગ્રીરે જણાવ્યું હતું કે અમેરિકા ચાઈનાના માલ પરના ટેરિફ દરને ૧૪૫ ટકાથી ઘટાડીને ૩૦ ટકા કરવા માની ગયું છે, જ્યારે ચાઈનાએ યુએસ માલ પરના તેના દરને ૧૦ ટકા કરવા સંમત થયું છે. ગ્રીર અને યુએસ ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસન્ટે જીનીવામાં એક પ્રેસ કોન્ફરન્સમાં ટેરિફ ઘટાડાની જાહેરાત કરી હતી.

## પાકિસ્તાને છોડેલા તૂર્કિયેના ડ્રોન-ચીનની મિસાઈલ તોડી પાડી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલા સંઘર્ષ વિશે વધુ માહિતી આપવા ભારતીય સેનાના ત્રણેય પાંખના DGએ મીડિયાને સંબોધન કર્યું હતું. આ તમામે ઓપરેશન સિંદૂર વિશે વિસ્તૃત માહિતી આપી. જેમાં ડીજીએમઓ લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈએ જણાવ્યું કે, 'અમારી લડાઈ આતંકવાદ વિરૂદ્ધ હતી. અમે ૭ મેના રોજ માત્ર આતંકવાદીઓને ટાર્ગેટ કર્યા હતા, પરંતુ પાકિસ્તાનની સેનાએ આતંકવાદનો સાથ આપ્યો. પહલગામ હુમલા બાદ આતંકવાદીઓના પાપનો ઘડો ભરાઈ ચૂક્યો હતો. જેનો જવાબ આપવો જરૂરી હતો.' ડિરેક્ટર જનરલ એર ઓપરેશન્સ એર માર્શલ એ. કે. ભારતી, DGMO લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈ અને ડિરેક્ટર જનરલ નેવલ ઓપરેશન્સ વાઈસ એડમિરલ એ. એન. પ્રમોદે પ્રેસ બ્રીફિંગમાં માહિતી આપી હતી. DGMOએ પત્રકાર પરિષદમાં જણાવ્યું કે, અમે પાકિસ્તાન અને POKમાં કરેલા ઓપરેશનની વિસ્તૃત માહિતી આપી રહ્યા છીએ. અમારી લડત આતંકવાદીઓ સામે હતી.

## નવું ભારત આતંકવાદીઓને શોધીને ખતમ કરી દેશે : હિમંતા

। (એજન્સી) દીસપુર, તા.૧૨ ।

ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ થયો છે. સરહદી જિલ્લાઓમાં સતત શાંતિ જોવા મળી રહી છે. ઓપરેશન સિંદૂર ચલાવીને, ભારતે પાકિસ્તાન અને તેના આતંકવાદી સંગઠનોને એક એવો પાઠ શીખવ્યો છે જે તેઓ લાંબા સમય સુધી યાદ રાખશે. હવે આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ આ સમગ્ર ઘટના પર મોટું નિવેદન આપ્યું છે. સીએમ હિમંતાએ કહ્યું છે કે ઓપરેશન સિંદૂરએ સાબિત કર્યું છે કે નવું ભારત આતંકવાદીઓને શોધી કાઢશે અને તેમને મારી નાખશે. મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ રવિવારે પાકિસ્તાની સૈન્ય અને આતંકવાદી છાવણીઓનો નાશ કરવા બદલ ભારતીય સશસ્ત્ર દળોની પ્રશંસા કરી. સીએમ હિમંતાએ પણ પીએમ નરેન્દ્ર મોદીના નેતૃત્વની પ્રશંસા કરી અને કહ્યું કે પીએમ મોદી પરિપક્વતા સાથે વિશ્વની સૌથી જૂની સભ્યતાનું નેતૃત્વ કરી રહ્યા છે. સીએમ હિમંતાએ ભાજપ ના કાર્યકરોને વૈશ્વિક શક્તિ તરીકે ભારતની ઉભરતી ભૂમિકા વિશે લોકોને જાગૃત કરવા વિનંતી કરી છે.

#### પાકિસ્તાનના ન્યુક્લિયર ઠેકાણા પર હુમલાથી ભારતીય સેનાનો ઈનકાર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલા સંઘર્ષ વિશે વધુ માહિતી આપવા ભારતીય સેનાના ત્રણેય પાંખના DGએ મીડિયાને સંબોધન કર્યું હતું. આ દરમિયાન સેનાએ કહ્યું કે, અમે પાકિસ્તાનના ન્યૂક્લિયર સ્થળ કિરાના હિલ્સ પર હુમલો કર્યો નથી. સેટેલાઈટ તસવીરમાં સરગોધા સ્થિત મુશફ એરબેઝ પર હુમલો દેખાડાયો હતો, જે કથિત રીતે કિરાના હિલ્સની નીચે અંડરગ્રાઉન્ડ ન્યૂક્લિયર સ્ટોરેજ સાથે જોડાયેલો છે. સેનાએ પાકિસ્તાનના કેટલાક ઠેકાણાઓને નિશાન બનાવતા એવી અટકળો શરૂ થઈ હતી કે, સેનાએ પાકિસ્તાનના આ ન્યૂક્લિયર પરમાણુ ઠેકાણાને પણ નિશાન બનાવ્યો હતો.

### ક્રોસ બોર્ડર ફાયરિંગમાં ઈજાગ્રસ્ત થયો હતો

## ભારત-પાકિસ્તાનના સંઘર્ષમાં BSFનો વધુ એક જવાન શહીદ

### પાકિસ્તાનની સેના દ્વારા થયેલા ક્રોસ-બોર્ડર ગોળીબારમાં બીએસએફ કોન્સ્ટેબલ દીપક ચિમંગખમ ઘાયલ થયા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

બોર્ડર સિક્યુરિટી ફોર્સનો વધુ એક જવાન પાકિસ્તાન-ભારત વચ્ચે થયેલા સંઘર્ષમાં શહીદ થયો છે. ૯-૧૦ મેની રાત્રે જમ્મુના આરએસ પોરામાં પાકિસ્તાનની સેના દ્વારા થયેલા ક્રોસ-બોર્ડર ગોળીબારમાં બીએસએફનો કોન્સ્ટેબલ દીપક ચિમંગખમ ગંભીર રૂપે ઘાયલ થયા હતા. તેમણે ૧૧ મેના રોજ અંતિમ શ્વાસ લીધા હતા. બીએસએફે શહીદના પરિવાર પ્રત્યે ઊંડી લાગણી વ્યક્ત કરી હતી. સન્માન સાથે પલૌરા ફ્રન્ટિયર મુખ્યાલય જમ્મુમાં અંતિમ સંસ્કાર કરવામાં આવશે. ૨૫ વર્ષીય દીપક મણીપુરનો રહેવાસી હતો. પહલગામ હુમલા બાદ પાકિસ્તાન દ્વારા વારંવાર સીઝફાયરનું ઉલ્લંઘન કરી ર્ઞ અને આંતરરાષ્ટ્રીય સરહદ પર ગોળીબાર કરવામાં આવી રહ્યો હતો. આ ગોળીબાર ગત શનિવાર સુધી ચાલ્યો હતો. જેમાં જમ્મુ-કાશ્મીર સરકારના એક વરિષ્ઠ અધિકારી અને બે સુરક્ષાદળના અધિકારી શહીદ થયા હતા. આ સિવાય અન્ય જવાનો સહિત કુલ સાત લોકો શહીદ થયા છે. ગઈકાલે બીએસએફ સબ ઈન્સ્પેક્ટર મોહમ્મદ ઈમ્તિયાઝ પણ શહીદ થયા હતા. રાજૌરીના એડિશનલ ડિસ્ટ્રિક્ટ ડેવલપમેન્ટ કમિશનર રાજકુમાર થાપા અને તેમના સ્ટાફના અન્ય બે સભ્યો પણ આ ક્રોસ બોર્ડર ફાયરિંગમાં ગંભીર રૂપે ઘાયલ થયા હતા.

#### ભારતે પાકિસ્તાનનું ફાઈટર જેટ 'મિરાજ' તોડી પાડ્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલા સંઘર્ષ વિશે વધુ માહિતી આપવા ભારતીય સેનાના ત્રણેય પાંખના DGએ મીડિયાને સંબોધન કર્યું હતું. આ દરમિયાન ઓપરેશન સિંદૂરની માહિતી આપવાની સાથે એક વીડિયો પણ શેર કરાયો છે. વીડિયોમાં પાકિસ્તાની મિરાજનો કાટમાળ જોવા મળી રહ્યો છે. ભારતીય સેનાએ કહ્યું કે, 'અમે ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાનનું ફાઈટર જેટ મિરાજને તોડી પાડ્યું છે. ભારતીય સેનાએ કહ્યું કે, અમે માત્ર આતંકવાદ વિરુદ્ધ લડી રહ્યા છીએ, તેથી અમે ૭ મેએ માત્ર આતંકવાદી ઠેકાણાઓ પર હુમલા કર્યા હતા.

### DGMOએ કર્યું દૂધનું દૂધ અને પાણીનું પાણી

## ભારત-પાકિસ્તાન તણાવમાં પહેલીવાર આવ્યું ચીનનું નામ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

ભારત અને પાકિસ્તાન તણાવ દરમિયાન વારંવાર એવા સમાચાર સામે આવી રહ્યા હતા કે તુર્કી, ચીન અને અઝરબૈજાન જેવા દેશો બેક-ચેનલથી પાકિસ્તાનને સપોર્ટ કરી રહ્યા છે. આજે ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન (DGMO)ની પ્રેસ બ્રીફિંગ દરમિયાન રાજીવ ઘઈએ ખુલ્લેઆમ ચીનનું નામ લીધું. તેમણે જણાવ્યું કે, ચીન દ્વારા આપવામાં આવેલી મિસાઈલનો ઉપયોગ પાકિસ્તાનની સેનાએ ઓપરેશન સિંદૂરના જવાબમાં ભારત વિરુદ્ધ કર્યો હતો. તેમણે કહ્યું કે ચીનની મિસાઈલો ટાર્ગેટ ચૂકી ગઈ અને ભારતીય સેનાએ આ મિસાઈલોના હવામાં જ ચીથરા ઉડાવી દીધા. DGMOએ જણાવ્યું કે, પાકિસ્તાનના હથિયારબંધ ડ્રોનને એર ડિફેન્સ ગ્રીડ અને શોલ્ડર-ફાયર્ડ હથિયારો દ્વારા નષ્ટ કરવામાં આવ્યા હતા.

પાકિસ્તાન તરફથી સતત એવા ખોટા સમાચાર ફેલાવવામાં આવી રહ્યા હતા કે ઉધમપુર એરબેઝ પર હાજર એર ડિફેન્સ સિસ્ટમને પાકિસ્તાની સેનાએ નષ્ટ કરી દીધી. જેના અનેક ખોટા વીડિયો પણ વાયરલ કરવામાં આવ્યા હતા.

# દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે થેલેસેમીયા સ્ક્રિનિંગ કેમ્પનું આયોજન કરાયું




। બનાસકાંઠા, તા.૧૨ ।

સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. આર. એમ.ચૌહાણના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટી ખાતે થેલેસેમીયા સ્ક્રિનિંગ કેમ્પનું આયોજન કરાયું હતું. વિદ્યાર્થી કલ્યાણની કચેરી દ્વારા રાષ્ટ્રિય સેવા યોજના અંતર્ગત ઈંડિયન રેડ ક્રોસ સોસાયટી, ગુજરાત રાજ્ય શાખા, અમદાવાદના સહયોગથી આ કેમ્પનું આયોજન કરાયું હતું.

આ કેમ્પમાં સરદાર કૃષિ યુનિવર્સિટી મહાવિદ્યાલય અને પોલીટેકનીકના પ્રથમ સત્રના તમામ વિદ્યાર્થીઓ તથા અગાઉના વર્ષમા થેલેસેમીયા સ્ક્રિનિંગથી વંચિત રહેલા વિદ્યાર્થીઓએ કેમ્પનો લાભ લીધો હતો. કેમ્પનું આયોજન વીર સાવરકર હોલ, યુનિવર્સિટી ભવન ખાતે કરાયું હતું. સદર પ્રોગ્રામમાં વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા આસ્પી પોષણ અને સમુદાય વિજ્ઞાન મહાવિદ્યાલયના આચાયશ્રી, ડૉ. એસ. આર. વ્યાસ અને ફૂડ ટેકનોલોજી મહાવિદ્યાલયના આચાયશ્રી, ડૉ. જે. જે. ધડુક ઉપસ્થિત રહ્યા હતા.

કેમ્પ થકી વિદ્યાર્થીઓને થેલેસેમિયા, સિકલ સેલ શું છે?, થેલેસેમિયા મેજર કે થેલેસેમિયા માઈનોર આવે તો શું કાળજી રાખવી જોઈએ તેના અંતર્ગત વિદ્યાર્થીઓને માહિતગાર કરેલ અને ત્યાર બાદ ટેસ્ટીંગ માટેના સેમ્પલ લેવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. કુલ ૩૫૦ થી વધારે વિદ્યાર્થીઓનું સ્કીનીંગ કરાયું હતું. સદર થેલેસેમીયા સ્ક્રિનિંગ કેમ્પને સફળ બનાવવા માટે નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ ડૉ. કે.પી.ઠાકર અને ખેતીવાડી અધિકારી, ડૉ. રાકેશકુમાર પટેલ અને તેમની સમગ્ર ટીમે ખુબ જહેમત ઉઠાવેલ હતી.

## સોશિયલ મીડિયામાં પોસ્ટ કરવી ભારે પડી, ૧૪ લોકો સામે FIR

। ગાંધીનગર, તા.૧૨ ।

ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવ પૂર્ણ વાતાવરણ વચ્ચે ભારતીય સૈન્ય દ્વારા શરૂ કરાયેલા ઓપરેશન સિંદૂર દરમિયાન સોશિયલ મીડિયા પર રાષ્ટ્રવિરોધી, નકારાત્મક અને સૈન્યનું મનોબળ તોડનારી પોસ્ટ કરનાર ૧૪ વ્યક્તિઓ સામે ગુજરાત પોલીસે ગુનો નોંધી કડક કાર્યવાહી હાથ ધરી છે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આવી દેશવિરોધી અને વૈમનસ્ય ફેલાવનારી પોસ્ટ કરનાર તત્વો સામે કડક કાર્યવાહી કરવા સૂચના આપી હતી. આ સાથે, રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે પણ સોશિયલ મીડિયા પર રાષ્ટ્રવિરોધી, નકારાત્મક અને સૈન્યનું મનોબળ તોડનારી ખોટી માહિતી, અફવાઓ કે સૈન્યની સુરક્ષાને જોખમમાં મૂકનારી પોસ્ટનું નિરીક્ષણ કરી, તાત્કાલિક ગુનો દાખલ કરવા અને આવા તત્વો સામે ત્વરિત કડક કાર્યવાહી કરવા રાજ્યની પોલીસને આદેશ આપ્યા હતા.

## વલસાડમાં યોગ પ્રોટોકોલ પ્રેક્ટિસ સાથે હવન શિબિર યોજાઈ

। વલસાડ, તા.૧૨ ।

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ગાંધીનગરના વલસાડ જિલ્લાના યોગ ટ્રેનર તેમજ નિવૃત આસિસ્ટન્ટ પોલીસ સબ ઈન્સ્પેક્ટર કાંતિલાલ એમ ઠાકોર(ભંડારી) દ્વારા રાજ્ય સરકારના સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન હેઠળ વલસાડના રાજનનગર ખાતે નંદનવન સોસાયટીમાં નિયમિત યોગ ક્લાસ નિઃશુલ્ક ચલાવવામાં આવે છે. આગામી તા. ૨૧ જુન ૨૦૨૫ના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પૂર્વે સ્નેહમિલન સાથે યોગ પ્રોટોકોલ પ્રેક્ટિસ શિબિર સાથે હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં યાગ સાધકોએ ભાગ લઈ મેદસ્વિતાને જાકારો આપી તંદુરસ્તી પ્રત્યેનો હકારાત્મક અભિગમ અપનાવ્યો હતો. યોગ શિબિરનું સંચાલન ગુજરાત રાજ્ય દક્ષિણ વિભાગના મહિલા પંતજલિના પ્રભારી તનુજાબેન આર્યએ સંભાળ્યું હતું.

### પેટ્રોલ અને ડિઝલથી ચાલતાં વાહનોની સંખ્યામાં ચોંકાવનારો વધારો થયો

# ટ્રાફિકની અરાજકતાથી ગ્રસ્ત શહેરમાં ૬૧ હજારથી પણ વધુ વાહન ઉમેરાયાં

### નવા વર્ષનાં પ્રથમ ત્રણ માસમાં જ આટલા બધા વાહનોના વેચાણથી મ્યુનિ. ને વેહિકલ ટેક્સ પેટે ૫૪.૭૬ કરોડની આવક

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

શહેરના વિસ્તરણ અને વિકાસના પગલે ટ્રાફિકને લગતી અનેક પ્રકારની સમસ્યાઓનો સામનો કરી રહેલાં નાગરિકોને ક્યાંયથી કોઈ રાહત મળી રહી નથી, ત્યારે નવા વર્ષના પ્રથમ ત્રણ મહિનામાં ૬૧ હજારથી વધુ નવા વાહનો અમદાવાદના રોડ ઉપર દોડતાં થયાં છે. જોકે શહેરમાં જેટલા નવા વેચાય તેનાથી મ્યુનિ.ને તો વેહિકલ ટેકસની આવક પ્રાપ્ત થાય છે અને પ્રથમ ૩ મહિનામાં મ્યુનિ.ને ૫૪ કરોડથી વધુ આવક થઈ છે. મ્યુનિ. હદમાં પેટ્રોલ અને ડિઝલથી ચાલતાં વાહનોની સંખ્યામાં ચોંકાવનારો વધારો થયો છે. તેથી ટ્રાફિકજામ અને નાનામોટા અકસ્માતોની સમસ્યા વકરી ચૂકી છે. જોકે ટ્રાફિકને લગતાં અકસ્માત સહિતના અમુક પ્રશ્નો માટે વાહનચાલકોની



ગેરશિસ્ત અને બિનજરૂરી ઉતાવળ તથા નિયમથી વધુ ગતિ પણ કારણભૂત માનવામાં આવે છે.શહેરમાં જાહેર પરિવહન સેવાનો ઉપયોગ કરનારા લોકો કરતાં ટુ વ્હીલર વાપરનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. નવા વર્ષના પ્રથમ ૩ મહિનામાં ૩૮ હજારથી વધુ મોટરસાયકલ અને સ્કૂટર વેચાયા છે. તેવી જ રીતે લાખો રૂપિયાની કિંમત ધરાવતી લક્ઝુરિયસ કાર-જીપ ઉપર વેહિકલ ટેકસ વધારે લેવામાં આવે છે, તેમ છતાં તેવી મોંઘી કાર-જીપ પણ વેચાયા છે. દરેક જંક્શનના ચાર રસ્તા ઉપર ઓટોરિક્ષાનો જમાવડો વાહનચાલકોને નડતો હોય છે અને શહેરમાં પણ રિક્ષાની સંખ્યા અંકુશમાં લેવાની નાગરિકોની લાગણી હોવા છતાં ૩ મહિનામાં ૩૪૦૨ રિક્ષા વેચાઈ છે.શહેરમાં ગત વર્ષે જાન્યુઆરી, ફેબ્રુઆરી અને માર્ચમાં જુદા જુદા પ્રકારના ૬૨૪૩૪ વાહનોનુ વેચાણ થયુ હતુ અને તેમાંથી મ્યુનિ.ને ૫૪ કરોડ રૂપિયા વેહિકલ ટેક્સ પેટે મળ્યા હતા. જ્યારે સને ૨૦૨૫ના પ્રથમ ત્રણ મહિનામાં ગત વર્ષ કરતાં ઓછા ૬૧૯૯૭ વાહનો વેચાયા છે, તેમ છતા ૫૪ કરોડની આવક થવા પામી છે. તેનુ કારણ મધ્યમવર્ગીય નાગરિકોને પોસાય તેવી કિંમતની કાર તેમજ અમુક લાખથી વધુ કિંમત ધરાવતી મોટરકાર-જીપ અને લક્ઝુરિયસ મોટરકારના વેચાણમાં વધારો નોંધાયો છે.

### મ્યુનિ. એસટીપી ખાતુ પાંચ મહિના માટે માનીતા કોન્ટ્રાક્ટરને નાણાં ખટાવશે

# શહેરનાં ૧૦ અંડરપાસને જળબંબાકાર થતાં રોકવા ૭૫ લાખનું આંધણ કરાશે

### મ્યુનિ. સૂત્રોના જણાવ્યા અનુસાર, ચોમાસાના ચાર મહિના ગણાય અને તેમાંય અમુક દિવસો જ ભારેથી અતિભારે વરસાદ પડતો હોય છે

।(એજન્સી) અમદાવાદ, તા.૧૨।

શહેરમાં ચોમાસા દરમિયાન ભારે વરસાદ પડે ત્યારે દસ જેટલાં મહત્વના અંડરપાસમાં ભરાઈ જતાં પાણીને ઉલેચવા માટે પંપ મુકી તેને ચલાવવા માટે ખાનગી કોન્ટ્રાક્ટરને ૭૫ લાખ રૂપિયા ખટાવવામાં આવશે.મ્યુનિ. સૂત્રોના જણાવ્યા અનુસાર, ચોમાસાના ચાર મહિના ગણાય અને તેમાંય અમુક દિવસો જ ભારેથી અતિભારે વરસાદ પડતો હોય છે. તે સિવાય અમુકવાર કમોસમી વરસાદ જેવી સ્થિતિ સર્જાતી હોય છે. આવા સંજોગોમાં શહેરના મહત્વના દસ અંડરપાસમાં ચાર પાંચ ફૂટથી લઈને અંડરપાસ આખો છલોછલ થઈ જાય તેટલુ પાણી ભરાઈ જતુ હોય છે.જોકે આશ્ચર્યની વાત એ છે કે, દરેક અંડરપાસનુ નિર્માણ થાય ત્યારે તેમાં ભૂગર્ભ ટાંકી(સમ્પ) અને પંપ મુકવાની જોગવાઈ હોય છે. પરંતુ મ્યુનિ. ઈજનેર ખાતા દ્વારા ભારે વરસાદ અને આસપાસના વિસ્તારનું પાણી અંડરપાસમાં આવતુ હોવાથી ભૂગર્ભ ટાંકીના પંપ પણ પાણી ઉલેચવામાં પહોંચી વળતા નથી તેવા બહાના કાઢવામાં આવે છે. પરંતુ મ્યુનિ. સૂત્રોનુ કહેવુ છે કે, આ સમસ્યા નિવારવા માટે જ અંડરપાસ આગળ જ મોટા ખાડા કરી તેની ઉપર ચેનલ ગોઠવીને બહારથી આવતાં વરસાદી પાણીને રોકી નજીકની ગટર લાઈનમાં નિકાલ કરવા પાછળ પણ લાખો રૂપિયા ખર્ચાઈ ચૂક્યા છે તેમ છતાં દર વર્ષે મોટાભાગના અંડરપાસ પાણી ભરાઈ જવાના કારણે બંધ કરવા પડે છે. અંડરપાસમાં જેટલા પ્રયોગો થાય એટલા કર્યા બાદ હવે ઈજનેર ખાતાએ દસ અંડરપાસમાં દર ચોમાસામાં ખાનગી કોન્ટ્રાક્ટરના પંપ ગોઠવી પાણી ઉલેચવાનો ખેલ ચાલુ કર્યો છે. આ કોન્ટ્રાક્ટર પાસેથી ચોમાસાના ચાર ઉપરાંતવધારાનોએકમહિનોએમ પાંચ મહિના સુધી પંપ અને મેનપાવર ભાડે લેવામાં આવે છે. આગામી મહિનાથી વરસાદ પડવાની શક્યતાઓને ધ્યાને લઈ મ્યુનિ. એસટીપી ખાતાએ પાંચ મહિના માટે દસ અંડરપાસમાં પંપ લગાવી ચલાવવા માટે માનીતા કોન્ટ્રાક્ટર માના ટેકનો કોર્પોરેશનનુ ૭૫ લાખ ૧૬ હજારનુ ટેન્ડર મંજૂર કરી વોટર કમિટી સમક્ષ રજૂ કરી દીધુ છે.

### એક તરફી પ્રેમમાં પાગલ

# યુવકને બાઈકની ચાવી મારી યુવતીના પાડોશીએ હત્યા કરી

।(એજન્સી) અમદાવાદ, તા.૧૨।

નિકોલમાં પરિવાર સાથે રહેતો યુવક તેની જ સોસાયટીમાં રહેતી યુવતીના એક તરફી પ્રેમમાં પાગલ હતો. ગત શનિવારે યુવતી તેની જ સોસાયટીમાં રહેતા અન્ય યુવકની બાઈક પર બેસીને ગામડે જવા નીકળી હતી. આ જોઈને યુવક તેની પાછળ ગયો હતો. રસ્તામાં આરોપી અને યુવક વચ્ચે કેમ પીછો કરે છે તે વાતને લઈને માથાકૂટ થતા આરોપીએ યુવકના છાતીના નીચેના ભાગે બાઈકની ચાવી જોરથી મારી દેતા યુવકનું મોત નીપજ્યું હતું. આ મામલે પોલીસે મૃતક યુવકના પિતાની ફરિયાદના આધારે આરોપીની ધરપકડ કરી છે. નિકોલમાં પરિવાર સાથે રહેતો યુવક તેના જ ફ્લેટમાં રહેતી સગાઈ થઈ ચૂકેલી યુવતીના એક તરફી પ્રેમમાં પાગલ થઈને ફરતો હતો. યુવતી જ્યાં પણ જાય ત્યારે યુવક તેનો પીછો કરતો હતો. આ વાતની જાણ ફ્લેટમાં રહેતા અન્ય યુવકને થઈ ગઈ હતી. ગત શનિવારે બપોરે યુવતી ફ્લેટમાં જ રહેતા હર્ષ પરમારની બાઈક પાછળ બેસીને ગામડે જવા માટે નીકળી હતી. આ વાતની જાણ ભાવેશને થતા શનિવારે બપોરે તેના પિતાને એક કામથી બહાર જઈને આવું છું તેમ કહીને ભાવેશ તેનું બાઈક લઈને યુવતીનો પીછો કરવા નીકળ્યો હતો.

### નાગલપુરની ગ્રીન હોમ્સમાંથી ૫.૯૫ લાખના દાગીના ચોરાયા હતા

# ચણિયાચોળી ભાડે લેવાના બહાને મહિલા ઘરમાંથી દાગીના ચોરી ગઈ

### રમણભાઈએ તેમના ઘરમાંથી સોનાના દાગીના ચોર્યા હોવાની મહેસાણા બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી

। (એજન્સી) મહેસાણા, તા.૧૨ ।

મહેસાણામાં એક મહિલા ચણિયાચોળી ભાડે લેવાના બહાને ઘરની તિજોરીમાંથી ૫.૯૫ લાખના દાગીના ચોરી ગયાનું જણાતાં મહેસાણા બી ડિવિઝન પોલીસ મથકે મહિલા વિરુદ્ધ ફરિયાદ નોંધાવાઈ છે. પોલીસ ફરિયાદ મુજબ, રમણભાઈ કેશવલાલ પટેલ (રહે. ગ્રીન હોમ્સ, મકાન નં. ૧૨, સ્વામીનારાયણ મંદિરની પાછળ મોઢેરા રોડ, નાગલપુર) ગત તા. ૧૯મી એપ્રિલના રોજ સવારે નાગલપુર ખાતે અંબાજી માતાજીની પ્રાણ પ્રતિષ્ઠામાં સેવક તરીકે ગયા હતા. તે વખતે સવારે ૧૧ વાગ્યે તેમની પત્ની ગીતાબેને ફોન કરી જણાવ્યું હતું કે, તિજોરીમાં મૂકેલા દાગીના નથી. આથી તેમણે ઘરે આવી તપાસ કરતાં તિજોરીમાં રાખેલો બે તોલાનો સોનાનો સેટ, દોઢ તોલાનું મંગળસૂત્ર, એક તોલા સોનાનું ડોકિયું, અડધા તોલાની કાનની સોનાની સેરો, અડધા તોલાની સોનાની બુટ્ટી, એક તોલાની સોનાની વિંટી અને એક તોલાની સોનાની લકી મળી કુલ ૫.૯૫ લાખના દાગીના મળી આવ્યા નહોતા. ફરિયાદીના પત્ની ગીતાબેને કહ્યું કે, ગત પાંચમી એપ્રિલે સવારે કિંજલબેન જયેશભાઈ પ્રજાપતિ (રહે. ગ્રીન હોમ્સ) તેમના ઘરે આવી હતી. તેણે ચણિયાચોળી ભાડેથી લેતા હોવાનું અને બજારભાવ મુજબ ભાડું ચૂકવશે તેમ કહ્યું હતું. આથી એક ચણિયાચોળી કિંજલબેનને આપી હતી. તેઓએ તે વખતે ગીતાબેનને બહાર જવાનું કહી તિજોરી મૂકેલા રૂમને અંદરથી બંધ કરી આશરે ૧૫થી ૨૦ મિનિટ સુધી રૂમ ખોલ્યો નહોતો.

## ધોલેરા ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

। અમદાવાદ, તા.૧૨ ।

અમદાવાદ શહેર તથા ગ્રામ્ય વિસ્તારોમાં મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે, જેના ભાગરૂપે ધોલેરા તાલુકા ખાતે આજે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો.

ધોલેરા મામલતદાર કચેરી ખાતે આ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નાગરિકોએ ઉત્સાહભેર રક્તદાન કર્યું હતું.

આ બ્લડ ડોનેશન કેમ્પમાં ૫૬થી વધુ નાગરિકો દ્વારા નોંધણી કરાવવામાં આવી હતી, ૪૫ યુનિટ જેટલું બ્લડ એકત્ર કરવામાં આવ્યું હતું.

આ તકે ધોલેરા મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા હેલ્થ ઓફિસરશ્રી તથા વહીવટીતંત્રના અધિકારી - કર્મચારીઓ અને સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

**વિશેષ**

### પ્રારંભિક તબક્કે જિલ્લામાં ૨૫,૦૦૦થી વધુ લોકો સોસ કુવા બનાવવા માટે તૈયાર : અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી

# વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને સુજલામ સુફલામ્ તથા 'Catch The Rain' અભિયાન અંતર્ગત બેઠક યોજાઈ








। (માહિતી) બનાસકાંઠા ।

વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને સુજલામ સુફલામ્ તથા 'Catch The Rain' અભિયાન અંતર્ગત આજરોજ કલેક્ટર કચેરી પાલનપુર ખાતે બેઠક યોજાઈ હતી. જેમાં જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ તેમજ પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આગામી ચોમાસા પહેલા જિલ્લામાં વરસાદી પાણીનો સંગ્રહ કઈ રીતે કરી શકાય તે માટે આ બેઠકમાં વિધાનસભા અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી ના ઉપસ્થિતિમાં વિસ્તૃત ચર્ચા કરાઈ હતી. વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના રાષ્ટ્રવ્યાપી 'Catch The Rain' અભિયાન અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં જળ સંચય માટે સૌકોઈ સાથે મળીને કામ કરીએ. પાણીનો સંગ્રહ કરીએ, લોક જાગૃતિ વધારવા કામ કરીએ. ખેતરનું પાણી ખેતરમાં તથા ગામનું પાણી ગામમાં જ રહે તે મુજબ માઈક્રોલેવલનું કામ કરવા અધ્યક્ષસ્થાનેથી જણાવ્યું હતું. અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, પ્રારંભિક તબક્કે જિલ્લામાં ૨૫,૦૦૦થી વધુ લોકો સોસ કુવા બનાવવા માટે તૈયાર થયા છે. જિલ્લા વહીવટી તંત્ર, બનાસ ડેરી અને લોકભાગીદારી થકી જિલ્લામાં સોસ કૂવા નિર્માણ કાર્યનો શુભારંભ કરાયો છે. આ કાર્યમાં ૫૦ ટકા રકમ બનાસ ડેરી દ્વારા ફાળવવામાં આવશે. બનાસકાંઠા જિલ્લામાં ભૂગર્ભ જળના તળને ઊંચા લાવવા માટે સોસ કૂવા બનાવવા, તળાવો ઊંડા કરવા, ચેકડેમ બનાવવા, નવીન ટ્યુબવેલ બનાવવા, બોર અને કુવા રિચાર્જ કરવા માટે સહિયારા પ્રયત્નો હાથ ધરાયા છે. દરેક તાલુકામાં ખેડૂતોની બેઠક થાય અને જાગૃતિ ફેલાય તે જરૂરી છે. જન પ્રતિનિધિશ્રીઓ, અધિકારીશ્રીઓ આ અભિયાનને વેગવંતુ બનાવે તે જરૂરી છે. આ બેઠકમાં સર્વ ધારાસભ્યશ્રી અનિકેતભાઈ ઠાકર, શ્રી પ્રવીણભાઈ માળી, શ્રી સ્વરૂપજી ઠાકોર, શ્રી કાંતિભાઈ ખરાડી, શ્રી માવજીભાઈ દેસાઈ, જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એમ.જે.દવે, અધિક કલેક્ટરશ્રી સી.પી.પટેલ સહિત સબંધિત અધિકારીશ્રીઓ/જળ સંચય માટે કામ કરતા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### ન્યૂઝ બ્રિફ

## સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ રૂ. ૯૪,૦૦૦ નજીક

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

સોનાના ભાવમાં આજે જોરદાર કડાકો જોવા મળ્યો છે. ઘરેલુ અને વૈશ્વિક બજારોમાં ગોલ્ડ પ્રાઈસ પર દબાણ જોવા મળ્યું. જેનાથી રોકાણકારોને ભારે ઝટકો લાગ્યો છે. MCX પર સોનું લગભગ ૨,૩૦૦ તૂટ્યું અને ભાવ પ્રતિ ૧૦ ગ્રામ ૯૪,૦૦૦ રૂપિયા નજીક આવી ગયો. હવે તે પોતાના રેકોર્ડ હાઈથી લગભગ ૫,૦૦૦ રૂપિયા નીચે છે. વૈશ્વિક બજાર એટલે કે કોમેક્સ ઉપર પણ સોનું લગભગ $60 ગગડીને $3,240 નજીક પહોંચી ગયું છે. જે ૨% નો ઘટાડો દર્શાવે છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની અધિકૃત વેબસાઈટ ibjarates.com મુજબ આજે 999 શુદ્ધતાવાળા ૧૦ ગ્રામ સોનાના ભાવમાં ૨,૦૨૩ રૂપિયાનો કડાકો જોવા મળ્યો છે અને ભાવ ૯૪,૩૯૩ રૂપિયાની સપાટીએ પહોંચ્યો છે જે લાસ્ટ સેશનમાં ૯૬,૪૧૬ રૂપિયા પર ક્લોઝ થયું હતું. જ્યારે ચાંદીમાં સામાન્ય તેજી જોવા મળી છે અને ભાવ ૧૯૧ રૂપિયા ચડીને ૯૫,૯૧૭ રૂપિયા પર પહોંચ્યો છે જે લાસ્ટ સેશન (શુક્રવારે ક્લોઝિંગ સેશનમાં) માં ૯૫,૭૨૬ રૂપિયા પર ક્લોઝ થયો હતો. આ ભારે કડાકા પાછળ અનેક વૈશ્વિક કારણો જવાબદાર છે.

## જો ભારત સપોર્ટ કરે તો આતંકવાદને ખતમ કરી દઈશું

। (એજન્સી) ઈસલામાબાદ, તા.૧૨ ।

ભારત અને પાકિસ્તાન વચ્ચે સીઝફાયર થયા બાદ પાકિસ્તાન તરફથી સતત પ્રોપેગેંડા ચલાવવામાં આવી રહ્યા છે કે તેમણે ભારતીય સેના સંસાધનોને ખાસું નુકસાન પહોંચાડ્યું છે. ફેક ફોટો અને ખોટા દાવા દ્વારા સતત સરહદ પારથી સોશિયલ મીડિયા પર ભારત વિરુદ્ધ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. પણ તે પોતાના ઘરમાં ચાલી રહેલા કંકાસ પર કંઈ બોલવા તૈયાર નથી. પાકિસ્તાનમાં વિદ્રોહી ગ્રુપ લિબરેશન આર્મીએ ૫૧થી વધારે જગ્યા પર ૭૧ હુમલાની જવાબદારી લીધી છે. તેમણે જે જે વિસ્તારમાં હુમલો કર્યો, તેને બલૂચિસ્તાન ઓક્યુપાઈડ ગણાવ્યું છે. બીએલએએ પોતાના એક નિવેદનમાં ચેતવણી આપી કે, દક્ષિણ એશિયા અને ખાસ કરીને બલૂચોવાળા વિસ્તારમાં મોટા ફેરફાર થવાના છે. બીએલએ સ્પષ્ટ કર્યુ કે, તેમની પાછળ વિદેશી તાકાતોનો હાથ નથી અને હાલમાં ચાલી રહેલી હાલતમાં તે પણ એક એક્ટિવ અને નિર્ણાયક પક્ષ છે. બીએલએએ દાવો કર્યો કે, હુમલામાં પાકિસ્તાની સૈન્ય કાફલો, ગુપ્ત કેન્દ્રો અને ખનિજ પરિવહન કાર્યને ટાર્ગેટ બનાવ્યા, જેથી તેની સીધી અસર ઈસ્લામાબાદને ચેલેન્જ આપી શકે. બલોચ લિબરેશન આર્મીએ સ્પષ્ટ કર્યુ છે કે અમે કોઈ પણ દેશ અથવા શક્તિના પ્રોક્સી નથી.

### નૌકાદળના પ્રવક્તાએ જણાવ્યું

# કરાંચી પોર્ટને તબાહ કરવાનું હતું નૌકાદળ, ફક્ત સરકારના સંકેતની જ હતી પ્રતીક્ષા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।



જમ્મુ કાશ્મીરના પહેલગામ હૂમલા બાદ તરત જ ભારતની નૌકાદળે (નેવી) પોતાની તાકાત અને રણનૈતિક ક્ષમતાનું પ્રદર્શન કરતા અરબી સમુદ્રમાં પોતાનો સતત પ્રભાવ જાળવી રાખ્યો હતો, નેવીના પ્રવક્તાએ X પોસ્ટ પર પોસ્ટ કરીને જણાવ્યું હતુ કે સિઝફાયર માટે પડોશી દેશને મજબૂર કરવા માટે નેવી ભૂમિકા કેટલી મહત્ત્વપૂર્ણ રહી હતી. નૌકાદળના પ્રવક્તાએ જણાવ્યું હતું કે પહેલગામ હુમલા બાદ, ભારતીય નૌકાદળના કેરિયર બેટલ ગ્રુપ, સરફેસ ફોર્સિસ, સબમરીન અને ઉડ્ડયન સંપત્તિઓને ભારતીય સંરક્ષણ દળોના સંયુક્ત ઓપરેશનલ પ્લાન અનુસાર સંપૂર્ણ યુદ્ધ તૈયારીમાં તરત જ સમુદ્રમાં તહેનાત કરવામાં આવી હતી. આતંકવાદી હુમલાના ૯૬ કલાકની અંદર, ભારતીય નૌકાદળે અરબી સમુદ્રમાં અનેક શસ્ત્રો દ્વારા ગોળીબાર કર્યો હતો જેથી સમુદ્રમાં યુક્તિઓ અને પ્રક્રિયાઓનું પરીક્ષણ કરી શકાય અને ક્રૂ, ઓર્ડનન્સ, સાધનો અને પ્લેટફોર્મની તૈયારીને ફરીથી માન્ય કરી શકાય જેથી પ સંદગીના ટાર્ગેટ પર ચોકસાઈ સાથે વિવિધ દારૂગોળો પહોંચાડી શકાય. તે જ સમયે, ઓપરેશન સિંદૂર અંગે પ્રેસ બ્રીફિંગમાં, નૌકાદળના ડાયરેક્ટર જનરલ ઓફ નેવલ ઓપરેશન્સ (DGNO) વાઈસ એડમિરલ એ.એન. પ્રમોદે કહ્યું કે નૌકાદળ ૯ મેની રાત્રે પાકિસ્તાનની દરિયાઈ સરહદમાં પ્રવેશ કરવા અને તેમના લશ્કરી ઠેકાણાઓ અને કરાચી બંદર જેવા મુખ્ય ઠેકાણાઓનો નાશ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર હતું. નૌકાદળ ફક્ત સરકારના આદેશોની રાહ જોઈ રહ્યું હતું. તેમણે કહ્યું કે નૌકાદળ ઉત્તર અરબી સમુદ્રમાં આગળ તૈનાત રહ્યું છે અને દરિયા અને જમીન પર પસંદગીના ટાર્ગેટ પર પ્રહાર કરવા માટે સંપૂર્ણ તૈયારી .

### ભારત-પાકિસ્તાન સિઝફાયર પર ચાલી રહી હતી વાત

# અચાનક ભારતીય સેનાએ કેમ લીધું વિરાટ કોહલીનું નામ?

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।



ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ બાદ આજે ભારતીય સેનાના ત્રણેય પાંખના અધિકારીઓએ સતત બીજા દિવસે પ્રેસ કોન્ફરન્સ યોજી. આ કોન્ફરન્સમાં DGMO લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘઈએ આજે વિરાટ કોહલીનો ઉલ્લેખ કર્યો. તેમણે જણાવ્યું કે, વિરાટ કોહલી તેમના ફેવરેટ ક્રિકેટર છે. તેમણે કહ્યું કે તેઓ વિરાટ કોહલીના ફેન છે. રાજીવ ઘઈએ જણાવ્યું કે, આજે કદાચ ક્રિકેટની પણ વાત કરવી જોઈએ કારણ કે મેં જોયું કે વિરાટ કોહલીએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી છે. ઘણા ભારતીયની જેમ તેઓ મારા પણ ફેવરેટ ખેલાડી છે. લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘઈએ જણાવ્યું કે, ઈન્ટરનેશનલ બાઉન્ડ્રીથી રડાર, એર ડિફેન્સ સિસ્ટમ, વિન્ટેજ એર ડિફેન્સ સિસ્ટમ અને મોડર્ન એર ડિફેન્સ સિસ્ટમની લેયર હતી. તેને પાર કરીને આપણી એરફીલ્ડ પર એટેક કરવો તેમના માટે મુશ્કેલ હતો. આ બધુ એક ઘટનાની યાદ અપાવે છે. ૭૦ના દાયકામાં ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયાની વચ્ચે એશિઝ સિરીઝ ચાલી રહી રહી હતી. બે ફાસ્ટ બોલર જેફ થોમસન અને ડેનિસ લીલીએ ઈંગ્લિશ બેટ્સમેનોને પરસેવોવાળી દીધો હતો. તેમણે જણાવ્યું કે, તે સમયે ઓસ્ટ્રેલિયાએ એક કહેવત બહાર પાડી હતી, “Ashes to ashes, dust to dust, if Thommo don’t get ya, Lillee must.” આનો મતલબ છે કે જો થોમો તમને આઉટ કરી શકતા નથી, તો લીલી તમને જરૂર આઉટ કરશે. જો તમે આ લેયર્સને જુઓ, તો તમે સમજી શકશો કે હું શું કહેવાનો પ્રયાસ કરી રહ્યો છું. ભલે દુશ્મન બધા લેયર્સને પાર કરી જાય, તો પણ આ ગ્રિડ સિસ્ટમના લેયર્સમાંથી કોઈ એક તેને નીચે પાડશે જ.

# ઓપરેશન સિંદૂર દરમિયાન બંધ વિમાન સેવા ફરી શરૂ થશે

### ઓપરેશન સિંદૂર દરમિયાન સલામતીનાં કારણોસર દેશના ઘણાં રાજ્યોમાં બંધ કરાયેલી વિમાન સેવા ફરી શરૂ થશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।



ઓપરેશન સિંદૂર દરમિયાન સલામતીનાં કારણોસર દેશના ઘણાં રાજ્યોમાં બંધ કરવામાં આવેલી વિમાન સેવા ફરી શરૂ થશે. પહલગામમાં ૨૨ એપ્રિલે ઈસ્લામિક આતંકી હુમલા બાદ આ મહિને ભારતે તેનો બદલો લેવા શરૂ કરેલા ઓપરેશન સિંદૂરને પગલે સરહદી રાજ્યો સહિત કેટલાક અગત્યના એરપોર્ટ સલામતીનાં કારણોસર બંધ કરવામાં આવ્યાં હતા. જોકે, ગત શનિવારે પાકિસ્તાને ઘૂંટણીયે પડીને શસ્ત્ર વિરામની વિનંતી કર્યા બાદ સ્થિતિ સામાન્ય બની રહી છે જેને પગલે હવે નાગરિક વિમાનો પણ શરૂ કરવામાં આવી રહ્યા છે. આ અંગે ભારત સરકાર દ્વારા જારી સત્તાવાર નિવેદન મુજબ, ૧૫ મે ૨૦૨૫ના રોજ સવારે ૫:૨૯ વાગ્યા સુધી ૩૨ એરપોર્ટ પર મૂકવામાં આવેલો નાગરિક વિમાન સંચાલન પરનો કામચલાઉ પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવ્યો છે. આ એરપોર્ટ હવે તાત્કાલિક અસરથી નાગરિક વિમાન સંચાલન માટે ઉપલબ્ધ છે. જમ્મુ-કાશ્મીરમાં ગયા મહિને ઈસ્લામિક જેહાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે વધતા તણાવને કારણે ઉત્તર અને પશ્ચિમ ભારતના ૩૨ એરપોર્ટને બંધ કરવામાં આવ્યા હતા, પરંતુ હવે તે તાત્કાલિક અસરથી ફરીથી ખોલવામાં આવ્યા છે. આ સંદર્ભે એક નોટમ (નોટિસ ટુ એરમેન) જારી કરવામાં આવ્યું છે. આ સાથે ૨૫ એર રૂટ્સ પણ ફરીથી શરૂ કરવામાં આવ્યા છે. પાંચ દિવસ પહેલાં એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (AAI) અને અન્ય ઉડ્ડયન નિયામકોએ ભારતના સરહદી વિસ્તારોમાં આવેલાં ૩૨ એરપોર્ટને અસ્થાયી રૂપે બંધ કરવા માટે નોટમ જારી કર્યું હતું. વાસ્તવમાં ઉડાનોને પરિચાલન કારણોસર સ્થગિત કરવામાં આવી હતી જે ૯ મે થી ૧૫ મે સુધી અમલમાં હતી. હવે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ જણાવ્યું છે કે અસ્થાયી રૂપે બંધ કરાયેલા એરપોર્ટને તાત્કાલિક અસરથી ખોલી દેવામાં આવ્યા છે. અગાઉ અસ્થાયી રૂપે બંધ કરાયેલા એરપોર્ટમાં ચંદીગઢ, શ્રીનગર, અમૃતસર, લુધિયાણા, ભુંટર, કિશનગઢ, પટિયાલા, શિમલા, ધર્મશાલા અને ભટિંડા જેવા મહત્વના એરપોર્ટનો સમાવેશ થતો હતો. આ ઉપરાંત, જેસલમેર, જોધપુર, લેહ, બિકાનેર, પઠાણકોટ, જમ્મુ, જામનગર અને ભુજ જેવા વ્યૂહાત્મક રીતે મહત્વના સ્થળોના એરપોર્ટ પણ અસ્થાયી રૂપે બંધ કરવામાં આવ્યા હતા.

### ચોમાસાને લઈને હવામાન વિભાગ દ્વારા આગાહી

# આવતીકાલે આંદમાન અને નિકોબારમાં ચોમાસું બેસશે

। નવી દિલ્હી, તા.૧૨ ।



ચોમાસાને લઈને હવામાન વિભાગ દ્વારા મોટી આગાહી કરવામાં આવી છે. જેમા આવતીકાલે આંદમાન અને નિકોબારમાં ચોમાસું બેસી જશે. છેલ્લા ૨૪ કલાકથી નિકોબારમાં ભારે વરસાદ પડી રહ્યો છે. હવામાન વિભાગની આગાહી અનુસાર નિકોબારમાં આગામી ૨૪ કલાક ભારેથી અતિભારે વરસાદ પડવાનો છે. મે મહિનામાં લોકો વધતી ગરમીને કારણે કંટાળી જતા હોય છે. જોકે આ વખતે તો મે મહિનામાં જ કમોસમી વરસાદે ભારતના ઘણા બધા રાજ્યોમાં પોતાનો કહેર વરસાવ્યો છે. ખાસ કરીને આપણા ગુજરાતમાં તો હજું પણ કમોસમી વરસાદે માજા મુકેલી છે. જેને લઈને ખેડૂતોના માથે ચિંતાના વાદળો ઘેરાઈ ગયા છે. જોકે હવે કમોસમી વરસાદ બાદ દેશમાં ઉનાળાના વિદાયનો સમય આવી ગયો છે.

### SEBI એ રજૂ કરી ગાઈડલાઈન

# શેરબજારમાં ટ્રેડિંગથી માંડી એક્સયાપરી સુધીના નિયમોમાં ફેરફારો કરવામાં આવ્યો

। (એજન્સી) મુંબઈ, તા.૧૨ ।

માર્કેટ રેગ્યુલેટર સેબીએ એફએન્ડઓ માર્કેટમાં વધી રહેલી સટ્ટાખોરીને ધ્યાનમાં લેતાં જોખમના નવા માપદંડો રજૂ કર્યા છે. ફેબ્રુઆરીમાં રજૂ કરવામાં આવેલા કન્સલ્ટન્ટ પેપરના આધારે હવે ઓપન ઈન્ટરેસ્ટની ગણતરી, પોઝિશન લીમિટ અને એક્સપાયરી નિયમોમાં મોટા ફેરફારો થશે. રિટેલ ટ્રેડર્સને થતાં નુકસાનમાં ઘટાડો કરવાના ઉદ્દેશ સાથે ફેરફારો કરવામાં આવ્યા છે. સેબી ટ્રેડિંગ ગતિવિધિઓને મર્યાદિત કરવા માંગે છે પરંતુ તે જ સમયે માર્કેટની લિક્વિડિટી જાળવી રાખવી મહત્વ પૂર્ણ છે. નવા નિયમો સટ્ટાખોરી પર અંકુશ લગાવશે અને રિટેલ ટ્રેડર્સને તેમના જોખમોને વધુ સારી રીતે સમજવાની તક પણ આપશે.

૧. ઓપન ઈન્ટરેસ્ટ (OI)ની ગણતરીઃ ફ્યુચર ઈક્વિલન્ટ તથા ડેલ્ટા આધારિત મોડલ લાગુ કરાશે. જેનાથી ડેરિવેટિવ્ઝની કિંમતોને બેઝ સિક્યુરિટી સાથે જોડી યોગ્ય પોઝિશનિંગને ચેક કરી શકાશે.

૨. ઈન્ડેક્સ ઓપ્શન્સની કુલ મર્યાદાઃ ફેબ્રુઆરીમાં જારી કરાયેલા કન્સલ્ટેશન પેપરમાં, સેબીએ કહ્યું હતું કે આ મર્યાદા રૂ. ૧,૫૦૦ કરોડ હોવી જોઈએ. જો કે, ઈન્ડસ્ટ્રીની પ્રતિક્રિયા બાદ, તેને વધારીને રૂ. ૧૦,૦૦૦ કરોડ કરવામાં આવી છે.

૩. સિંગલ સ્ટોક પર MWPL (માર્કેટ-વાઈડ પોઝિશન લિમિટ): હવે તે "ફ્રી ફ્લોટના ૧૫%" અથવા "એવરેજ ડેઈલી ડિલિવરી વેલ્યૂના ૬૫ ગણાં" - જે ઓછું હોય તે મુજબ નિર્ધારિત કરાશે. FPIs અને મ્યુચ્યુઅલ ફંડ્સ માટે MWPL ૩૦% સુધી મર્યાદિત છે. રિટેલ રોકાણકારો માટે MWPL મહત્તમ ૧૦% છે.

### હિંદુ શેરની તુ કુછ દિનો કી મહેમાન હૈ, તુઝે ખતમ કર દેંગે

# ભાજપ નેતા નવનીત રાણાને પાકિસ્તાન તરફથી ધમકી મળી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।



ભાજપના નેતા નવનીત રવિ રાણાને પાકિસ્તાન તરફથી જાનથી મારી નાખવાની ધમકી મળી છે. ધમકીભર્યા ફોન કોલમાં કહેવામાં આવ્યું હતું કે, ‘અમારી પાસે તમારા વિશે બધી માહિતી છે.’ હિન્દુ સિંહણ, તું થોડા દિવસની મહેમાન છે, અમે તને મારી નાખીશું, ન તો સિંદૂર બચશે અને ન તો તેને લગાવનાર. નવનીત રાણાને પાકિસ્તાનથી અલગ અલગ નંબરો પરથી ફોન આવ્યા છે. ધમકી મળ્યા બાદ નવનીત રાણાએ મુંબઈની ખાર પોલીસને તેની જાણ કરી. નવનીત રાણાને અગાઉ પણ પાકિસ્તાન તરફથી ધમકીભર્યા મેસેજ મળી ચૂક્યા છે. હાલમાં પોલીસ આ મામલાની તપાસ કરી રહી છે. ઓપરેશન સિંદૂર પછી નવનીત રાણાનું નિવેદન સામે આવ્યું છે, જેમાં તેમણે કહ્યું હતું કે, “ઘરમાં ઘુસીને માર્યા છે, તેઓએ તમારી કબર ખોદી છે. દેશના સિંહાસન પર તારા બાપ મોદી બેઠા છે, નાનું પાકિસ્તાન શું કહી શકે, બકરીની માતા ક્યાં સુધી તેના કલ્યાણ માટે પ્રાર્થના કરતી રહેશે. આ ઉપરાંત, તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ‘ઠ’ પર પોસ્ટ કરીને લખ્યું, “સિંદૂરનો બદલો સિંદૂરથી લીધો, જય હિંદ-જય ભારત.” ઉલ્લેખનીય છે કે ૨૨ એપ્રિલે જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં આતંકવાદી હુમલો થયો હતો. આમાં કુલ ૨૬ લોકોના મૃત્યુ થયા હતા. આ પછી, ભારતીય સેનાએ ૬-૭ મેની રાત્રે પાકિસ્તાનના ૯ આતંકવાદી ઠેકાણાઓ પર હુમલો કરીને અને તેમના છાવણીઓનો નાશ કરીને બદલો લીધો. આ પછી, પાકિસ્તાને ડ્રોન દ્વારા ભારત પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો.

### ભારતે પાકિસ્તાનની કમર તોડી

# એરક્રાફ્ટ તબાહ, ૫ લોકોના મૃત્યુ : પાક.નું કબૂલનામું

### પાકિસ્તાની સેનાના પ્રવક્તા લેફ્ટનન્ટ જનરલ અહેમદ શરીફ ચૌધરીએ એક પ્રેસ કોન્ફરન્સમાં સ્વીકાર્યું હતું

।(એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧૨।



ભારતના લશ્કરી હુમલાને કારણે પાકિસ્તાનને ભારે નુકસાન થયું છે. પાકિસ્તાન શરૂઆતમાં પ્રચાર ફેલાવીને આ નુકસાન છુપાવવાનો પ્રયાસ કરી રહ્યું હતું, પરંતુ હવે તેની સેનાએ ધીમે ધીમે સત્ય સ્વીકારવાનું શરૂ કરી દીધું છે. રવિવારે મોડી રાત્રે, પાકિસ્તાની સેનાના પ્રવક્તા લેફ્ટનન્ટ જનરલ અહેમદ શરીફ ચૌધરીએ એક પ્રેસ કોન્ફરન્સમાં સ્વીકાર્યું કે ભારતીય હુમલામાં તેમના એક વિમાનને ‘થોડું નુકસાન’ થયું હતું, જોકે તેમણે વિમાન વિશે વધુ માહિતી આપી ન હતી. અન્ય એક અહેવાલ મુજબ, વાયુસેનાના પાંચ સૈનિકોના મૃત્યુ થયા છે. ભારતીય સંરક્ષણ દળોએ રવિવારે એક પ્રેસ કોન્ફરન્સમાં ખુલાસો કર્યો કે પાકિસ્તાની લડાકુ વિમાનોને તોડી પાડવામાં આવ્યા છે. જોકે, તેમણે જેટના પ્રકાર અને સંખ્યા જાહેર કરવાનો ઈનકાર કર્યો હતો. તેમણે વધુમાં કહ્યું કે આવી બાબતો છુપાવી શકાતી નથી અને તે સામે આવશે. આ સાથે, ભારતના મિસાઈલ હુમલામાં પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં સ્થિત રહીમ યાર ખાન એરબેઝના રનવેને પણ નુકસાન થયું છે. રહીમ યાર ખાન એરબેઝ રાજસ્થાન સરહદની નજીક છે. એક અહેવાલ મુજબ, જિલ્લા ડેપ્યુટી કમિશનરે જણાવ્યું હતું કે હુમલાને કારણે એક ઊંડો ખાડો સર્જાયો હતો. પાકિસ્તાન સિવિલ એવિએશન ઓથોરિટી (PCAA) એ એક નોટિસ જારી કરીને જણાવ્યું હતું કે આ રનવે એક અઠવાડિયા સુધી બંધ રહેશે. નોટિસ અનુસાર, રનવે પર ‘રિપેર કાર્ય’ ચાલી રહ્યું છે, જેના કારણે તે ૧૦ મેના રોજ સાંજે ૪ વાગ્યાથી ૧૮ મેના રોજ સવારે ૫ વાગ્યા સુધી ફ્લાઈટ્સ માટે બંધ રહેશે.

### નિવૃત્તિની જાહેરાત કરતાં કોહલીએ ભાવુક પોસ્ટ કરી

# પૂર્વ કેપ્ટન વિરાટ કોહલીએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી

### કોહલીએ ૧૨૩ ટેસ્ટ મેચોમાં ૪૬.૮૫ની સરેરાશથી ૯૨૩૦ રન બનાવ્યા છે અને ૩૦ સદી પણ ફટકારી છે

। (એજન્સી) મુંબઈ, તા.૧૨ ।



ભારતીય ક્રિકેટના સ્ટાર ખેલાડી અને ભૂતપૂર્વ કેપ્ટન વિરાટ કોહલીએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરતાં કોહલીએ એક ભાવુક પોસ્ટ કરી છે. ભારતીય ક્રિકેટર વિરાટ કોહલીએ ટેસ્ટ ક્રિકેટમાંથી સંન્યાસ લેવાની જાહેરાત કરી છે. તેમણે સોમવાર, ૧૨ મે ૨૦૨૫ના રોજ સવારે ૧૧:૪૩ વાગ્યે સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા આ નિર્ણયની માહિતી આપી. વિરાટે ટેસ્ટ જર્સીમાં પોતાનો એક ફોટો શેર કરતાં લખ્યું, “બેગી બ્લૂ જર્સી પહેરીને ટેસ્ટ ક્રિકેટમાં પહેલું પગલું મૂક્યાને ૧૪ વર્ષ થઈ ગયા. સાચું કહું તો, મેં ક્યારેય નહોતું વિચાર્યું કે આ ફોર્મેટ મને આવો અનોખો અનુભવ કરાવશે. આ રમતે મારી કસોટી કરી, મને ઘડ્યો અને એવા જીવનપાઠ શીખવ્યા જે હું હંમેશાં સાથે રાખીશ.” કોહલીએ આગળ કહ્યું, “વ્હાઈટ જર્સીમાં રમવું એ એક ખૂબ જ ખાસ અનુભવ છે. ધીરજપૂર્વક કરેલી મહેનત, લાંબા દિવસો, નાની-નાની ક્ષણો જે કોઈ નથી જોતું પણ તે હંમેશાં તમારી સાથે રહે છે. આ ફોર્મેટથી દૂર જવું સરળ નથી, પરંતુ આ નિર્ણય યોગ્ય લાગે છે. મેં અહીં મારું બધું જ આપ્યું, અને આ રમતે મને મારી અપેક્ષાઓથી ઘણું વધારે આપ્યું.” વિરાટે ૧૨૩ ટેસ્ટ મેચોમાં ૪૬.૮૫ની સરેરાશથી ૯૨૩૦ રન બનાવ્યા છે અને ૩૦ સદી પણ ફટકારી છે. વિરાટ કોહલી ભારતનો સૌથી સફળ ટેસ્ટ કેપ્ટન પણ છે. તેઓએ ૬૮ માંથી ૪૦ ટેસ્ટ મેચ જીતી છે. વિરાટ કોહલીએ ૨૦૧૬-૨૦૧૯ દરમિયાન ટેસ્ટ ક્રિકેટમાં શાનદાર પ્રદર્શન કર્યું. તેણે ૪૩ ટેસ્ટ મેચમાં ૬૬.૭૯ની સરેરાશથી ૪૨૦૮ રન બનાવ્યા. તેણે ૬૯ ઈનિંગ્સમાં ૧૬ સદી અને ૧૦ અડધી સદી ફટકારી હતી. આનાથી તે ટેસ્ટ ક્રિકેટનો મહાન ખેલાડી બન્યો. વિરાટ કોહલીએ ૨૦ જૂન, ૨૦૧૧ના રોજ વેસ્ટ ઈન્ડીઝ સામે પોતાની પ્રથમ ટેસ્ટ મેચ રમી હતી. તેમની ડેબ્યૂ ટેસ્ટની પ્રથમ ઈનિંગમાં તેમણે ૪ રન અને બીજી ઈનિંગમાં ૧૫ રન બનાવ્યા હતા. ઓસ્ટ્રેલિયા સામે બોર્ડર-ગાવસ્કર ટ્રોફી ૨૦૨૪-૨૫ની પાંચમી ટેસ્ટ મેચ વિરાટ કોહલીની અંતિમ ટેસ્ટ મેચ હતી. ૩થી ૫ જાન્યુઆરી દરમિયાન રમાયેલી આ મેચની પ્રથમ ઈનિંગમાં તેમણે ૧૭ રન બનાવ્યા હતા.

## છત્તીસગઢના રાયપુરમાં ટ્રક અને ટ્રેલર વચ્ચે ગમખ્વાર અકસ્માત, ૧૩ લોકોના મોત



। (એજન્સી) રાયપુર, તા.૧૨ ।

Chhattisgarh Accident News > છત્તીસગઢની રાજધાની રાયપુરમાં એક ભીષણ અકસ્માત સર્જાયો. રાયપુર-બાલોદાબાજાર માર્ગ પર આવેલા સરાગાંવ નજીક રવિવારે મોડી રાતે એક ટ્રક અને ટ્રેલર વચ્ચે ભીષણ ટક્કર થઈ ગઈ હતી જેમાં ૧૩થી વધુ લોકોએ જીવ ગુમાવ્યાં. આ દુર્ઘટનામાં ૧૨થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા જેમને તાત્કાલિક ધોરણે સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. મૃતકોમાં ૯ મહિલા, ૨ બાળકી અને એક કિશોર તથા એક ૬ મહિનાનો નવજાતનો સમાવેશ થાય છે. ટ્રેલરમાં જતા લોકો નવજાત શિશુના છઠ્ઠીના કાર્યક્રમમાં હાજરી આપીને પાછા ફરી રહ્યા હતા. તમામ મૃતકો છત્તીસગઢના ચટૌદ ગામના વતની પુનીત સાહૂના સંબંધીઓ હતા.

### ઈમોશનલ થઈ જશો

# વિરાટે ટેસ્ટમાંથી સંન્યાસ લીધો તો પત્ની અનુષ્કાની કરી ભાવૂક પોસ્ટ

### લોકો રેકોર્ડ્સ અને માઈલસ્ટોન્સની વાત કરશે, પણ હું એ આંસુઓને યાદ કરીશ, જે તમે ક્યારેય નથી દેખાડ્યા

। (એજન્સી) મુંબઈ, તા.૧૨ ।



વિરાટ કોહલીએ ટેસ્ટ ક્રિકેટમાંથી રિટાયરમેન્ટની જાહેરાત કરી છે. તેમણે જણાવ્યું કે, ૧૪ વર્ષ બાદ તે હવે ટેસ્ટ ક્રિકેટમાંથી સન્યાસ લઈ રહ્યો છે. તેની પત્ની એક્ટ્રેસ અનુષ્કા શર્માએ તેના પર પોતાની પ્રતિક્રિયા આપી છે. વિરાટ, અનુષ્કાને પોતાની સૌથી મોટી સપોર્ટર માને છે. અનુષ્કાએ ક્રિકેટના મેદાનમાં બંનેની એક સાથેવાળી તસવીર શેર કરતા લખ્યું છે કે, “લોકો રેકોર્ડ્સ અને માઈલસ્ટોન્સની વાત કરશે, પણ હું એ આંસુઓને યાદ કરીશ, જે તમે ક્યારેય નથી દેખાડ્યા. એ લડાઈઓને પણ જે કોઈએ નથી જોઈ, અને આ ખેલ પ્રત્યે તમારો અતૂટ પ્રેમ.” અનુષ્કા શર્માએ આગળ લખ્યું કે, “મને ખબર છે કે, આ બધું તમારી પાસેથી કેટલું બધું લઈ ગયું. દરેક ટેસ્ટ સિરીઝ બાદ તમે વધારે સમજદાર, થોડા વધારે વિનમ્ર થઈને પરત ફર્યા, તમને આ સફરમાં ડેવલપ થતાં જોઈ મારા માટે સૌભાગ્યની વાત રહી. મેં હંમેશા વિચાર્યું હતું કે તમે સફેદ કપડાંમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી રિટાયર થશો, પણ તમે હંમેશા તમારા દિલની વાત સાંભળી અને એટલા માટે હું બસ એટલું જ કહેવા માગું છું કે, ‘મારા પ્રેમ, તમે આ વિદાયનો દરેક ભાગ કમાયો છે.’” અભિનેત્રી અનુષ્કા શર્મા સાથે લગ્ન પહેલા, વિરાટ કોહલી તેના અફેરની અફવાઓને કારણે હેડલાઈન્સમાં રહેતો હતો. આ ક્રિકેટરની પ્રેમકથા ઘણા વર્ષો સુધી મીડિયામાં ચર્ચામાં રહી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અનુષ્કા શર્મા ૨૦૧૪ માં વિરાટ કોહલીના જીવનમાં આવી હતી.

## તંત્રી લેખ...

# સરકારે સ્પેસ-બેઝ્ડ સર્વેલન્સ પ્રોગ્રામને ફાસ્ટ ટ્રેક કર્યો


પાકિસ્તાન સાથેના મતભેદ બાદ ભારત હવે કોઈ પણ ચાન્સ લેવા નથી માગતું. આથી ભારતે તેના સ્પેસ-બેઝ્ડ સર્વેલન્સ-૩ પ્રોગ્રામને ફાસ્ટ-ટ્રેક કરી દીધો છે. મિન્ટમાં આવેલા એક રિપોર્ટ અનુસાર ભારત સરકારે આ માટે ત્રણ પ્રાઈવેટ કંપનીઓને પણ પસંદ કરી છે જેઓ ઈસરો સાથે મળીને સેટેલાઈટ્સ તૈયાર કરશે. આ માટે અનંત ટેક્નોલોજીસ, સેન્ટ્રમ ઈલેક્ટ્રોનિક્સ અને આલ્ફા ડિઝાઈન ટેક્નોલોજીસને પસંદ કરવામાં આવી છે. સરકાર દ્વારા અંતરિક્ષમાં ૫૨ સેટેલાઈટ્સને મોકલવામાં આવશે. આ તમામ સેટેલાઈટ્સ દ્વારા પાકિસ્તાન અને ચીન પર નજર રાખવામાં આવશે. બોર્ડર પર તેઓ શું કરી રહ્યાં છે અને તેમના દ્વારા કોઈ મુસિબત ઊભી કરવામાં આવી રહી હોય તો એના પર પહેલેથી નજર રાખી શકાશે. આ સાથે જ કુદરતી હોનારત માટે પણ આ સેટેલાઈટ્સ ખૂબ જ મદદગાર બની શકશે. આ પ્રોજેક્ટ પહેલાં ચાર વર્ષમાં પૂરો કરવાની તૈયારી હતી, પરંતુ હવે એને ૧૨-૧૮ મહિનામાં પૂરો કરવા માટે કહીં દેવામાં આવ્યું છે. આથી ૨૦૨૬ના અંત સુધીમાં તમામ સેટેલાઈટ્સ તૈયાર થઈ જશે. હાલમાં અનંત ટેક્નોલોજીસ દ્વારા એક સેટેલાઈટ તૈયાર કરવામાં આવી રહી છે અને આ વર્ષે લોન્ચ કરવામાં આવશે. ઈસરોના લોન્ચ વ્હીકલ માર્ક-૩ અથવા તો ઈલોન મસ્કના સ્પેસએક્સ સાથે કરવામાં આવી રહેલાં જોઈન્ટ મિશનમાંથી એક દ્વારા આ સેટેલાઈટ્સને અંતરિક્ષમાં મોકલવામાં આવશે. ઓપરેશન સિંદૂર શરૂ કરવામાં આવે એ પહેલાં મિનિસ્ટ્રી ઓફ ડિફેન્સ દ્વારા આ એડ્વાન્સ સેટેલાઈટ્સ માટે ઓર્ડર આપી દેવામાં આવ્યો હતો. કેબિનેટ કમિટી ઓન સિક્યોરિટી દ્વારા આ સ્પેસ-બેઝ્સ સર્વેલન્સ-૩ પ્રોગ્રામને ગયા વર્ષે ઓક્ટોબરમાં અપ્રૂવ કરવામાં આવ્યો હતો. એ માટે ત્રણ બિલિયન અમેરિકન ડોલરનું બજેટ આપવામાં આવ્યું છે. આ પ્રોગ્રામ હેઠળ ૫૨ સર્વેલન્સ સેટેલાઈટ્સ બનાવવામાં આવશે એમાંથી ત્રણ પ્રાઈવેટ કંપનીઓ મળીને ૩૧ સેટેલાઈટ્સ બનાવશે. બાકીની તમામ સેટેલાઈટ્સ ઈસરો દ્વારા બનાવવામાં આવશે.

## ઓપરેશન સિંદૂર માત્ર લશ્કરી કાર્યવાહી નથી પરંતુ ભારતની રાજકીય, સામાજિક અને વ્યૂહાત્મક ઇચ્છાશક્તિનું પ્રતીક છેઃ રક્ષામંત્રી

ઓપરેશન સિંદૂર માત્ર લશ્કરી કાર્યવાહી નહોતી, પરંતુ ભારતની રાજકીય, સામાજિક અને વ્યૂહાત્મક ઈચ્છાશકિતનું પ્રતીક હતું, સંરક્ષણ પ્રધાન શ્રી રાજનાથ સિંહે ઉત્તર પ્રદેશના લખનઉમાં બ્રહ્મોસ ઈન્ટિગ્રેશન એન્ડ ટેસ્ટ ફેસિલિટી સેન્ટરના ઉદ્ઘાટન પ્રસંગે તેમના વર્ચ્યુઅલ સંબોધન દરમિયાન જણાવ્યું હતું. તેમણે આ ઓપરેશનને આતંકવાદ સામે ભારતની દ્રઢ ઈચ્છાશક્તિ અને સશસ્ત્ર દળોની ક્ષમતા અને નિશ્ચયનું પ્રદર્શન ગણાવ્યું જેણે ભારતીય ભૂમિ પર ભારત વિરોધી અને આતંકવાદી સંગઠનોના હાથે પોતાના પ્રિયજનો ગુમાવનારા નિર્દોષ પરિવારોને ન્યાય સુનિશ્ચિત કર્યો. સંરક્ષણ મંત્રીએ ઓપરેશન સિંદૂરને એ વાતનો પુરાવો ગણાવ્યો કે જ્યારે પણ ભારત આતંકવાદ સામે કાર્યવાહી કરે છે, ત્યારે સરહદ પારની જમીન પણ આતંકવાદીઓ અને તેમના આકાઓ માટે સુરક્ષિત નથી. તેમણે કહ્યું, “ઉરી ઘટના પછી સર્જિકલ સ્ટ્રાઈક, પુલવામા હુમલા પછી હવાઈ હુમલો અને હવે પહેલગામ હુમલા પછી અનેક હુમલાઓ દ્વારા દુનિયાએ જોયું છે કે જો ભારત તેની ધરતી પર આતંકવાદી હુમલો કરે તો શું કરી શકે છે. આતંકવાદ સામે શૂન્ય સહિષ્ણુતાની નીતિને અનુસરીને, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સ્પષ્ટ કર્યું છે કે આ નવું ભારત સરહદની બંને બાજુ આતંકવાદ સામે અસરકારક કાર્યવાહી કરશે.” શ્રી રાજનાથ સિંહે કહ્યું કે આ ઓપરેશન પાકિસ્તાન અને પીઓકેમાં આતંકવાદી માળખાને નષ્ટ કરવા માટે શરૂ કરવામાં આવ્યું હતું અને નિર્દોષ નાગરિકોને નિશાન બનાવવામાં આવ્યા ન હતા. જોકે, પાકિસ્તાને ભારતમાં નાગરિક વિસ્તારોને નિશાન બનાવ્યા અને મંદિરો, ગુરુદ્વારા અને ચર્ચો પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો. તેમણે કહ્યું, “આપણા સશસ્ત્ર દળોએ બહાદુરી અને સંયમ દર્શાવ્યો અને અનેક પાકિસ્તાની લશ્કરી સ્થાપનો પર હુમલો કરીને યોગ્ય જવાબ આપ્યો. અમે માત્ર સરહદ નજીક લશ્કરી સ્થાપનો પર કાર્યવાહી કરી નહીં, પરંતુ આપણા સશસ્ત્ર દળોનો ગુસ્સો રાવલપિંડી સુધી પણ પહોંચ્યો, જ્યાં પાકિસ્તાની લશ્કરી મુખ્યાલય આવેલું છે.” બ્રહ્મોસ ઈન્ટિગ્રેશન અને ટેસ્ટ ફેસિલિટી સેન્ટર વિશે વાત કરતાં સંરક્ષણ મંત્રીએ કહ્યું કે તે સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા તરફના ભારતના પ્રયાસોને મજબૂત બનાવશે અને નોંધપાત્ર પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીનું સર્જન કરીને પ્રદેશના સામાજિક-આર્થિક વિકાસમાં ફાળો આપશે. તેમણે રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસના ઉદ્ઘાટનને એક ઐતિહાસિક ક્ષણ ગણાવી, જે ભારતની વધતી જતી નવીન ઊર્જાને પ્રતિબિંબિત કરે છે અને મહત્વપૂર્ણ, ઉચ્ચ-સ્તરીય અને અગ્રિમ ટેકનોલોજીમાં ઝડપી વૈશ્વિક પરિવર્તન સાથે સુસંગત છે. રાજનાથ સિંહે બ્રહ્મોસને માત્ર વિશ્વની સૌથી ઝડપી સુપરસોનિક ક્રુઝ મિસાઈલોમાંની એક ગણાવી નહીં, પરંતુ તે ભારતીય સશસ્ત્ર દળોની તાકાત, દુશ્મનો સામે પ્રતિકારનો સંદેશ અને તેની સરહદોની સુરક્ષા માટે રાષ્ટ્રની અતૂટ પ્રતિબદ્ધતાનો સંદેશ પણ છે. તેમણે કહ્યું કે બ્રહ્મોસ ભારત અને રશિયાની ટોચની સંરક્ષણ તકનીકોનો સંગમ છે. ભારતના મિસાઈલ મેન અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એપીજે અબ્દુલ કલામને ટાંકીને, તેમણે કહ્યું હતું કે ‘જ્યાં સુધી ભારત દુનિયા સામે ઊભું નહીં થાય, ત્યાં સુધી કોઈ આપણું સન્માન નહીં કરે.’ સંરક્ષણ મંત્રીએ જણાવ્યું હતું કે, “આ દુનિયામાં ડર માટે કોઈ સ્થાન નથી, ફક્ત તાકાત જ તાકાતનું સન્માન કરે છે.”તેમણે ઉમેર્યું હતું કે ભારત આજે સૌથી શક્તિશાળી દેશોમાંનો એક છે અને આ કેન્દ્ર ભારતની શક્તિને વધુ મજબૂત બનાવવામાં મદદ કરશે. આ સુવિધાને ઉત્તર પ્રદેશ ડિફેન્સ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર (UPDIC) માટે ગર્વની વાત ગણાવતા શ્રી રાજનાથ સિંહે જણાવ્યું હતું કે તેણે પહેલાથી જ લગભગ ૫૦૦ પ્રત્યક્ષ અને ૧,૦૦૦ પરોક્ષ રોજગારીનું સર્જન કર્યું છે, જે રાજ્યના સંરક્ષણ ઉત્પાદન કેન્દ્ર તરીકે વધતા કદને પ્રતિબિંબિત કરે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકારનું કોરિડોર સ્થાપિત કરવાનું વિઝન રાજ્યને વિશ્વમાં ટોચના સંરક્ષણ ઉત્પાદન અને નિકાસ સ્થળ તરીકે વિકસાવવાના ધ્યેય પર આધારિત છે.

### નરસિંહનાં જીવનનાં એક મહત્વનો પ્રસંગ જે આજે પણ ખૂબ પ્રસિદ્ધ છે, એ છે એમનાં પિતાનાં શ્રાદ્ધનો પ્રસંગ

# નરસિંહ જન્મ જયંતી! અધ્યાત્મની ઉંચાઈ લઈ જતાં શબ્દ બ્રહ્મનાં સર્જકને કોટી કોટી વંદન



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**સચરાચર સૃષ્ટિમાં પરમ ચૈતન્ય ચિદ વિલાસ કરી રહ્યું છે, તેનો સાક્ષાત્કાર તેમને થયેલો હશે, અને એટલે જ એ શબ્દાનુભૂતિની પ્રતીતિ રૂપે, એમણે અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિની રચના કરી, સ્પષ્ટપણે લખ્યું પવન તું, પાણી તું, ભૂમિ તું, ભૂધરા, વૃક્ષમાં ફાલી રહ્યો એ આકાશે, આ ઉપરાંત બ્રહ્મ લટકા કરે બ્રહ્મ પાસે, જાગીને જોઉં તો જગત દીસે નહીં.**

વૈશાખ સુદ ચૌદસ એટલે કે વિષ્ણુના ચોથા અવતાર એવા નૃસિંહ અવતારની જયંતિ હતી, પણ આપણે દેશની સુરક્ષા કરતાં સાધનો પર લખ્યું! કારણકે એ સાધનોએ નૃસિંહ બની આપણી રક્ષા કરી. શાસ્ત્રો અનુસાર વિષ્ણુનાં ૨૪ અવતારની વાત માનવામાં આવી છે, નૃસિંહ અવતારે પોતાનાં ભક્તને મદદ કરવા માટે અવતાર લીધો હોય એવું આ કથાનક છે. ગઈકાલે વૈશાખ સુદ પૂનમ બુદ્ધ પૂર્ણિમા હતી અને સાથે સાથે નરસિંહ મહેતા જયંતિ પણ હતી, બુદ્ધ વિશે તો આપણે વાત કરી પણ મને અત્યંત પ્રિય એવા નરસિંહના ઉજળા ચરિત્ર વિશે લખવાનું કેમ છોડી શકું! આમ તો આપડે ટૂંકા પડીએ! જેની સ્વયં શ્રીકૃષ્ણે શેઠ શામળશા બની સેવકાઈ સ્વીકારી હોય, એને વિશે આપણે શું કહી શકીએ? પણ થોડા શબ્દ પુષ્પ એની માટે વાપરીને શબ્દ શુદ્ધિ અને ભાવ શુદ્ધિ કરી શકીએ તોય ઘણું. આમ તો નરસિંહે પોતાની ભક્તિની પરાકાષ્ઠા એ જે શબ્દ બ્રહ્મની રચના કરી, માત્ર એ શબ્દને પકડીએ તો પણ હરિ સુધી પહોંચી જવાય, એટલી સરળ અને સચોટને સહજ શબ્દ વાણી. મારાં મતે નરસિંહ એટલે, નર રુપે આવેલો એક એવો સિંહ કે જેણે સમય રુપી કાળને કોળિયો બનાવ્યો! અને કળિયુગમાં જન્મ થયો છતાં દ્વાપરમાં જેની આવનજાવન રહી! નરસિંહનો જન્મ તળાજામાં થયો હતો પરંતુ તેની કર્મ ભૂમિ તરીકે જુનાગઢ છે, અને એમાં તે સૌથી વધુ રોકાયા હતા. આમ તો ઈતિહાસમાં નરસિંહના પરિવારનો બહુ ટૂંકો ઉલ્લેખ જોવા મળે છે. કૃષ્ણ પ્રસાદ અને દયા કુંવરના પુત્ર તરીકે નરસિંહનો જન્મ તળાજામાં થયો હતો. તેઓ પાંચ વર્ષની ઉંમરના હતાં, ત્યારે જ તેના પિતા વીરગતિને પામ્યાં,અને ત્યારબાદ તેમની માતાનું પણ અવસાન થયું. એટલે તેના દાદી જયાગૌરી એ તેને ઉછેર્યા હતાં, અને છ વર્ષ સુધી તેઓ કંઈ બોલ્યા પણ નહોતાં. એક સિદ્ધ સંત તેના કાનમાં રાધે ગોવિંદ બોલ્યા અને એમને કૃષ્ણ ભક્તિ આપી, ત્યાર પછી એ બોલવા લાગ્યા. એમને એક મોટા ભાઈ ભાભી હતાં જે જૂનાગઢમાં રહેતા, જેમનું નામ વંશીધર હતું, અને એને ત્યાં એ રહેતા હતા. માણેકબાઈ નામની સંસ્કારી અને સુશીલ કન્યા સાથે તેમના લગ્ન થયાં અને ત્યારબાદ શામળશા અને કુંવરબાઈ નામે બે સંતાનો થયા. પરંતુ આપણે સૌ જાણીએ છીએ તેમ નરસિંહ મહેતાએ આર્થિક ઉપાર્જન માટે કોઈ કાર્ય કર્યું નહોતું, તેમજ કર્મકાંડ પણ સ્વીકાર્યું નહોતું, એટલે તેના મોટા ભાઈએ તેમને બહુજ સતાવ્યા, છતાં તેમણે તેની સાથે ઝઘડો કર્યો નથી. માણેકબાઈ એ ક્યારેય કંઈ કહ્યું હોય તો પણ, મોટા છે તેને કહેવાનો અધિકાર છે, એવી વાત કરી વાતને વાળી લીધી હતી. એટલે કે પરિવારજનોમાં તે પરમાત્માના દર્શન કરતાં હતાં, અને એ રીતે તે જીંદગીભર જીવ્યા. જે મોટાભાઈએ તેનું અપમાન કરી કાઢી મુક્યા હતાં, ઈશ્વરે દર્શન દીધા ત્યારે ભગવાન કૃષ્ણને તેણે થોભી જવા કહ્યું હતું, અને કહ્યું હતું કે હું મારા ભાઈને બોલાવી લાઉં, આવી વાતનો ઉલ્લેખ પણ ઈતિહાસમાં મળે છે. આ ઉપરાંત કુંવરબાઈના મામેરા અને શામળશાના વિવાહના પ્રસંગો પરથી પણ જાણી શકાય, કે તેમણે પરિવારમાં કે કુટુંબમાં પરસ્પર દેવો ભવની પ્રીત નિભાવી છે. રીતરિવાજ અને પરંપરાની એ સમયે પરાકાષ્ઠા હતી, અને પહેરામણીનો એક કુરિવાજ પણ હતો, જેને કારણે જે પહોંચી શકે નહીં તેને સતાવવામા આવતા. નાગરોમાં નરસિંહના જીવન પરથી શીખ લઈને આજે તો હવે કંકુ વેરે કન્યા પરણે છે. એટલે કે લેતીદેતીનાં કોઈ સંબંધોને નાગર જ્ઞાતિમાં મહત્વ આપવામાં આવતું નથી, પણ હવે સુધરેલા સમાજમાં પાછાં હોંશ ને નામે વ્યવહાર શરૂ થયાં છે જે દેખાદેખી કરાવે એવું દૂષણ છે. નરસિંહનું મન તો રાધે ગોવિંદ એટલે કે કૃષ્ણ ચરિત્રમાં લાગી ગયું હતું, અને આ સંસાર તો તે આમજ નિભાવતા હતાં, અને તે ઈચ્છતા હતાં કે સમાજનો એક એક વ્યક્તિ સંસારમાં રહીને પણ પરમ તત્વને પામે, અને એનાં માટે થઈને તેણે વેદ વેદાંતને પોતાના પદમા ઉતાર્યા, એક એકથી ચડિયાતી રચનાઓ, શબ્દ બ્રહ્મની ઉપાસના કે કૃષ્ણની ઉપાસના દ્વારા પ્રાપ્ત થઈ. આમ ખૂબ જ ઉત્તમ કહી શકાય એવી રચનાઓ તેમના નામે છે. સમાજ પણ બહુ વિચિત્ર માનસિકતા ધરાવતો હોય છે, જે તે વ્યક્તિ જીવીત હોય ત્યારે તેની નિંદા કરે, અને આજે નરસિંહ પર પીએચડી કરનારા પણ કેટલાય છે, અને કરી ચૂકેલા પણ છે. તેણે ક્યારેય નાત-જાતનાં ભેદને મહત્વ આપ્યું નથી, અને એ સમયમાં પણ તે જ્ઞાતિજનો અને ઉચ્ચ વર્ણના લોકોનો વિરોધ હોવા છતાં હરિજનવાસમાં જતાં, અને ત્યાં ભજન સંભળાવતાં. આ ઉપરાંત સમાજનું હિત જેમાં સમાયેલું હતું, એવું કાર્ય એટલે કે વર્ણભેદ નીતિનું ઉલંઘન તેણે કર્યું. આટલી સદીઓ પહેલા કે જ્યારે વર્ણભેદને ખૂબ જ મહત્વ આપવામાં આવતું, ત્યારે તેણે સૌને સરખા સમજી એનામાં ઈશ્વરનાં દર્શન કર્યા. સચરાચર સૃષ્ટિમાં પરમ ચૈતન્ય ચિદ વિલાસ કરી રહ્યું છે, તેનો સાક્ષાત્કાર તેમને થયેલો હશે, અને એટલે જ એ શબ્દાનુભૂતિની પ્રતીતિ રૂપે, એમણે અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિની રચના કરી, અને સ્પષ્ટપણે લખ્યું પવન તું, પાણી તું, ભૂમિ તું, ભૂધરા, વૃક્ષમાં ફાલી રહ્યો એ આકાશે. આ ઉપરાંત બ્રહ્મ લટકા કરે બ્રહ્મ પાસે, જાગીને જોઉં તો જગત દીસે નહીં, ઊંઘમાં અટપટા ખેલ ભાસે, પ્રેમરસ પાને મોરના પિચ્છધર તત્વનું ટૂંપણું તુચ્છ લાગે, એવા અદભૂત પ્રાકૃતિક રીતે પરસ્પર દેવો ભવને સિદ્ધ કરનારી રચનાઓ લખી, અને આવું લખવું એ નરસિંહના જીવનમાં માત્ર કોઈ કલ્પના નહોતી! એણે એ રીતે પરમાત્માને અનુભવ્યો હતો. જે તે સમયના વર્તમાન સમયમાં પણ જો એ ભૂતકાળમાં જઈને કૃષ્ણ ચરિત્ર સાથે રાસલીલા કરતા હોય, અને એના શૃંગાર રસના પદ રચી કૃષ્ણ સાથે રસ ક્રિડા કરી શકતા હોય, તો એ સમયનાં વર્તમાનમાં તે સૌમાં પરમાત્મ તત્વનાં દર્શન કરે, એ કોઈ ચમત્કારની વાત નથી લાગતી. નરસિંહનાં જીવનનાં એક મહત્વનો પ્રસંગ જે આજે પણ ખૂબ પ્રસિદ્ધ છે, એ છે એમનાં પિતાનાં શ્રાદ્ધનો પ્રસંગ. ભગવાન શ્રી કૃષ્ણએ અદભૂત એશ્વર્ય બતાવી ભક્તનું એ કાર્ય સંપન્ન કર્યું. ઈશ્વરે ભક્તના પદ ને આટલી મોટાઈ આપી, છતાં સમાજે એને સતાવવાનુ છોડ્યું નહીં! ત્યારે નરસિંહનાં જ એક પદ નાગદમનની એક પંક્તિનો આશ્રય કરી આપણે એની માફી માંગીએ તો કદાચ ભૂતકાળની એ ભૂલનો પશ્ચાતાપ થઈ શકે! અમે અપરાધી કાંઈ ન સમજ્યાં, ન ઓળખ્યા ભગવંતને! આમ અસ્તિત્વની એક વ્યવસ્થા રુપે આવેલાં અને યુગોયુગો સુધી સમાજને જગાડવા માટે પર્યાપ્ત એવાં પદ આપનાર નરસિંહ એટલે નરસિંહ! બસ.. નાગરોનું નામ જગવિખ્યાત કરનારા નરસિંહ મહેતા પોતાના જીવનકાળ દરમિયાન સૌમાં પરમાત્મા વસે છે, અને સમાજમાં વસતાં સૌને જીવન જીવવાનો સમાન અધિકાર મળવો જોઈએ એવું માનનારા હતાં. એટલે એમ કહી શકાય કે ગાંધીજી પહેલા નરસિંહ મહેતા એ રામરાજ્ય સ્થાપાય એનું સ્વપ્ન જોયું હતું, અને સાથે સાથે પહેલ પણ કરી હતી. ગુજરાતી ભાષાના પ્રથમ કવિ હતાં, એટલે જ તેને આદિકવિની ઉપલબ્ધિ પણ મળી છે. તેમનું વૈષ્ણવજન નામનું પદ ગાંધીજીને ખૂબ પ્રિય હતું, અને તેમણે તેનો નિત્ય પ્રાર્થનામાં સમાવેશ કર્યો હતો, એ કારણે જ વૈશ્નવ જન તો તેને રે કહીએ,એ વિશ્વ વિખ્યાત બન્યું હતું. નાગરોની પહેલા અન્ય કોઈ મૂર્તિ પૂજા હતી નહીં, તેઓની વૈદિક પૂજા જ હતી, એટલે કે શાસ્ત્રાર્થ કરવો,અને એ ગહન શાસ્ત્રને સરળ બનાવીને એ શાસ્ત્રને લોકોપયોગી બનાવવા આ કામ નરસિંહ એ કર્યું. તો આજે આપણે નરસિંહ જયંતિ નિમિત્તે ભગવાન હાટકેશ્વર દાદા પાસે સંકલ્પ કરીએ કે, આપણે આપણા વૈદિક સંસ્કારો મુજબ જીવીશું, અને સમાજને ઉપયોગી થાય એવા કર્મ કરીશું. આ ઉપરાંત નરસિંહ મહેતા જેમ સૌમાં પરમાત્મા તત્વ રહેલું છે, એ સત્ય સ્વીકારી સૌ સાથે સૌમ્ય ને મિતભાષી વ્યવહાર કરીને, એને અપનાવીએ.જય હાટકેશ.

### સદગુરુ મળ્યા પછી માનવીનું પવિત્ર જીવન શરૂ થાય છે, સદ ગુરુ સદ્દિશષ્યનું હંમેશાં સર્વ પ્રકારે રક્ષણ કરે છે

# જેની પ્રત્યેક ક્રિયા જ્ઞાનમય હોય તે ઉત્તમ ગુરુ, વૈરાગ્ય આવશે એટલે પાપ છૂટશે, બાકી પાપના સંસ્કારો જલદી છૂટતા નથી



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**ગુરુદેવ બ્રહ્માસમ છે, તેઓ નવો જન્મ આપે છે, એટલે કે તે મનને અને સ્વભાવને સુધારે છે, ગુરુદેવ વિષ્ણુસમ છે કારણ કે ગુરુદેવ શિષ્યનું રક્ષણ કરે છે, ગુરુદેવ શિષ્યને મોક્ષ પણ આપે છે, તેથી શિવજીનું પણ સ્વરૂપ છે, ગુરુ વગર રહેશો નહીં, તમે લાયક થશો તો ભગવત્ કૃપાથી સદગુરુ મળી રહેશે, તુકારામજી મહારાજે પોતાનો અનુભવ વર્ણવ્યો છે.**

ગઈકાલે આપણે બુદ્ધ પૂર્ણિમાની ઉજવણી કરી પાકિસ્તાને ભલે સીઝફાયરનું ઉલ્લંઘન કર્યું હોય ભારતીય સેનાની ત્રણેય પાંખની સંયમતાને જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે. ક્રોધ જરૂર આવે પણ અમુક સમયે સંયમ રાખવો જોઈએ તે ભારતીય સેનાએ વિશ્વના દેશોને બતાવ્યું રાજકારણીઓ ગમે તે કરે એ તરફ આવા સમયે ધ્યાન આપવાની જરૂર નથી. આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો માતાપિતા જે જન્મ આપે છે તે સાધારણ જન્મ છે, પણ સદગુરુ જે આધ્યાત્મિક જન્મ આપે તે જ સાચો જન્મ છે. સદગુરુ મળ્યા પછી માનવીનું પવિત્ર જીવન શરૂ થાય છે. સદ ગુરુ સદ્દિશષ્યનું હંમેશાં સર્વ પ્રકારે રક્ષણ કરે છે. પિતાપુત્રના સંબંધમાં સ્વાર્થ રહેલો છે. જ્યારે ગુરુશિષ્યના સંબંધ નિઃસ્વાર્થ છે. ગુરુને શિષ્યમાં જો કંઈ સ્વાર્થ હોય તો એ સાચો ગુરુ નથી. એક સદગુરુ પોતાના શિષ્યની સાથે જંગલમાં એક વૃક્ષ નીચે રહેલો છે. શિષ્ય ઊંધી ગયા છે. ગુરુ ધ્યાનમાં બેઠા છે એવામાં એક સર્પ ત્યાં આવે છે, ને કહે છે કે, હું તમારા શિષ્યને કરડવા આવ્યો છું ત્યારે ગુરુ કહે છે કે, ભાઈ, શિષ્ય હજી સાધક છે. એને પરમાત્માનાં દર્શન થવાના બાકી છે એને એ સ્થિતિમાં એનું મૃત્યુ થશે તો એની દુર્ગતિ થશે,માટે તું શિષ્યને નહીં, મને કરડ તારા ડંખથી મારું મૃત્યુ મંગલમય બની જશે. પુત્રને સર્પ ડંખવા આવ્યો ત્યારે કોઈ પિતા આમ કહી શકશે? પિતા પુત્રના સંબંધમાં સ્વાર્થ રહેલો છે, જ્યારે ગુરુશિષ્યનો સંબંધ નિઃસ્વાર્થ હોય છે. પાંચ પ્રકારની શુદ્ધતા પરીક્ષિતમાં છે. માતૃ શુદ્ધિ, પિતૃ શુદ્ધિ, દ્રવ્ય શુદ્ધિ, અન્ન શુદ્ધિ અને આત્મ શુદ્ધિ. આવા સશિષ્યને ગુરુકૃપા અને ઈશ્વરદાન થાય છે. સદગુરુતત્ત્વ અને ઈશ્વરતત્ત્વ એક છે. ઈશ્વર જે વ્યાપક છે તેમ ગુરુ પણ વ્યાપક છે. જેનો અભાવ કોઈ ઠેકાણે નથીતે વ્યાપકને શોધવાની જરૂર પડતી નથી, પણ વ્યાપકને ઓળખવાની જરૂર છે. સંત થયા વગર સંતને ઓળખી શકાતા નથી. જે સંત થાય તેને સંત મળે. સંત થવા માટે વ્યવહાર ને અતિશુદ્ધ બનાવજો. મૂઠીચણા ની જરૂર છે ત્યાં સુધી વ્યવહાર છૂટતો નથી. પ્રત્યેક વ્યવહારને ભક્તિમય બનાવે એ ખરો વૈષ્ણવ. સંત થવા માટે મનને બદલવાની જરૂર છે, જે પોતાના સહૃદયનું પરિવર્તન કરે છે, તે સંત બને છે. મન શુદ્ધ બને તો સંત મળે છે. સંતને જ સંત મળે છે. વિલાસીને સંત મળતો નથી. ગુરુદેવ બ્રહ્માસમ છે. તેઓ નવો જન્મ આપે છે. એટલે કે તે મનને અને સ્વભાવને સુધારે છે. ગુરુદેવ વિષ્ણુસમ છે કારણ કે ગુરુદેવ શિષ્યનું રક્ષણ કરે છે. ગુરુદેવ શિષ્યને મોક્ષ પણ આપે છે. તેથી શિવજીનું પણ સ્વરૂપ છે. ગુરુ વગર રહેશો નહીં. તમે લાયક થશો તો ભગવત્ કૃપાથી સદગુરુ મળી રહેશે. તુકારામજી મહારાજે પોતાનો અનુભવ વર્ણવ્યો છે. કથા વાર્તા સાંભળતા પ્રભુના નામમાં મારી પ્રીતિ થઈ.વિઠ્ઠલનો વિઠ્ઠલ હું સતત જપ કરવા લાગ્યો. ભગવાનને મારા ઉપર દયા આવી. હું ગંગાજીમાં સ્નાન કરીને આવતો હતો. રસ્તામાં ગુરુદેવ મળ્યા અને કહે વિઠ્ઠલ નાથની પ્રેરણાથી હું તને ઉપદેશ આપવા આવ્યો છું. ગુરુદેવે કૃપા કરી અને મંત્ર આપ્યો રામકૃષ્ણ હરિ.ગુરુ દક્ષિણામાં ગુરુદેવે પાશેર તુપ એટલે ઘી માગ્યું. શું તુકારામના ગુરુને પાશેર ઘી નહીં મળતું હોય? પણ તુકારામનીવાણી ગૂઢાર્થ ભરેલી છે, તુપ એટલે તારું તું પણું અને હું પણું તું મને આપ. આજથી તું ભૂલી જા કે, તું પુરુષ છે. તું તારું પુરુષત્ત્વ ભૂલી જા. મારા ગુરુદેવે હું પણું અને તું પણું માગી લીધાં. મને આજ્ઞા કરીકે તારું અભિમાન મને આપ.આજ થી હું પણું રાખીશ નહીં.તું પુરુષ નથી. તું સ્ત્રી નથી. કોઈનો પુત્ર નથી. બધાના દેહના ભાવ તું મને અર્પણ કર. તું શુદ્ધ છે, તું બ્રહ્મ છે, તું ઈશ્વરનો અંશ છે. આમ જીવનો ઈશ્વર સાથે સંબંધ ગુરુદેવે સિદ્ધ કરી આપ્યો. જેની પ્રત્યેક ક્રિયા જ્ઞાનમય હોય તે ઉત્તમ ગુરુ. ભક્તોની પ્રત્યેક ક્રિયા જ્ઞાન અને બોધરૂપ હોય છે. સંતોનું બધું અલૌક્કિ હોય છે. શુકદેવજી એકલા બ્રહ્મજ્ઞાની ન હતા પરંતુ તેમની દૃષ્ટિ પણ બ્રહ્મદૃષ્ટિ હતી. શુકદેવજી પ્રત્યેકને સમભાવથી જુએ છે. જે દૃષ્ટિ બ્રહ્મમય છે, તેને પછી જગતનો ભાસ થતો નથી. શુકદેવજી ગુરુ નહીં પણ સદ્ગુરુ છે. બ્રહ્મજ્ઞાનની શુષ્ક વાતો કરનાર સુલભ છે પણ શુકદેવજી જેવા બ્રહ્મદૃષ્ટિ રાખનારા સુલભ નથી. શુકદેવજી જેવા ગુરુ મળે તો સાત દિવસમાં તો શું પણ સાતમિનિટમાં મુક્તિ અપાવે.પણ શિષ્ય પરીક્ષિત જેવો અધિકારી હોવો જોઈએ. મંત્રદીક્ષા અધર્મ છે, સ્પર્શ દીક્ષા ઉત્તમ છે. બ્રહ્મભાવમાં તલ્લીન થઈ શુકદેવ પરીક્ષિતના માથા ઉપર વરદ્ હસ્ત પધરાવ્યો, ત્યાં તેમને બ્રહ્મનાં દર્શન થયાં. ત્રણ પ્રકારના શ્રોતાવક્તામાં વ્યાસજીને બીજો નંબર આપ્યો છે કારણ વ્યાસજી સમાજ સુધારેએ વૃત્તિ થી કથા કરતા. શુકદેવજી બીજાને સુધારવાની ભાવનાથી કથા કરતા નથી. ફક્ત પોતાના અંતઃકરણના સુખ માટે કથા કરે છે. શુકદેવજીએ કથાનો આરંભ કર્યો પણ મંગલાચરણ કરતા નથી. કારણ દેહભાન બિલકુલ ન હતું. ત્રણ અધ્યાય પછી શુકદેવજીએ મંગલાચરણ કર્યું છે. ભાગવતમાં ત્રણ મંગલાચરણ છે. પ્રથમ વ્યાસ જીનું. બીજું શુકદેવજીનું, અંતમાં સૂતજીનું.જુવાનીમાં મંગલાચરણ, મંગલ આચરણની બહુ જ જરૂર છે. એટલે શુકદેવજીનું મંગલાચરણ બારશ્લોકનું અને બાકીનાં મંગલા ચરણ એક એક શ્લોકનાં છે. સંસારના કોઈપણ વિષયમાં મન જાય એ વૈરાગ્ય. સંસારના વિષયો દેખાય તેમ છતાં જેનું મન તેમાં જતું નથી તેનું વૈરાગ્ય સિદ્ધ થયું. વૈરાગ્ય વગર દઢતા આવતી નથી. વૈરાગ્યથી જ્ઞાન દીપે છે. વૈરાગ્ય ભક્તિ શોભે છે. જ્ઞાન, ભક્તિ વૈરાગ્ય પરિપૂર્ણ થાય તો મનુષ્ય બ્રહ્મમય થાય છે. શુકદેવજીમાં સોળઆની જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય હતાં. જ્ઞાનીનું હૃદય શ્રીકૃષ્ણપ્રેમમાં ન પીગળે તો જ્ઞાન શા કામનું? રાજા પરીક્ષિત શુકદેવજીને પૂછે છે, જેનું મરણ પાસે આવ્યું હોય તેનું કર્તવ્ય શું? તે શું કરે, શું ન કરે? મનુષ્યમાત્રનું કર્તવ્ય શું? શુકદેવજી બોલ્યાઃ રાજન્, તેં પ્રશ્ન સુંદર કર્યો છે. શ્રવણ કરો!તું મૃત્યુ ની બીક ધરીને તેની તૈયારીમાં પડયો તે સારું કર્યું. મૃત્યુની બીક રાખો. એનું સ્મરણ રાખો. વિચાર કરો કે મૃત્યુને ભેટવાની તૈયારી કરી છેકે નહીં? આ પ્રમાણે ચિંતન કરવાથી વૈરાગ્ય આવે છે.

**જન્મ મૃત્યુ જરા વ્યાધિદુઃ ખદેષાનુદર્શનમ્ ।**

જન્મ, મૃત્યુ, જરા વ્યાધિનાં દુઃખો નો વારંવાર વિચાર કરો,તો વૈરાગ્ય આવશે અને પાપ છૂટશે, બાકી પાપના સંસ્કારો જલદી છૂટતા નથી. વિચાર વિના વિવેક-વૈરાગ્ય નથી આવતાં. કાળને માથે રાખી હંમેશા ઈશ્વરનું ચિંતન કરવું. કાળને યાદ રાખો તો પાપવૃત્તિ ઉદભવશે નહીં. ભજન માટે અનુકૂળ સમયની રાહ જુઓ નહીં. કોઈપણ ક્ષણ ભજન માટે અનુકૂળ છે. બધી અડચણો દૂર થયા પછી હું ભજન કરીશ એમ માનવું તે અજ્ઞાન છે. એક મનુષ્ય સમુદ્રમાં સ્નાન કરવા સમુદ્રકિનારે ગયો.પણ સ્નાન કરવાને બદલે તે ત્યાં બેસી જ રહ્યો. લોકોએ તેને પૂછ્યું, અલ્યા, સ્નાન કરને! કેમ શાંત બેસી રહ્યો છે? તે પુરુષે કહ્યું,જોતા નથી. સમુદ્રમાં ઉપરાઉપરી કેવાં તરંગો આવે છે! સમુદ્રમાં આ તરંગો બંધ થાય એટલે સ્નાન કરીશ. સમુદ્રમાં મોજાં બંધ થવાનાં હતાં? મોજાં બંધ થાય નહીં ને સ્નાન પૂરું થાય નહીં. તે પ્રમાણે સંસાર સમુદ્ર છે. તેમાં અડચણરૂપી તરંગો તો આવવાનાં જ, એટલે કોઈ કહે અનુકૂળતા આવશે, ત્યારે ઈશ્વરનું ભજન કરીશ તો એવી સર્વાંગી અનુકૂળતા કદી આવતી જ નથી. જેમ પેલો પુરુષ સ્નાન કર્યા વગર રહી ગયો, તેમ તેવો મનુષ્ય ઈશ્વર ભજન કર્યા વગર રહી જાય છે. જીવનમાં ભલે અડચણો આવે, પણ લક્ષ્ય ભૂલશો નહીં. લોભી પૈસાનું લક્ષ્ય રાખે,તેમ મહાપુરુષો પરમેશ્વરનું લક્ષ્ય રાખે છે. ભગવાને પણ ગીતામાં કહ્યું છે કે, અંતકાળે જે મારું સ્મરણ કરતાં દેહનો ત્યાગ કરે છે, તે મને પામે છે. અંતકાળ એટલે જીવનનો અંતકાળ નહીં.પરંતુ ક્ષણનો અંતકાળ એટલે દરેક ક્ષણે ઈશ્વરનું ચિંતન, ધ્યાનસ્મરણ કરવું જોઈએ જીવન ક્ષણનું જ બનેલું છે.ગમેતે ક્ષણે તેનો અંત છે. તે અંતકાળ માટે પ્રતિક્ષણને સુધારશો તો જ મરણ સુધરશે.લોકો માને છેકે આખી જિંદગી કામધંધો કરીશું, કાળાં ધોળાં કરીશું અને અંતકાળે ભગવાનનું નામ લઈ લઈશું અને તરી જઈશું. આ વિચાર ખોટો છે.એટલે તો સ્પષ્ટતા કરેલી છે કે,હંમેશાં જે ભાવનું ચિંતન કરશો તેનું જ અંત કાળે સ્મરણ થશે એટલે તે ભગવાને આજ્ઞા કરી છે કે નિરંતર મારું જ સ્મરણ કર.

# ‘ભુલ ચૂક માફ’ મુદ્દે પીવીઆર આઈનોક્સ અને મેડોકની કાનુની લડત શરૂ



ફિલ્મની દેશભરમાં લગભગ ૫૦૦૦ ટિકિટ વેંચાઈ ગઈ હતી

દિનેશ વિજાનના પ્રોડક્શન હાઉસની ‘સ્ત્રી ૨’ હોય, ‘છાવા’ કે પછી ‘મુંજ્યા’ બધી ફિલ્મ એક પછી એક સફળ રહી છે, તેથી થિએટર માલિકો અને ડિસ્ટ્રીબ્યુટર્સ માટે દિનેશ વિજાન એક ગમતા પ્રોડ્યુસર છે. પરંતુ બુધવારે તેમણે એક એવો નિર્ણય લીધો કે ફિલ્મ ડિસ્ટ્રીબ્યુટર્સ નિઃરાશ થઈ ગયા છે. તેમના પ્રોડક્શન હાઉસ તરફથી એવી જાહેરાત કરવામાં આવી હતી કે તેમની ‘ભૂલ ચુક માફ’ હવે થિએટરના બદલે સીધી ઓટીટી પર રિલીઝ થશે. આ ફિલ્મ ૯ મેએ થિએટરમાં રિલીઝ થવાની હતી. તેના બદલે હવે એક અઠવાડિયા પછી એટલે કે ૧૬ મેના રોજ એમેઝોન પ્રાઈમ વીડિયો પર સીધી રિલીઝ થશે. આવું ભાગ્યે જ બને છે કે કોઈ પ્રોડક્શન હાઉસ થિએટપર રિલીઝની જાહેરાત કરીને પછી અણીના સમયે તેને ઓટીટી પર રિલીઝ કરવાનો નિર્ણય લે છે. જ્યારે થિએટર આગળથી ફિલ્મના પોસ્ટર અને હોર્ડિંગ મુકીને ફિલ્મનું પ્રમોશન પણ કરે છે અને એડવાન્સ બૂકીંગ પણ શરૂ થઈ ચૂક્યા હોય છે.ત્યારે હવે પીવીઆરે મેડોક પાસેથી ૬૦ કરોડની માગણી સાથે કાનુની લડાઈ શરૂ કરી છે.મેડોકપ્રોડક્શન હાઉસ દ્વારા અપાયેલાં નિવેદનમાં જણાવાયું છે, ‘‘હાલની પરિસ્થિતિ અને ઘટનાઓને ધ્યાનમાં લેતાં અને સમગ્ર દેશની સરહદો પર ચાલી રહેલી સિક્યોરિટી ડ્રિલની સ્થિતિમાં, અમે મેડોક ફિલ્મ્સ અને એમેઝોન એમજીએમ સ્ટુડિઓઝે નક્કી કર્યુ છે કે અમે અમારી ફેમિલી એન્ટરટેઈનર ફિલ્મ ભૂલ ચુક માફ સીધી તમારા ઘરે જ ૧૬ મે એમેઝોન પ્રાઈમ વીડિયોના માધ્યમથી પહોંચાડીશું. અમે પણ થિએટરમાં તમારી સાથે આ ફિલ્મ જોવા આતુર હતા પરંતુ દેશની ભાવના બધાથી ઉપર છે. જય હિંદ.’’શુક્રવારે સવારે પીવીઆર આઈનોક્સ દ્વારા દિનેશ વિજાનના મેડોકને લીગલ નોટિસ મોકલવામાં આવી હતી. જેમાં પેન મરુધરે દાવો કર્યો છે કે ફિલ્મની રિલીઝ અચાનક પાછી ખેંચાતા તેમને ઘણું નુકસાન થયું છે. તેમનો દાવો છે કે તેમને ૬૦ કરોડનુ નુકસાન ભોગવવું પડ્યું છે. જો પ્રોડક્શન હાઉસની દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો આ ફિલ્મ પ્રમોશન માટેનું બધું રોકાણ અને ખર્ચ મેડોક દ્વારા કરવામાં આવ્યો છે. તો તે પોતાની ફિલ્મના હિતમાં કોઈ પણ નિર્ણય લેવાનો અધિકાર ધરાવે છે.

## ફિલ્મ હવે થિએટરના બદલે ઓટીટી પર રિલીઝ થવાની છે




કારણ કે સરહદ પર જે સ્થિતિ સર્જાી હતી, તેમાં એવું શક્ય હતું કે લોકો થિએટરમાં આવવાનું ટાળે. મલ્ટિપ્લેક્સના એક માલિકના જણાવ્યા અનુસાર, ‘‘અમને ઈમેઈલ મળ્યો, ત્યાં સુધીમાં તો અમે લોકોને પૈસા પાછા આપવાનું પણ શરૂ કરી દીધું હતું અને ફિલ્મના કાર્યક્રમો પણ બદલી નખ્યા હતા. પેન્ડેમિક દરમિયાન ફિલ્મો સીધી ઓટીટી પર આવતી એ સમજી શકાતું હતું આ કેસમાં આવી શું જરૂર હતી? અમને એ જ સમજાતું નથી.’’ફિલ્મ ટ્રેડ સાથે સંકળાયેલા સૂત્રના જણાવ્યા અનુસાર, ‘‘ફિલ્મની દેશભરમાં લગભગ ૫૦૦૦ ટિકિટ વેંચાઈ ગઈ હતી. તો પહેલા દિવસે જ ૩ કરોડની આવક નક્કી હતી અને જો ફિલ્મની વાર્તા સારી હોત તો એક જ વીકેન્ડમાં ૧૫ કરોડ જેટલી આવક થઈ જવાની હતી. કારણ કે આ વીકેન્ડથી ૬ જૂન સુધીમાં કોઈ હિન્દી ફિલ્મની રિલીઝ નહોતી. આ ફિલ્મ સારી ચાલી શકી હોત, કારણ કે તેના વિશે સારી હવા હતી.’’ આ સમગ્ર ઘટના અંગે એક સૂત્રના જણાવ્યા અનુસાર, ‘‘કોઈ પાસે વિશ્વાસપાત્ર જવાબ જ નથી.





# થીમ ગમી જાય તો સની સ્ક્રિપ્ટ વાંચ્યા વિના જ ફિલ્મ સાઇન કરી લે

### આ ફિલ્મમાં સની દેઓલ ઉપરાંત સુનીલ શેટ્ટી, જોન અબ્રાહમ, સોહેલ ખાન અને નૌહીદ સાયરસી મુખ્ય ભૂમિકામાં હતા

જાણીતા અભિનેતા સની દેઓલ વિશે, ફિલ્મ નિર્દેશક અહેમદ ખાને એક ઈન્ટરવ્યુમાં ખુલાસો કર્યો છે કે જાટ અભિનેતાએ ફિલ્મ લકીર વાંચ્યા વિના જ સાઈન કરી હતી સની દેઓલે ૨૧ વર્ષ પહેલાં સ્ક્રિપ્ટ વાંચ્યા વિના આ એક્શન ફિલ્મ સાઈન કરી હતી. તેમણે જણાવ્યું કે સની દેઓલે આખી સ્ક્રિપ્ટ સાંભળ્યા વિના જ ફિલ્મ ‘લેકર’માં કામ કરવા માટે સંમતિ આપી દીધી હતી. આ એક્શન-ડ્રામા ફિલ્મ ‘લેકર - ફોરબિડન લાઈન્સ’ વર્ષ ૨૦૦૪ માં રિલીઝ થઈ હતી.ફિલ્મ વિશે વાત કરતાં, અહેમદે કહ્યું, ‘‘સની અને હું દાયકાઓથી મિત્રો છીએ, અને તેમની કંપની હંમેશા મારા માટે ખૂબ જ મહત્વપૂર્ણ રહી છે. જ્યારે હું મારી પહેલી ફિલ્મનું દિગ્દર્શન કરી રહ્યો હતો, ત્યારે મને સની દેઓલની ઓફિસમાંથી ફોન આવ્યો. તે સમયે હું ફૂટબોલ રમી રહ્યો હતો. ફોન આવ્યા પછી જ્યારે હું તેમને મળવા ગયો, ત્યારે તેમણે કોઈ પણ વિલંબ કર્યા વિના તરત જ ફિલ્મ માટે ‘હા’ કહી દીધી.અહેમદે કહ્યું, ‘‘મારે આખી સ્ક્રિપ્ટ કહેવાની પણ જરૂર નહોતી. મેં ફક્ત વાર્તાની એક ઝલક આપી, અને સનીને આ વિચાર એટલો ગમ્યો કે તે ફિલ્મ કરવા માટે સંમત થઈ ગઈ. તેણે તેની ટીમને શક્ય તેટલી વહેલી તકે શૂટિંગની તારીખો નક્કી કરવા કહ્યું.’’આ ફિલ્મમાં સની દેઓલ ઉપરાંત સુનીલ શેટ્ટી, જોન અબ્રાહમ, સોહેલ ખાન અને નૌહીદ સાયરસી મુખ્ય ભૂમિકામાં હતા. ફિલ્મનું સંગીત એ.આર. દ્વારા રચવામાં આવ્યું છે. રહેમાન, ભારતના સૌથી પ્રખ્યાત સંગીતકારોમાંના એક. પૃષ્ઠભૂમિ સંગીત આદેશ શ્રીવાસ્તવે આપ્યું હતું.ફિલ્મની વાર્તા બે પાત્રો કરણ અને સાહિલની આસપાસ ફરે છે. કરણ એક શક્તિશાળી માણસનો ભાઈ છે, જ્યારે સાહિલનો એક ભાઈ છે અને તે એક સરળ અને પ્રામાણિક છોકરો છે. વાર્તામાં વળાંક ત્યારે આવે છે જ્યારે બંને બિંદિયા નામની છોકરી સાથે પ્રેમમાં પડે છે.સની હાલમાં ‘બોર્ડર ૨’ના શૂટિંગમાં વ્યસ્ત છે. આ ફિલ્મમાં વરુણ ધવન, દિલજીત દોસાંઝ અને અહાન શેટ્ટી પણ લીડ રોલમાં છે.

# મને માત્ર રાજકુમારની પત્ની તરીકે ઓળખાવું નહી ગમે

અભિનેત્રી પત્રલેખા હાલમાં જ ફિલ્મ ‘ફૂલે’માં જોવા મળી હતી. આમાં, તેને તેના શાનદાર અભિનય માટે ઘણી પ્રશંસા મળી. અભિનેત્રીએ હવે ખુલાસો કર્યો છે કે એક સારી કલાકાર હોવા છતાં, તેને કામ માટે સંઘર્ષ કરવો પડે છે. તેણીએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે તેણીને રાજકુમારની પત્ની કહેવાનું પસંદ નથી. તેમનું અંગત જીવન તેમના વ્યાવસાયિક જીવનને અસર કરે છે.પત્રલેખાએ કહ્યું, ‘મને રાજકુમાર રાવની પત્ની કહેવાનું ખરેખર ખરાબ લાગે છે. મને તે ગમતું નથી. અને હું ખૂબ નાની હોવાનો અનુભવ કરું છું. અભિનેત્રી પત્રલેખા હાલમાં જ ફિલ્મ ‘ફૂલે’માં જોવા મળી હતી, આમાં, તેને તેના શાનદાર અભિનય માટે ઘણી પ્રશંસા મળી કારણ કે મારું એક નામ છે, મારું એક અસ્તિત્વ છે. અભિનેત્રીએ કહ્યું કે લોકો માને છે કે



રાજકુમાર સાથે તેના સંબંધ હોવાથી તેને સંઘર્ષ કરવો પડ્યો ન હોત. ‘કારણ કે તમને લાગે છે કે મારું જીવન સરળ હશે કારણ કે મારા પતિ... અથવા મારો તે સમયનો બોયળેન્ડ કે જે ખૂબ પ્રખ્યાત હતો.’ પરંતુ જો તમે પોતાનું નામ બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છો, તો તમારો પોતાનો કારકિર્દી ગ્રાફ બનાવવો ક્યારેય સરળ નથી. તે ખૂબ જ મુશ્કેલ છે.અભિનેત્રી પત્રલેખાએ મીડિયાને વિનંતી કરી કે તેઓ તેમને ફક્ત એક જ ટેગ સુધી મર્યાદિત ન રાખે, ‘હું આમાં ક્યારેય આરામદાયક નહીં રહીશ.’ હું અંત સુધી આ માટે મારો અવાજ ઉઠાવીશ. લોકો ગમે ત્યારે રાજ સાથે વાત કરવા મારી પાસે આવે છે. તેઓ મારી પાસે સ્ક્રિપ્ટ લઈને આવે છે, એટલા માટે નહીં કે તેઓ મને કાસ્ટ કરવા માંગે છે, પણ એટલા માટે કે તેઓ મને કાસ્ટ કરવા માંગે છે. તેઓ ઈચ્છે છે કે હું તેને રાજ પાસે લઈ જાઉં, જ્યારે ફિલ્મ મારી છે.પત્રલેખાએ ખુલાસો કર્યો કે આવી હરકતો છતાં, તેણીએ રાજકુમાર રાવને ખોટા ઈરાદા સાથે આવતા પ્રોજેક્ટ્સમાં સામેલ કરવાનો ઈનકાર કર્યો હતો. તેણે કહ્યું, ‘આ મારા ગૌરવની વિરુદ્ધ છે.’






વર્ષ ૨૦૨૩ માં હિટ એમેઝોન પ્રાઇમ વિડીયો શ્રેણી સાથે ઓટીટીમાં પ્રવેશ કર્યો હતો

# શાહિદને પોતાની કિંમત સમજાઈ ફિલ્મ ફર્ઝી ૨ માટે તગડી ફી વસુલી

શાહિદ કપૂર બોલિવૂડના સૌથી પ્રતિભાશાળી કલાકારોમાંના એક છે. ઘણી બ્લોકબસ્ટર ફિલ્મો આપ્યા પછી, તેમણે ફર્ઝી સાથે ઓટીટી પર પણ ધૂમ મચાવી. આ અભિનેતા હવે તેની બહુપ્રતિક્ષિત ‘‘ફર્ઝી’’ સિક્વલમાં પાછા ફરવા માટે તૈયાર છે. એવા અહેવાલો છે કે અભિનેતાએ ફર્ઝી ૨ માટે તેના કરિયરની અત્યાર સુધીની સૌથી મોટી ફી લીધી છે.શાહિદ કપૂરે વર્ષ ૨૦૨૩ માં હિટ એમેઝોન પ્રાઈમ વિડીયો શ્રેણી સાથે ઓટીટીમાં પ્રવેશ કર્યો હતો. હવે તે ફરી એકવાર ફર્ઝી ૨ માં પોતાની ભૂમિકા ભજવતો જોવા મળશે. આ શ્રેણીનું દિગ્દર્શન ફરી એકવાર રાજ અને ડીકે કરશે. આ બધા વચ્ચે,એક રિપોર્ટ અનુસાર, શાહિદને ફર્ઝીની બીજી સીઝન માટે ૪૫ કરોડ રૂપિયા ચૂકવવામાં આવી રહ્યા છે.શાહિદને તેની અભિનય કારકિર્દીમાં અત્યાર સુધી મળેલી આ સૌથી મોટી ફી છે. રિપોર્ટ અનુસાર, સૂત્રએ જણાવ્યું હતું કે શાહિદ સામાન્ય રીતે પ્રતિ ફિલ્મ ૨૫ થી ૩૦ કરોડ રૂપિયા ચાર્જ કરે છે, પરંતુ તે ડિજિટલ પ્રોજેક્ટ્સ માટે અલગ ફી માળખા પર વાટાઘાટો કરે છે.રિપોર્ટમાં જણાવાયું છે કે ફર્ઝી ૨ ૨૦૨૫ ના અંત સુધીમાં ફ્લોર પર જવાની અપેક્ષા



છે. રાજ અને ડીકે હાલમાં તેમના આગામી પ્રોજેક્ટ રક્ત યુનિવર્સ સાથે વ્યસ્ત છે, તેમની અગાઉની પ્રતિબદ્ધતાઓ પૂર્ણ થયા પછી તેઓ ફર્ઝીની સિક્વલ માટે પ્રી-પ્રોડક્શન શરૂ કરશે. અહેવાલ મુજબ, સૂત્રોએ એમ પણ કહ્યું છે કે ફર્ઝી ૨ ની મુખ્ય વાર્તા શાહિદ કપૂર સાથે પહેલાથી જ ચર્ચા થઈ ગઈ છે. બીજી સીઝનમાં શાહિદ, વિજય સેતુપતિ અને કેકે મેનન વચ્ચે ભારે સ્પર્ધા જોવા મળશે. તમને જણાવી દઈએ કે આ નકલી સિક્વલ ૨૦૨૬ ના બીજા ભાગમાં રિલીઝ થવાની ધારણા છે.ફર્ઝી ગયા વર્ષે એમેઝોન પ્રાઇમ વિડીયો પર રિલીઝ થઈ હતી. તેની મનોરંજક વાર્તા અને સ્ટાર કાસ્ટના અભિનય માટે તેની ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી.

# કંગના રણૌત હોરર ફિલ્મથી હોલિવૂડમાં એન્ટ્રી કરશે

### આ ફિલ્મ ‘ન્યૂ મી’ અને ‘ટેઇલિંગ પોન્ડ’ના ડિરેક્ટર અનુરાગ રુદ્ર દ્વારા ડિરેક્ટ કરવામાં આવશે

કંગના રણૌત સિલ્વેસ્ટર સ્ટલોન અને સ્કાર્લેટ રોઝ સ્ટલોન સાથે એક હોરર ફિલ્મથી હોલિવૂડમાં એન્ટ્રી કરવા જઈ રહી છે. આ ફિલ્મ આ વર્ષે કેન્સ ફેસ્ટિવલમાં ખરીદદારોને બતાવાશે. કંગનાની ફિલ્મ ‘બ્લેસ્ડ બી ધ એવિલ’માં ‘ટીન વુલ્ફ’ ફેમ ટાયલર પૌઝી પણ હશે. કંગનાની લાયન મુવીઝની આ ફિલ્મ ‘ન્યૂ મી’ અને ‘ટેઈલિંગ પોન્ડ’ના ડિરેક્ટર અનુરાગ રુદ્ર દ્વારા ડિરેક્ટ કરવામાં આવશે. આ ફિલ્મનું શૂટિંગ ન્યુ યોર્કમાં આ ઉનાળામાં જ થસે અને બધું જ શૂટ ત્યાં જ કરાવમાં આવશે, કારણ કે યૂએસના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વિદેશી ફિલ્મ પ્રોડક્શન પર ૧૦૦ ટકા ટેરિફની જાહેરાત કરી છે. આ ફિલ્મ એક એવા દંપતિની છે, જે એક અવાવરું ફાર્મ ખરીદે



છે, જેનો ભૂતકાળ બિહામણો હોય છે, જ્યાં એક ભયાનક ઘટના બની હોય છે. આ એક ગ્રામ્ય વિસ્તારની વાત છે, જે અગોચર અસ્તિત્વની વાત કરે છે. આ અંગે રુદ્રએ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું, કે તેને સ્થાનિક વાર્તાઓમાં બહુ જ રસ પડે છે કારણ કે તે અદભુત હોય છે.રુદ્રએ જણાવ્યું, ‘‘મેં ભારતના ગામડાઓમાં જન્મીને ત્યાં જ મારું બાળપણ વિતાવ્યું છે. ત્યાં મેં એવી વાર્તાઓ સાંભળી છે, જે મારા મન અને હૃદયમાં વણાઈ ગઈ છે. આ ફિલ્મ ‘ન્યૂ મી’ અને ‘ટેઈલિંગ પોન્ડ’ના ડિરેક્ટર અનુરાગ રુદ્ર દ્વારા ડિરેક્ટ કરવામાં આવશે આ લોકકથા એટલી ખાસ હતી કે હું આ વાર્તાઓમાં ઘણો વિશ્વાસ ધરાવું છું. તેમને સિનેમાના માધ્યમથી દુનિયાના ઓડિયન્સને બતાવવી હતી. કારણ કે આ સપનાઓને હકિકત સાથે જોડવાનો સૌથી સુંદર અને મજબૂત વિકલ્પ છે.’’ આ ફિલ્મ



આગામી કેન્સ ફસ્ટિવલમાં ખરિદદારોને બતાવાશે. જોકે, હજુ કંગનાના રોલ વિશે કોઈ ખાસ માહિતી જાણવા મળી નથી. કેટલાંક અહેવાલોમાં એવું જાણવા મળે છે કે કંગના આ ફિલ્મમાં સ્ટાર પાવર વધારવાનું કામ કરશે. ફિલ્મનો સ્ક્રિનપ્લે રુદ્ર અને ગાથા તિવારીએ લખ્યો છે. તેઓ સાથે મળીને આ ફિલ્મ પ્રોડ્યુસ પણ કરી રહ્યા છે.

### ડિજિટલ રિલીઝ સ્ટ્રેટેજીમાં મહત્વનું પગલું

# આમિર ખાને ‘સિતારે ઝમીન પર’ પર માટે અપનાવ્યું પે-પર-વ્યૂ મોડેલ

### આમિર ખાન લાંબા સમયથી સામાજિક નિસબત સાથેની વાર્તા ધરાવતી ફિલ્મો બનાવવાની ઝુંબેશ ચલાવી રહ્યો છે

આમિર ‘સિતારે ઝમીન પર’ માટે અલગ માર્કેટિંગ સ્ટ્રેટેજી અને પ્લાન બનાવી રહ્યો છે તે અંગે થોડાં વખતથી ચર્ચાઓ ચાલી રહી હતી. ત્યારે હવે તેણે પે-પર-વ્યૂ મોડેલ અપનાવ્યું છે. તેણે યૂટ્યુબના માધ્યમથી ડિજીટલ રિલીઝ અંગેની સ્ટ્રેટેજીમાં એક મહત્વનું પગલું લીધું છે. ૨૦ જૂને આ ફિલ્મ થિએટરમાં રિલીઝ થઈ રહી છે, તેના આઠ અઠવાડિયા પછી આ ફિલ્મ યૂટ્યુબ પર રિલીઝ થશે. જો આ અભિગમ અને સ્ટ્રેટેજી સફળ થઈ તો આ ફિલ્મ સામાન્ય રીતે અન્ય ફિલ્મો જે રીતે ઓટીટી પર રિલીઝ થાય છે, તે રીતે રિલીઝ નહીં થાય અને દર્શકોને કોઈ સબસ્ક્રિપ્શન વિના જ સ્વતંત્રતાથી ડિટીટલ પ્લેટફર્મ પર એક વખત જોવાના પૈસા ભરીને જોઈ શકાશે.આર એસ પ્રસન્નાએ ડિરેક્ટ કરેલી આ ફિલ્મ આમિર ખાનની ૨૦૦૭ની જ તેની ફિલ્મ ‘તારે ઝમીન પર’ની કથાને જ આગળ વધારતી ફિલ્મ માનસિક આરોગ્ય અને સર્વસમાવેશિતા પર આધારીત છે.આમિર ખાન લાંબા સમયથી સામાજિક નિસબત સાથેની વાર્તા ધરાવતી ફિલ્મો બનાવવાની ઝુંબેશ ચલાવી રહ્યો છે. તેના ભાગરૂપે તે આ ફિલ્મ યૂટ્યુબ પર રિલીઝ કરાવા જઈ રહ્યો છે, જેથી તે વધુ લોકો સુધી પહોંચી શકે. કેટલાક અહેવાલો અનુસાર, આમિર ખાન થિએટરમાં ઘટતા દર્શકોના પ્રમાણને પહોંચી વળવા માટે કોઈ નવો રસ્તો અપનાવવા માગતો હતો. તેથી તેણે થિએટરમાં રિલીઝના આઠ અઠવાડિયા બાદ આ રીતે યૂટ્યુબ પર ફિલ્મ રિલીઝ કરવાનો નિર્ણય લીધો છે. આમિર ખાન નથી ઈચ્છતો કે તે તેની ફિલ્મ સીધી કોઈ ઓટીટી પ્લેટફર્મ પર રિલીઝ કરે. કારણ કે તે ઈચ્છે છે કે આ પ્રકારે થિએટરમાં ચાલે ન ચાલે ત્યાં ઓટીટી પર ફિલ્મ રિલીઝ કરી દેવાથી દર્શકો નિઃરાશ થઈ જાય છે. ફિલ્મના પોસ્ટરમાં કોઈ સ્ટ્રીમિંગ પ્લટફર્મનો લોગો નહોતો એ પણ એક સંકેત હતો. કારણ કે આમિરે વિચાર્યું હતું કે તે તેની ૨૦૨૨ની ફિલ્મ લાલ સિંઘ ચઢ્ઢા થિએટર રિલીઝના છ મહિના પછી ઓટીટી પર રિલીઝ કરશે, પરંતુ ઓગસ્ટમાં રિલીઝ થયેલી ફિલ્મ જાન્યુઆરી ૨૦૨૩માં આઠ જ અઠવાડિયામાં જ નેટફિલક્સ પર રિલીઝ થઈ ગઈ હતી. કેટલાંક લોકો એવું પણ માને છે કે થિએટરમાં ન ચાલી શકે એવી ફિલ્મો ઓટીટી પર જલ્દી રિલીઝ થઈ જાય છે. આમિર આ માન્યતાને પણ તોડવા માગતો હતો. તે માને છે કે પે-પર-વ્યૂ મોડેલ હાલના સમયે ઈન્ડસ્ટ્રીની તાતી જરૂરિયાત છે. કારણ કે સબસ્ક્રિપ્શન સર્વિસના બદલે દર્શકોએ માત્ર એક ફિલ્મ પૂરતા જ પૈસા ભરવાના રહેશે. તેમાં ગ્રાહકોની પસંદ-નાપસંદને પણ બહોળો વિકલ્પ મળી રહેશે. આ અભિગમ દર્શકો અને પ્રોડ્યુસર્સ બંને માટે ફાયદાકારક રહેશે.





# "રક્તદાન - મહાદાન" રાજકોટના રેલનગરમાં યોજાયેલ રકતદાન શિબિરમાં ૫૫ થી વધુ વ્યક્તિઓએ કર્યું મહાદાન



। (માહિતી) રાજકોટ, તા.૧૨ ।

વર્તમાન પરિસ્થિતિને લક્ષ્યમાં રાખીને રાજકોટ પ્રાંત અધિકારીશ્રી ચાંદનીબેન પરમારના માર્ગદર્શન હેઠળ સૌરાષ્ટ્ર વોલન્ટરી બ્લડ બેંકના સહયોગથી રાજકોટના રેલનગર વિસ્તારની સોસાયટીમાં મહા રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ શિબિરમાં મામલતદાર શહેર પૂર્વના વિસ્તારમાં સમાવિષ્ટ જડેશ્વર બંગ્લોઝ, રેલનગર ખાતેની સોસાયટી અને આસપાસના વિસ્તારના સ્થાનિકો સહિત ૫૫થી વધુ વ્યક્તિઓએ રકતદાન કર્યું હતું. જેમાં સોસાયટીના આગેવાનો શ્રી વિપુલભાઈ સંખાવરા, શ્રી મધુસુધનભાઈ બારોટ, શ્રી વિશ્વજીતસિંહ ગોહિલ અને અન્ય સભ્યશ્રીઓ, સૌરાષ્ટ્ર વોલન્ટરી બ્લડ બેંકના ટ્રસ્ટીશ્રી બોરડભાઈ, રાજકોટ શહેર પૂર્વના મામલતદારશ્રી એસ. જે.ચાવડા, પ્રાંત કચેરીના શિરસ્તેદારશ્રી એમ. ડી.ભાલોડી, મામલતદાર કચેરી રાજકોટ શહેર પૂર્વના નાયબ મામલતદારશ્રીઓ એમ.બી. જાડેજા, શ્રી જનકભાઈ સાંબડ, અન્ય નાયબ મામલત દારો શ્રી વસીમભાઈ રિઝવી અને શ્રી અજયસિંહ જાડેજા, ક્લાર્ક શ્રી બકુલભાઈ પરમાર અને શ્રી હેમાંગભાઈ ધોરિયાણી સહિતના લોકો સહભાગી થયા હતા.

## યુવકનું દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર દરમ્યાન મોત

# ઝાલોદ તાલુકાના ચાકલીયા ગામે રાજકોટના યુવક પાસે લગ્નની લાલચની આડમાં રૂપિયાની માંગણી : માંગણી પુરી ન થતાં યુવકને ઢોર માર માર્યો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૨ ।

રાજકોટ ખાતે રહેતા બે ભાઈઓ રમેશ કરમશી ડાગરેચીયા અને મૂકેશ જે ગેરેજનુ કામ કરી પોતાનું ગુજરાન ચલાવે છે. તેમાં રમેશભાઈની પત્નીનું અમુક કારણોસર ચૌદ વર્ષ પહેલાં છૂટાછેડા થયેલ છે. બંને ભાઈઓનુ ગેરેજ રાજકોટ થી ત્રીસ કિલોમીટર દૂર કાગદડી ગામે આવેલ છે. તેમના ગેરેજ પર દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી ગામના મજૂરો આવજા કરતા હતા અને તેઓ સાથે બંને ભાઈઓની સારી મિત્રતા થઈ ગયેલ હતી. લીમડી મુકામે રહેતા સુનીતાબેન અને પ્રવિણભાઈ રમેશભાઈના ઘરે આવી તેમના નાનાભાઈ મૂકેશભાઈ સાથે લગ્નની વાત કરી તેઓ પાસે અઢી લાખ રોકડા અને અઢી કિલો ચાંદીની માંગણી કરેલ હતી જેથી રમેશભાઈએ લગ્નની ના પાડી દીધેલ હતી.

રમેશભાઈને પ્રવિણભાઈ, વિપુલભાઈ તેમજ સુનિતાબેન તેમજ તેમના મળતીયા સાગરિતો દ્વારા બીજી છોકરી બતાવવા માટે લાલચ આપી હતી અને તેઓ બીજી છોકરી જોવા રાજકોટ થી લીમડી (દાહોદ) આવેલ હતા. રમેશભાઈ તારીખ ૦૭-૦૫-૨૦૨૫ ના રોજ રાજકોટ થી નીકળી ૦૮-૦૫-૨૦૨૫ ના રોજ બપોરે લીમડી મુકામે પહોંચી ગયેલ હતા. રમેશભાઈ લીમડી મુકામે આવી પ્રવિણભાઈ, વિપુલભાઈ અને સુનીતાબેનને મળવા આવેલ હતા અને આ મંડળી તેઓને બીજી છોકરી બતાવવાની લાલચે બોલાવેલ હતા. આ ત્રિપુટી તેમજ તેમના સાથે અન્ય વ્યક્તિઓ જોડાઈ રમેશભાઈને ઘરે રાખી તેઓ પાસે દસ લાખ રૂપિયાની માંગણી કરેલ હતી અને જો દસ લાખ નહીં આપે તો જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી. આ વાતની જાણ રમેશભાઈએ તેમની બેનને કરી હતી આવી વાતની જાણ પરિવારમાં થતા તેઓ ડઘાઈ ગયેલ હતા અને તેઓએ તાત્કાલિક રાજકોટ પોલિસ સ્ટેશન ખાતે આ સમગ્ર ઘટનાની જાણ ત્યાંના પી.આઈ રાણેને કરી હતી.

ઉપરોક્ત ત્રિપુટી તેમજ તેમના સાગરિતોએ ચાકલીયાની આસપાસના કોઈ ગામે બોલાવી ગોંધી રાખી દસ લાખ રૂપિયાની માંગણી કરી હતી તેમજ તેઓને હથિયારો વડે ઢોર માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. ઈજાગ્રસ્ત રમેશભાઈને ઢોર માર મારી તેમને ચાકલીયાના સુમસામ ખેતરમાં ફેંકી દેવામાં આવેલ હતા. ઝાલોદ પોલિસને ખબર પડતાં તાત્કાલિક ત્યાં પહોંચી ગયેલ હતા ત્યાં પહોંચતા રમેશભાઈ જીવિત હતા પોલિસ દ્વારા તાત્કાલિક રમેશભાઈને દાહોદ ઝાયડસ ખાતે મોકલી આપેલ હતો. ઝાલોદ પોલિસ દ્વારા રમેશભાઈને તેમના પરિવાર સાથે વિડિયો કોલ પર વાત કરાવતા પોલિસને સમગ્ર ઘટનાની જાણકારી મળેલ હતી ત્યારબાદ પોલિસ દ્વારા આ અંગે તાત્કાલિક પગલાં ભરી ત્રણેય આરોપીઓને ઝડપી લીધેલ હતા. ઝાલોદ ડિવિઝન પોલીસને આ અંગે એક જ દિવસમાં મોતને ઘાટ ઉતારનાર આરોપીને ઝડપી પાડવામાં સફળતા મેળવેલ હતી.

## મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન

# મેદસ્વિતા સાથે રોગ ઘર કરી જાય તે પહેલા ફિટનેસની પાળ બાંધતા ક્રિષ્નાબેન



। (માહિતી) રાજકોટ, તા.૧૨ ।

મારે ૨૭ વર્ષની પરણિત દીકરી છે, પરંતુ મને જોઈ કોઈ કહી શકે નહીં કે હું બે સંતાનની માતા છું. મારા સગા, સંબંધી અને સહેલીઓ પણ મારી તંદુરસ્તી અને નાની ઉંમરના દેખાવની ચર્ચા કરે ત્યારે મને ખૂબ ગમે છે. આ શબ્દો છે ૪૪ વર્ષીય ક્રિષ્નાબેન અમલસેડાના.

તેમની ફિટનેસનો રાઝ નિયમિત જિમ્નેશિયમમાં રોજનું એક કલાકથી વધુનું વર્કઆઉટ છે. તેઓ જણાવે છે કે, રોજ સવારના મારા નિત્યક્રમનો પ્રારંભ થાય મંદિર રૂપી જિમમાં જવા સાથે. એકપણ દિવસના બ્રેક વગર છેલ્લા સાત વર્ષથી જિમમાં કોઈપણ ભોગે જવાનું જ. આ બાબતની પ્રેરણા અંગે તેઓ કહે છે કે, મારા બીજા સંતાનની ડીલેવરી બાદ વજન ખૂબ જ વધી ગયેલું, પગમાં દુઃખાવાની તકલીફ રહેતી. જેનાથી મને લાગ્યું કે મેદસ્વિતાના કારણે બીજા કોઈ રોગ ઘર કરી જાય તે પહેલા મારે વજન ઉતારવું પડશે. જેથી ફિટ રહેવા માટે જિમ્નેશિયમ શરુ કરવા મેં નિર્ધાર કર્યો. માત્ર એક વર્ષમાં મેં ૧૭ કિલો વજન ઘટાડ્યું. મેદસ્વિતા ઘટતા મારો ઉત્સાહ બેવડાઈ ગયો. ક્રિષ્નાબેન તેમની સફળતાથી ખુશી વ્યક્ત કરતા જણાવે છે કે, મને આનંદ થવા લાગ્યો જ્યારે બધાને લાગ્યું કે મારામાં ચેન્જ દેખાય છે.

ફિટનેસથી માત્ર શારીરિક નહીં, માનસિક રીતે પણ શાંતિની અનુભૂતિ સાથે ખુશી થતી હોવાનું જણાવી તેઓ કહે છે કે, હવે ઘરકામ સાથે પરિવારને સંભાળવાની જવાબદારી પણ હું સહેલાઈથી નિભાવી શકું છે. હવે મને શ્રમ કરતા થાક નથી લાગતો, કારણકે જિમમાં વર્કઆઉટ કરતા કરતા મારી ક્ષમતા બેવડાઈ છે. મને કસરતની આદત પડી ગઈ છે. બહારગામ જવાનું હોઈ તો તે પહેલા એક્સ્ટ્રા વર્કઆઉટ ખાસ કરી લઉં છું.

ફિટનેસ માટે સતત ડાયટ જાળવવું પડે ? તેનો જવાબ આપતા તેઓ જણાવે છે કે, ડાયટનું પાલન ખૂબ સહેલું છે. મારો મંત્ર છે બહારનું જંકફૂડ, સુગર વધારતા ખોરાક ટાળવા, પ્રોટીનની માત્રા વધુ હોઈ તેવી માત્ર ઘરની બનાવેલી રસોઈ લઉં છે.

મારા પરિવારજનો પણ મોટેભાગે હવે આ પ્રકારે સાત્વિક ખોરાક લેતા થઈ ગયા છે. મારો પુત્ર પણ હેલ્થ કોન્સિયસ થઈ ગયો છે તે જાણી મને આનંદ થાય છે. જિમમાં જોડાવાના નિર્ણય અંગે તેઓ કહે છે કે, યોગ, ઝુમ્બા કે અન્ય કસરતથી પણ સ્વાસ્થ્ય જળવાઈ પરંતુ સ્ત્રીઓમાં હોર્મોન્સ બેલેન્સીંગ, મેટાબોલીઝમ અને મસલ્સ ગેઈન માટે જિમ પણ એક સરસ વિકલ્પ છે.

# ઝાલોદ તાલુકાના ધારાસભ્ય મહેશભાઇ ભુરીયાના હસ્તે વિવિધ ગામોમાં ૫૮૭.૪૩ લાખના કામોની ખાત મુહૂર્ત કરાયું



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૨ ।

ઝાલોદ વિધાનસભામાં સમાવિષ્ટ વિવિધ ગામ ખાતે રૂ. ૫૮૭.૪૩ લાખના માતબર ખર્ચે નિર્માણ થનાર ૨૦.૦૫ કિ.મી. ના રસ્તાઓનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. આજ રોજ તારીખ ૧૨/૦૪/૨૦૨૫ ના રોજ ઝાલોદ તાલુકાના ધારાસભ્ય મહેશ ભૂરીયા દ્વારા કાળીગામ ગુર્જર, કૂણી, કદવાળ, બાજરવાડા રાજપુર, ગામડી, વાગેલા ગામના રસ્તાઓનું ખાતમુર્હુત કર્યું હતું. આ રસ્તાઓનું નિર્માણકાર્ય જ્યારે પૂર્ણ થશે ત્યારે ચોક્કસપણે વાહન ચાલકો અને રાહદારીઓને સુગમ વાહનવ્યવહારનો લાભ મળશે. આ રોડ થકી ગ્રામજનોનું જીવન વધુ સરળ બનશે તેમજ સમય અને ઈંધણની પણ બચત થશે. કાળીગામ ગુર્જર સાતશેરા ગામે રૂ. ૧૧૩.૧૪ લાખના ખર્ચે ૩.૧૦ કિ.મી. લંબાઈનો સાતશેરા ચોસાલા રોડ,કુણી ગામે રૂ. ૭૦.૪૭ લાખના ખર્ચે ૨.૦૦ કિ.મી. લંબાઈનો કુણી સીમલખેડી રોડ કદવાલ ગામે રૂ. ૨૬.૨૨ લાખના ખર્ચે ૧.૦૦ કિ.મી. લંબાઈનો કદવાલ સેકન્ડરી સ્કૂલથી જેતપુર કદવાલ રોડ, બાજરવાડા ગામે રૂ. ૧૨૧.૭૩ લાખના ખર્ચે ૪.૪૫ કિ.મી. લંબાઈનો બાજરવાડાથી દાહોદ ઝાલોદ સ્ટેટ હાઈવે રોડ રાજપુર ગામે રૂ. ૫૪.૯૫ લાખના ખર્ચે ૨.૧૫ કિ.મી. લંબાઈનો રાજપુર સીતાવટલી સરપંચ ફળીયા રોડ,ગામડી ગામે રૂ. ૧૨૫.૦૦ લાખના ખર્ચે ૫.૨૫ કિ.મી. લંબાઈનો ફુલપુરા પિકઅપ સ્ટેન્ડ થી ગામડી નિસરતા ફળીયા રોડ, વગેલા ગામે રૂ. ૭૫.૯૨ લાખના ખર્ચે ૨.૧૦ કિ.મી. લંબાઈનો પેથાપુર વગેલા પંચાયત ઘર રોડ રસ્તાઓના ખાત મુહૂર્ત પ્રસંગે જિલ્લા સદસ્ય, તાલુકા સદસ્યઓ,પાર્ટીના હોદ્દેદારો, સરપંચ, કાર્યકરો, આગેવાનો, અધિકારીઓ અને નાગરિકો હાજર રહ્યા હતા.

# ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા બાળકો માટે રાજકોટમાં નિઃશુલ્ક સમર યોગ કેમ્પનું આયોજન

## "મેદસ્વિતામુક્ત ગુજરાત" અભિયાન અન્વયે મહાનગર પાલિકા વિસ્તારમાં દસ સ્થળોએ યોજાનારા સમર યોગ કેમ્પ

। (માહિતી) રાજકોટ, તા.૧૨ ।

ગુજરાત સરકારના ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા તા.૧૬/૦૫/૨૦૨૫ થી ૩૦/૦૫/૨૦૨૫ સુધી રાજકોટ મહાનગરપાલિકાના જુદા જુદા દસ સ્થળોએ બાળકો માટે નિઃશુલ્ક સમર યોગ કેમ્પનું આયોજન કરવામાં આવશે. જેમાં ૦૭ થી ૧૫ વર્ષના બાળકોને સવારના ૭ થી ૯ વાગ્યા સુધી પ્રશિક્ષિત કરવામાં આવશે.

રાજ્ય સરકારે "મેદસ્વિતામુકત ગુજરાત" અભિયાનને વેગવંતુ કરવા રાજ્યના વિવિધ વિસ્તારોમાં જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કર્યું છે. આ અભિયાન અંતર્ગત બાળકો શાળાના વેકેશનનો સદુપયોગ કરી શકે તે આશયથી સમર યોગ કેમ્પનું આયોજન કરવામાં આવશે, જેમાં પ્રશિક્ષિત ટ્રેનર અને કોચ દ્વારા બાળકોને યોગ, પ્રાણાયામ અને કસરતથી જીવનમાં નિયમિતતા, શિસ્ત, શારીરિક તંદુરસ્તી અને એકાગ્રતા કઈ રીતે કેળવી શકાય તેનું માર્ગદર્શન આપવામાં આવશે. ઉપરાંત ટ્રેનર્સ દ્વારા બાળકોને પૌષ્ટિક આહાર આરોગવાથી શરીર અને મનને થતાં ફાયદાઓ અંગેની વિસ્તૃત માહિતી પણ આપવામાં આપશે.

આ સમર યોગ કેમ્પમાં જોડાવવા WWW. GSYB.IN લીંક પર રજીસ્ટ્રેશન કરવા રાજકોટ મહાનગરપાલિકાના ઈસ્ટ કો-ઓર્ડીનેટર શ્રી મીતાબેન તેરૈયા અને વેસ્ટ કો-ઓર્ડીનેટર શ્રી ગીતાબેન સોજીત્રાએ અનુરોધ કર્યો છે.

# ઝાલોદ સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલના બે ડોક્ટરોને સરહદી જિલ્લામાં ફરજે મુકાયા

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૨ ।

પહેલગામમા થયેલ આતંકવાદી પ્રવૃત્તિને ભારત સરકાર દ્વારા પાકિસ્તાન સ્થિત આતં-કવાદી કેમ્પો પર હુમલા કરી તેને નેસ્તનાબૂદ કરેલ હતા. ભારત સરકાર દ્વારા આતંકવાદી કેમ્પોને છાવરતા હુમલા કરાતા પાકિસ્તાન આડેધડ ભારત પર ડ્રોન હુમલા કરી રહેલ છે તેને લઈ સરહદી વિસ્તારોમાં હાલ તંગદિલી ચાલી રહેલ છે.આ આકસ્મિક પરિસ્થિતિ તેમજ આરોગ્યલક્ષી સેવા સરહદી વિસ્તારોમાં નિરંતર ચાલતી રહે તે અન્વયે ગુજરાત સરકાર દ્વારા ઝાલોદ સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલના બે તબીબોને સરહદી વિસ્તારોમાં ટેમ્પરરી પોસ્ટીંગ કરેલ છે.

હાલ આખા દેશમાં યુદ્ધને લઈ હાઈ એલર્ટ જોવા મળી રહેલ છે ભારત સરકાર ગમે તે પરિસ્થિતિને પહોંચી વળે તે માટે દરેક વિસ્તારોમાં આકસ્મીત સેવાઓ હેઠળ આવતા તમારા લોકોની રજાઓ રદ કરેલ છે. દેશના સરહદે સેના ખડે પગે રાત દિવસ જાગી દેશની સેવા કરી રહેલ છે ત્યારે ગુજરાતને અડીને આવેલ પાકિસ્તાન સરહદે પણ તમામ સૈન્ય દેશ સેવામાં લાગી ગયેલ છે.

ગુજરાત સરહદ પર પણ પાકિસ્તાન દ્વારા ડ્રોન હુમલા કરવામાં આવેલ હતા. ગુજરાત સરહદ પર ફરજ નિભાવતા જાંબાજ સૈનિકો દ્વારા આ ડ્રોન હુમલાને નિષ્ફળ બનાવેલ હતા. ભવિષ્યમાં ગુજરાત સરહદ પર જન સામાન્ય લોકોને સારવાર માટે તકલીફ ન પડે તે માટે રાજ્યના ઘણા જિલ્લાઓ માંથી તબીબોને સરહદી વિસ્તારો માં મૂકવામાં આવેલ છે તે અંતર્ગત ઝાલોદ સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલના બે ડોક્ટરોને તબીબી સેવા માટે હાજર થવા બોલાવેલ છે જેમાં મેડિકલ ઓફિસર ડૉ બી.એમ.પટેલને જિલ્લા પંચાયત પોરબંદર અને ઓર્થોપેડીક ડૉ હાર્દિક લબાનાને કચ્છના માંડવી ખાતે તાત્કાલીક ધોરણે ફરજ પર હાજર થવાના હુકમને લઈ બંને ડોક્ટર હાલ ત્યાં પોતાની ફરજ નિભાવી રહેલ છે.

# ઝાલોદ જી.ઈ.બી પાસે અર્ટિગા અને રિક્ષા વચ્ચે અકસ્માત સર્જાતા ચાર લોકોને ઈજા



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૨ ।

ઝાલોદ નગરના જી.ઈ.બી ઓફિસની સામેથી તારીખ ૧૧-૦૫-૨૦૨૫ ના રોજ અંદાજીત બપોરના ૪:૩૦ વાગે એક રીક્ષા GJ-20-W-8218 ત્રણ પેસેન્જર બેસાડી સુખસર રોડ તરફ જઈ રહેલ હતી તેવામાં એક મારુતિ અર્ટિગા GJ-20-AH-5329 સુખસર રોડ તરફ થી પુર ઝડપે આવી રીક્ષાને અડફેટે લીધી હતી. રિક્ષાને અડફેટે લેતા રીક્ષા પલ્ટી ખાઈ ગયેલ હતી.

રિક્ષા પલ્ટી ખાઈ જતાં રીક્ષા ડ્રાઈવર તેમજ રીક્ષામાં બેસેલ ત્રણ પેસેન્જરોએ બૂમાબૂમ કરી મૂકેલ હતી જેથી ત્યાં થી પસાર થતા આવતા જતા વાહનો ઉભા રહી અકસ્માત થયેલ લોકોને રિક્ષા માંથી બહાર કાઢી ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે ઝાલોદ સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે સારવાર માટે લાવવામાં આવેલ હતા. બે મહિલા તેમજ બે પુરુષોને ઈજાઓ થતાં ઝાલોદ સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે તેઓને સારવાર કરવામાં આવી હતી. અકસ્માત સર્જી મારુતિ અર્ટિગાનો ડ્રાઈવર ગાડી મૂકી ફરાર થઈ ગયેલ હતો. આ અંગે ઝાલોદ પોલીસે અર્ટિગા ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરેલ છે.

# વીરાવાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

। (માહિતી) સાબરકાંઠા, તા.૧૨ ।

સાબરકાંઠા જિલ્લામાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. રાજ સુતરીયાના માર્ગદર્શન હેઠળ વીરાવાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં આરોગ્યનો સ્ટાફ ગણેશ યુવક મંડળના યુવાન મિત્રોના સહયોગથી અને સહકારથી કુલ ૨૫ યુનિટ બ્લડ એકત્રિત કરવામાં આવ્યું હતું. ૨૫ બોટલ પૈકી ૨૩ પુરુષો અને ૨ મહિલાઓએ બ્લડ ડોનેટ કર્યું હતું. મહિલાઓમાં આરોગ્ય કેન્દ્ર વીરાવાડાના એલ આર શ્રીમતી નીલમબેન આચાર્ય તેઓશ્રીએ આજના મધર્સ ડે ની ઉજવણી નિમિત્તે અને પોતાની માતાની યાદમાં પ્રથમવાર બ્લડ ડોનેટ કર્યું હતું.ગણેશ યુવક મંડળ વીરાવાડા ના પ્રમુખ શ્રી દેવેન્દ્રસિંહ પરમારે પોતાના ગ્રુપના યુવાન મિત્રોને સાથે રાખીને બ્લડ ડોનેશન કેમ્પને સફળ બનાવવા માટે અથાગ પ્રયત્ન કરી કેમ્પને સફળ બનાવ્યું હતો. છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે તમે ભરપૂર મહેનત કરીને સારૂં એવું ધન કમાશો-પણ ધનને તમારી આંગળીઓ વચ્ચેથી સરકી જવા ન દેતા. સાંજે મિત્રો સાથે બહાર જાવ-કેમ કે તે તમારી માટે કશુંક સારૂં કરશે. આજે તમને તમારા જીવનમાં સાચા પ્રેમની કમી સાલશે.ચિંતા ન કરો સમય સાથે બધું જ બદલાઈ જાય છે અને તેમાં તમારૂં રોમેન્ટિક જીવન પણ અપવાદ નથી.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજે પ્રત્યેનો ગંભીર અભિગમ ટાળો. તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો. દૂરના કોઈ સગાં તરફથી અણધાર્યા સમાચાર આખા પરિવાર માટે ખુશીની ક્ષણો લાવશે. આજે તમે તમારા પ્રિયપાત્ર સામ તમારી લાગણીઓ વ્યક્ત નહીં કરી શકો. તમારાં જમા પાસાં તથા ભાવિ યોજનાઓનું પુનરાવલોકન કરવાનો સમય.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે તમને વધુ સારા બનાવતા તમારી સુધારણાને લગતા પ્રૉજેક્ટ્સમાં શક્તિ લગાડો. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે. રોજેરોજ પ્રેમમાં પડતા રહેવાના તમારા સ્વભાવને બદલો.

**કર્ક (ડ,હ) :**
આજે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. તમારું કોઈ મિત્ર આજે તમારા થી મોટી રકમ ઉધાર માંગી શકે છે, જો તમે તેને આ રકમ આપો છો તો તમે નાણાકીય સંકટ માં આવી શકો છો. તમારો જિદ્દી સ્વભાવ તમારા માતા-પિતાની શાંતિને નુકસાન પહોંચાડી શકે છે.

**સિંહ (મ,ટ) :**
આજે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. આ રાશિ ના વેપારીઓ ને આજે પોતાના ઘર ના તે સભ્યો થી દૂર રહેવું જોઈએ જે લોકો ઉધારી પૈસા માંગે તો છે પણ પાછા નથી આપતા? અંગત જીવન ઉપરાંત તમારી જાતને કોઈક સખાવતી કાર્ય સાથે સાંકળો. એ તમને માનસિક શાંતિ આપશે પણ, આવું અંગત જીવનના ભોગે ન કરતા.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમને વધુ સારા બનાવતા તમારી સુધારણાને લગતા પ્રૉજેક્ટ્સમાં શક્તિ લગાડો. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. અણધાર્યા શુભ સમાચાર તમારો ઉત્સાહ વધારશે. તમારા પરિવારના સભ્યો સાથે તમે આ સમાચાર વહેંચશો ત્યારે તેઓ પણ ખુશખુશાલ થઈ જશે.

**તુલા (ર,ત) :**
આજે તમે પરિસ્થિતિની કમાન સંભાળશો એટલે તમારી બેચેની દૂર થઈ જશે.તમને એ સમજાવાની શક્યતા છે કે બધું સાબુના પરપોટા જેવું ક્ષણભંગુર છે જ હિંમત સાથેના પ્રથમ સંપર્કથી જ ગાયબ થઈ જાય છે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે વ્યસ્ત સમયપત્રક છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સત્ય હકીકત છે એ બાબત અનુભવજો. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. મિત્રો સાથે સાંજ આનંદદાયક રહેશે. તમારા મિત્રો સાથે તમે વિતાવેલા સારા સમયને યાદ કરી.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમે તમારા હકારાત્મક અભિગમ તથા આત્મવિશ્વાસ દ્વારા તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરો એવી શક્યતા છે. આજ ના દિવસે તમે ઘરે થી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો પરંતુ કોઈ મોંઘી વસ્તુ ના ચોરી થવા થી તમારું મૂડ ખરાબ થયી શકે છે. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે.

**મકર (ખ,જ) :**
આજે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. આજે તમે તમારું ધન ધાર્મિક કાર્યો માં લગાવી શકો છો જેથી તમને માનસિક શાંતિ મળવા ની પુરી શક્યતા છે. તમારે તમારો ફાજલ સ્ય બાળકોની સોબત માણવામાં વિતાવવો જોઈએ-આવું કરવા માટે તમારે નિયમિત બાબતો કરતાં કશુંક અલગ કરવાની જરૂર પડે તો એવું કરજો.

**કુંભ (ગ,શ,સ) :**
આજે તમે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે. ઘર ના કોઈપણ સભ્ય ના વર્તન ને કારણે તમે પરેશાન થઈ શકો છો. તમારે તેમની સાથે વાત કરવા ની જરૂર છે. તમારા પ્રિયપાત્ર સાથે બહાર જતા હો ત્યારે દેખાવ અને વર્તનમાં તમે જેવા છો એવા જ રહો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારૂં કોઈ ઝડપી પગલું લાંબા સમયથી તોળાતી સમસ્યાને ઉકેલશે. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. તમારૂં ખુશમિજાજ વર્તન પારિવારિક જીવનને પ્રબુદ્ધ બનાવશે. આવું ઈમાનદાર સ્મિત ધરાવનારનો સામનો બહુ ઓછા લોકો કરી શકે છે. પ્રેમ તથા રોમાન્સ તમને ખુશખુશાલ મૂડમાં રાખશે.

## સલમાન ખાને સીઝ ફાયર વિશે પોસ્ટ કર્યા બાદ ડીલીટ કરી દીધી



। મુંબઈ, તા.૧૨ ।

ભારત અને પાકિસ્તાન વચ્ચે સીઝફાયર થયું તે પછી હાશકારો વ્યક્ત કરતી પોસ્ટ સલમાન ખાને સોશિયલ મીડિયા પર મૂકી હતી. જોકે, ગણતરીની ક્ષણોમાં જ તેણે આ પોસ્ટ ડીલીટ કરી દીધી હતી. વાસ્તવમાં સલમાને આ પોસ્ટ મૂકી તે પછી તરત જ નેટ યૂઝર્સ દ્વારા તેણે અગાઉ ઓપરેશન સિંદૂરના ટેકામાં કોઈ પોસ્ટ નહિ કરી હોવાની ટીકાઓ શરુ થઈ હતી. આ ટીકાઓ બહુ વ્યાપક સ્વરુપ લેશે તેવી આશંકાથી સલમાને છેવટે મૂળ પોસ્ટ પણ ડીલીટ કરી દીધી હતી. જોકે, સલમાનના કેટલાક ચાહકોએ તેનો બચાવ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે પાકિસ્તાને થોડા કલાકોમાં જ સીઝફાયરનો ભંગ કર્યો હતો. આથી, પોતાની પોસ્ટનો કોઈ મતલબ ન રહેતાં સલમાને આ પોસ્ટ ડીલીટ કરી છે. આખી વાતમાં સલમાનનો કોઈ વાંક નથી.ઉલ્લેખનીય છે કે બોલીવૂડ કલાકારો ક્યારેક આતંકી હુમલા કે સૈન્ય કાર્યવાહી અંગે કોઈ પોસ્ટ નથી કરતા અથવા તો લોકલાગણી કરતાં જુદી પોસ્ટ મૂકે છે ત્યારે ત્યારે ભારે વિરોધ વંટોળ ઊભો થાય છે.

## ભારત-પાકિસ્તાન વચ્ચે સીઝફાયરમાં ત્રીજા દેશની કોઈ ભૂમિકા નથીઃ ભારત



। નવી દિલ્હી, તા.૧૨ ।

ભારત અને પાકિસ્તાન વચ્ચે સૈન્ય કાર્યવાહી રોકવાનો નિર્ણય(સીઝફાયર) બંને દેશોએ અરસપરસમાં વાતચીત કર્યા પછી લીધો છે. આ નિર્ણયમાં કોઈ ત્રીજા દેશની ભૂમિકા નથી. આ વાત ભારત તરફથી કહેવામાં આવી છે. આ પહેલા આ વાતની જાણકારી અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એક્સ પર એક પોસ્ટ કરીને આપી હતી. ટ્રમ્પની આ પોસ્ટ મુજબ અમેરિકાની મધ્યસ્થીમાં બંને દેશના નેતાઓની વચ્ચે વાતચીત થયા પછી આ નિર્ણય લેવામાં આવ્યો છે. પરંતુ ભારતના વિદેશ સચિવ વિક્રમ મિસરી અને આઈબી મંત્રાલયે એક પોસ્ટ કરીને જણાવ્યું કે આ નિર્ણય સંપૂર્ણપણે દ્વિપક્ષીય છે. એમાં કોઈ ત્રીજા દેશની કોઈ પ્રકારની ભૂમિકા નથી. હકીકતમાં ૧૦મી મેને શનિવારે સાંજે ૬:૦૭ કલાકે માહિતી અને પ્રસારણ મંત્રાલયે એક પોસ્ટ કરીને કહ્યું કે સીઝફાયર પર સહમતિ સંપૂર્ણ રીતે દ્વિપક્ષીય છે. એટલે કે અમેરિકા વચ્ચે નથી. ભારતના વિદેશ સચિવ વિક્રમ મિસરીએ કહ્યું કે પાકિસ્તાનના ડીજીએમઓએ શનિવારે બપોરે ફોન પર વાતચીત કરી હતી. એટલે ભારતે પોતાની શરતો પર સીઝફાયર કર્યો છે અને ૧૨મી મેએ બંને દેશોના ડીજીએમઓ ફરીથી વાતચીત કરશે. આ સાથે જ વિદેશ મંત્રી એસ.જયશંકરે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર કહ્યું કે ભારત અને પાકિસ્તાને આજે ફાયરિંગ અને સૈન્ય કાર્યવાહી રોકવા પર સહમતી બનાવી છે.વિદેશ સચિવ વિક્રમ મિસરીએ શનિવારે મોડી રાત્રે પત્રકાર પરિષદમાં જણાવયું હતું કે, સરહદ અને જમ્મુ-કાશ્મીરમાં અંકુશ રેખા પર પાકિસ્તાન દ્વારા શસ્ત્ર વિરામનો ભંગ થાય તો તેનો જડબાતોડ જવાબ આપવા સશસ્ત્ર દળો સજ્જ છે. ભારતના ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન સાથે વાત કર્યા પછી પણ પાકિસ્તાને નાપાક હરકતો ચાલુ રાખી છે અને સમજૂતિનો ભંગ કર્યો છે. ભારતીય સૈન્ય દ્વારા શસ્ત્ર વિરામ ભંગનો યોગ્ય જવાબ અપાઈ રહ્યો છે.



ઉત્તર પ્રદેશ રાજ્યના લખનૌમાં બ્રહ્મોસ એરોસ્પેસ ઈન્ટિગ્રેશન એન્ડ ટેસ્ટિંગ ફેસિલિટીના ઉદ્ઘાટન દરમિયાન સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO) ના અધિકારીઓ બુલેટ પ્રૂફ જેકેટ્સ અને અન્ય સલામતી ગિયર્સનું પ્રદર્શન બતાવતા નજરે પડે છે.

## દગા અને ષડયંત્રોના નાપાક દેશમાં ફરી લશ્કરી બળવાની આશંકા

। (એજન્સી) ઈસ્લામબાદ, તા.૧૨ ।

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત-પાકિસ્તાન વચ્ચે શસ્ત્ર વિરામની જાહેરાત કર્યા પછી પાકિસ્તાનના વડાપ્રધાન શેહબાઝ શરીફનો હરખ સમાતો ન હતો. તેમણે ભારત અને શસ્ત્ર વિરામનો ઉલ્લેખ કર્યા વગર ટ્રમ્પનો આભાર માન્યો હતો અને શાંતિ માટે તેમના પ્રયાસોને બિરદાવ્યા હતા. શરીફે સોશિયલ મીડિયા પર આ અંગેની પોસ્ટ શેર કરી તેના થોડા સમયમાં જ પાકિસ્તાની સૈન્યની નાપાક હરકતો શરૂ થઈ ગઈ હતી. જેના કારણે સૈન્ય અને સરકારમાં વિખવાદ હોવાની છાપ ઊભી થઈ છે. ભારત સાથેના સંઘર્ષને માધ્યમ બનાવીને પાકિસ્તાની સૈન્ય ફરી એક વાર વડાપ્રધાનને ઉથલાવવાનું ષડયંત્ર ગૂંથી રહી હોવાની ચર્ચા છે.દગાખોરી અને ષડયંત્રો માટે પંકાયેલા પાકિસ્તાનમાં સૈન્ય અને સરકારના સૂર મોટાભાગે એકબીજાથી ભિન્ન હોય છે.

### અમારું એક વિમાન તૂટી પડ્યું

## અમારી કસ્ટડીમાં કોઈ ભારતીય પણ પાઈલટ નથીઃ પાક. સૈન્યની કબૂલાત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

ભારતના ઓપરેશન સિંદૂર હેઠળ નવ આતંકી ઠેકાણાઓ પર કાર્યવાહી કરવામાં આવી હતી, જેમાં ૧૦૦થી વધુ આતંકીઓ માર્યા ગયા હતા. જેમાં આમાં યુસુફ અઝહર, અબ્દુલ મલિક રૌફ અને મુદાસિર અહેમદનો સમાવેશ થાય છે, જે પુલવામા હુમલામાં સામેલ હતા. ઓપરેશન સિંદૂરથી પાકિસ્તાનના આતંકી માળખાને નુકસાન પહોંચ્યું હતું, જેના કારણે પાકિસ્તાન યુદ્ધવિરામ માટે સંમત થયું હતું. અહેવાલો અનુસાર, રવિવારે મોડી રાત્રે પાકિસ્તાનના નૌકાદળ, વાયુસેના અને સૈન્ય અધિકારીઓએ સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ યોજી અને સ્વીકાર્યું કે ભારત સાથેની અથડામણમાં તેમના એક વિમાનને નુકસાન થયું હતું. જોકે, પાકિસ્તાને કયા વિમાનને નુકસાન



થયું હતું અથવા તેનું નામ શું છે તે જાહેર કર્યું નથી. પાકિસ્તાન સેનાના પ્રવક્તા લેફ્ટનન્ટ જનરલ અહેમદ શરીફ ચૌધરીએ જણાવ્યું હતું કે, 'આ પ્રેસ કોન્ફરન્સ ઓપરેશન બુન્યાન-ઉલ-મર્સૂસની કાર્યવાહી અને નિષ્કર્ષ પર આધારિત છે.' પ્રેસ કોન્ફરન્સમાં લેફ્ટનન્ટ જનરલ અહેમદ શરીફ ચૌધરીએ કહ્યું, 'એક પાકિસ્તાની વિમાનને નુકસાન થયું છે. અમે તેમના વિશે વિગતવાર માહિતી શેર કરી શકતા નથી. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન, પાકિસ્તાની સેનાના પ્રવક્તાને પૂછવામાં આવ્યું કે શું કોઈ ભારતીય પાઈલટ પાકિસ્તાનની કસ્ટડીમાં છે? જવાબમાં કહેવામાં આવ્યું કે, 'કોઈ પણ ભારતીય પાઈલટ પાકિસ્તાનની કસ્ટડીમાં નથી. આવા બધા સમાચાર સોશિયલ મીડિયા પર ફેલાતી અફવાઓ પર આધારિત છે.'લેફ્ટનન્ટ જનરલ અહેમદ શરીફ ચૌધરીએ દાવો કર્યો છે કે, 'ભારત દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીના જવાબમાં પાકિસ્તાને ૨૬ ભારતીય લશ્કરી ઠેકાણાઓ પર હુમલો કર્યો. જેમાં વાયુસેના અને એવિએશન બેસનો સમાવેશ થતો હતો.' પાકિસ્તાનના જણાવ્યાનુસાર, સુરતગઢ, સિરસા, ભુજ, નલિયા, અધમપુર, ભટિંડા, બરનાલા, હલવારા, અવંતીપુરા, શ્રીનગર, જમ્મુ, ઉધમપુર, મામુન, અંબાલા અને પઠાણકોટમાં ભારતીય સૈન્ય ઠેકાણાઓ પર હુમલો કરવામાં આવ્યો હતો.

## વન-ડેમાંથી નિવૃત્તિની વાતો વચ્ચે રોહિત શર્માનું મોટું નિવેદન



। (માહિતી) નવી દિલ્હી, તા.૧૨ ।

વર્ષ ૨૦૨૪માં T20 વર્લ્ડ કપ જીત્યા બાદ T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લેનારા રોહિત શર્માએ ટેસ્ટ ક્રિકેટને પણ અલવિદા કહી દીધું છે. જો કે, તેમણે એમ પણ કહ્યું કે તે વન-ડે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમવાનું ચાલુ રાખશે. હવે તેણે વન-ડે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તેના ભવિષ્ય વિશે ઊભા થયેલા સવાલોના જવાબ આપી દીધા છે. રોહિત શર્માએ કહ્યું છે કે, 'રમતમાંથી ક્યારે નિવૃત્તિ લેવી પડશે તે સંપૂર્ણપણે ખબર છે.' હિટમેને એવો પણ દાવો કર્યો નથી કે તે ૨૦૨૭ના ODI વર્લ્ડ કપમાં રમશે કે નહીં. એક ઈન્ટરવ્યૂમાં રોહિતે શર્માએ કર્યું કે, 'પહેલા હું પહેલી ૧૦ ઓવરમાં ૩૦ બોલ રમતો હતો અને ફક્ત ૧૦ રન જ બનાવતો હતો, પરંતુ જો હું હવે ૨૦ બોલ રમું છું, તો હું ૩૦, ૩૫ કે ૪૦ રન કેમ ન બનાવી શકું? અને જે દિવસોમાં હું ઝડપથી બોલિંગ કરું છું, એક્સિલરેટર દબાવું છું, ત્યારે પહેલી ૧૦ ઓવરમાં ૮૦ રન બનાવવા બિલકુલ ખરાબ નથી. હવે હું એવું જ વિચારું છું.'તેમણે વધુમાં કહ્યું કે, 'મેં તે કરી બતાવ્યું છે; મારે જે રન બનાવવાના હતા તે મેં બનાવી લીધા છે. હવે, હું અલગ રીતે ક્રિકેટ રમવા માંગુ છું. હું આમાંની કોઈપણ બાબતને હળવાશથી નથી લઈ રહ્યો. એવું ન વિચારો કે વસ્તુઓ આમ જ ચાલશે, હું ૨૦ કે ૩૦ રન બનાવતો રહીશ અને રમતો રહીશ. જે દિવસે મને લાગશે કે હું મેદાન પર જે કરવા માંગુ છું તે કરી શકતો નથી, તે દિવસે હું રમવાનું બંધ કરી દઈશ. તે ચોક્કસ છે, પરંતુ અત્યારે, હું જાણું છું કે હું જે કરી રહ્યો છું તે હજુ પણ ટીમને મદદ કરી રહ્યો છે.'રોહિત શર્મા ભારતની વનડે ટીમનો મહત્ત્વપૂર્ણ આધારસ્તંભ રહ્યો છે. તેણે ૨૭૩ મેચોમાં ૪૮.૭૬ ની પ્રભાવશાળી સરેરાશથી ૧૧,૧૬૮ રન બનાવ્યા છે. તેમના નેતૃત્વ હેઠળ, ભારતે ૨૦૨૪ માં T20 વર્લ્ડ કપ અને આ વર્ષની શરૂઆતમાં ચેમ્પિયન્સ ટ્રોફી જીતી, જેનાથી સફેદ બોલ ક્રિકેટમાં તેમના વારસાને વધુ મજબૂત બનાવવામાં આવ્યો. વ્હાઈટ બોલ ICC ટુર્નામેન્ટમાં ભારતની કેપ્ટનશીપ દરમિયાન તેમણે માત્ર બે મેચ હારી છે. આમાં એક વર્લ્ડ કપ ૨૦૨૩ ફાઈનલ અને એક T20 વર્લ્ડ કપ ૨૦૨૨ સેમિફાઈનલનો સમાવેશ થાય છે.

### સોશિયલ મીડિયા પર ઈન્દિરા ગાંધી ટ્રેન્ડમાં

## ભારત અને પાકિસ્તાન સીઝફાયરમાં અમેરિકાની દખલ મુદ્દે વિપક્ષ આક્રમક

। નવી દિલ્હી, તા.૧૨ ।

ભારત અને પાકિસ્તાન વચ્ચે શસ્ત્રવિરામ થઈ ગયો છે. સીઝફાયર એટલે કે શસ્ત્રવિરામની જાહેરાત થતા જ સોશિયલ મીડિયા પર લોકો પૂર્વ વડાંપ્રધાન ઈંદિરા ગાંધીને યાદ કરવા લાગ્યા હતા. ૧૯૭૧ના યુદ્ધમાં પાક.ના બે ભાગલા પાડનારા ઈંદિરા ગાંધીને યાદ કરીને લોકોએ તેમના વખાણ કર્યા હતા. એક્સ (ટ્વિટર) પર સીઝફાયર બાદ બીજા ક્રમે ઈંદિરા ગાંધી ટ્રેન્ડ ચાલ્યો હતો અને લોકોએ ઈંદિરાને આયર્ન લેડી તરીકે યાદ કર્યા હતા.ભારત અને પાકિસ્તાન વચ્ચેના ઘર્ષણમાં ત્રીજા દેશ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની મધ્યસ્થતા કેમ સ્વીકારવામાં આવી તેવા સવાલો સાથે લોકોએ ઈંદિરા ગાંધીને યાદ કર્યા હતા. ૧૯૭૧ના યુદ્ધ સમયે અમેરિકાએ ભારતને પરમાણુ હુમલા સુધીની ધમકી આપી દીધી હતી, તેમ છતા ઈંદિરા ગાંધીએ યુદ્ધ શરૂ રાખીને પાક.ના બે ભાગલા પાડી એક નવો દેશ બાંગ્લાદેશ બનાવ્યો હતો. એટલુ જ નહીં અમેરિકાના તત્કાલીન રાષ્ટ્રપતિને



મળવા માટે લાંબો સમય સુધી બેસાડી રાખ્યા હતા. હાલ જ્યારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના કહેવાથી ભારત અને પાકિસ્તાને યુદ્ધ અટકાવ્યું હોવાના આરોપો થઈ રહ્યા છે ત્યારે લોકોએ ઈંદિરા ગાંધીના તે સમયના આક્રામક વલણને યાદ કર્યું હતું. પાંચ લાખ જેટલી પોસ્ટ થઈ હતી જ્યારે આયર્ન લેડી પણ ટ્રેન્ડ થયું હતું. ખાસ કરીને કોંગ્રેસના નેતાઓએ ૧૯૭૧ના યુદ્ધ સમયની ઈંદિરા ગાંધીની તસવીરો વાયરલ કરી હતી. કોંગ્રેસ પ્રવક્તા સુપ્રિયા શ્રિનાતે ઈંદિરાની તસવીર સાથે એક પોસ્ટ ટ્વિટ કરીને કહ્યું હતું કે ઈંદિરા ગાંધી થવું સહેલુ નથી. સુરેન્દ્ર રાજપુતે લખ્યું હતું કે એમ જ કોઈ ઈંદિરા ગાંધી નથી બની જતું. અન્ય એક યૂઝરે લખ્યું હતું કે ઈંદિરા ગાંધીએ ૧૯૭૧ના યુદ્ધ સમયે અમેરિકાને કહી દીધુ હતું કે કોઈ દેશ ભારતને આદેશ આપવાનું સાહન ના કરે. ઈંદિરા ગાંધીને લઈને એક્સ (ટ્વિટર) પર પાંચ લાખથી વધુ પોસ્ટ થઈ હતી. બીજી તરફ કોંગ્રેસના વરીષ્ઠ નેતા શશિ થરુરે કહ્યું હતું કે આપણે હાલના પાક. સાથેના ઘર્ષણમાં એવી સ્થિતિ પર પહોંચી ગયા હતા કે જ્યાંથી પાછા વળવુ મુશ્કેલ થઈ શકે તેમ હતું, આપણા માટે શાંતિ મહત્વની છે. વર્ષ ૨૦૨૫ની પરિસ્થિતિઓ વર્ષ ૧૯૭૧ જેવી નથી, બન્ને વચ્ચે અંતર છે. સરહદી વિસ્તારોના લોકોને પૂછો કે તેઓ કેવુ સહન કરી રહ્યા છે. કેટલા લોકો મોતને ભેટયા છે. હું નથી કહેતો કે યુદ્ધ રોકો પણ જ્યારે યુદ્ધ શરૂ રાખવાની જરૂર પડે ત્યારે શરૂ રાખવું જોઈએ. આપણે આતંકીઓને પાઠ ભણાવવો હતો જે કરી દીધું.

### ૮.૫ કરોડ રૂપિયાની લોટરી લાગી

## દુબઈમાં કેરળનો વેણુગોપાલ રાતોરાત બની ગયો કરોડપતિ

। (એજન્સી) કેરળ, તા.૧૨ ।

કેરળના વતની ૫૨ વર્ષીય વેણુગોપાલ મુલ્લચેરીએ દુબઈ ડયુટી ફ્રીના મિલેનિયમ મિલિયનેયર ડ્રોમાં ૧ મિલિયન ડોલર (૮.૫ કરોડ રૂપિયા) જીતી લીધા છે. તે છેલ્લા ૧૫ વર્ષોથી આ ડ્રોમાં નસીબ અજમાવી રહ્યાં હતાં. તે એક આઈટી સપોર્ટ સ્પેશિયાલિસ્ટ તરીકે યુએઈના અજમાનમાં કાર્યરત છે. વેણુગોપાલે જણાવ્યું છે કે આ વિજય મારા માટે કોઈ વરદાનથી ઓછું નથી. આ મારા સંઘર્ષોનો અંત છે તથા એક નવી શરૂઆત છે જે આશા અને ખુશીઓથી ભરી હશે.તેણે જણાવ્યું હતું કે તાજેતરમાં ભારત યાત્રા પછી પરત ફરતી વખતે ૨૩ એપ્રિલે તેમણે દુબઈ એરપોર્ટ પરથી આ વિજેતા ટિકિટ ખરીદી હતી. તેણે વધુમાં જણાવ્યું હતું કે તે છેલ્લા કેટલાક સમયથી ભારે દેવામાં ડૂબેલા હતાં. એક નજીકના વ્યકિતએ વિશ્વાસઘાત કરતા આ દેવાની રકમ વધી ગઈ હતી. મેં તાજેતરમાં જ એક ઘર બનાવ્યું હતું અને આર્થિક તંગદિલી ખૂબ જ વધી ગઈ હતી. જે વ્યકિત પર મેં વિશ્વાસ કર્યો હતો તેણે જ મારી સાથે વિશ્વાસઘાત કર્યો હતો. આ સ્થિતિમાં આ જેકપોટ મારા માટે સાચો તારણહાર બનીને આવ્યો છે. બે બાળકોના પિતા વેણુગોપાલે જણાવ્યું હતું કે તે સૌથી પહેલા પોતાના દેવાની ચુકવણી કરશે અને અને પરિવારની સાથે રજાઓ માણશે. મેં હાલમાં સંપૂર્ણ યોજના બનાવી નથી પણ એક લાંબો બ્રેક લઈ પરિવાર સાથે રજાઓ પસાર કરવી જરૂરી છે. તેણે વધુમાં જણાવ્યું હતું કે ત્યારબાદ હું દુબઈ પરત ફરી એક બિઝનેસ શરૂ કરવા માંગુ છું.

### રાજ્યસભાના સાંસદશ્રી મયંકભાઇ નાયક સહિતના મહાનુભાવોએ રક્તદાન કર્યું

# પી.એન.માળી ફાઉન્ડેશન દ્વારા ડીસા ખાતે મેગા રક્તદાન કેમ્પ યોજાયો, ૫૫૧ યુનિટ બ્લડ એકત્રિત કરાયું







। (માહિતી) બનાસકાંઠા ।

સંભવિત પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલની અપીલ બાદ તાજેતરમાં જિલ્લામાં અલગ અલગ સ્થળોએ રક્તદાન કેમ્પનું આયોજન કરાયું હતું. આજરોજ પી.એન.માળી ફાઉન્ડેશન દ્વારા ડીસા ખાતે સ્વૈચ્છિક મેગા રક્તદાન કેમ્પનું આયોજન કરાયું હતું. આ કેમ્પ માં રાજ્યસભાના સાંસદશ્રી મયંકભાઈ નાયક સહિતના મહાનુભાવોએ રક્તદાન કર્યું હતું. આ કેમ્પમાં જિલ્લા અગ્રણી કીર્તિસિંહ વાઘેલા, પૂર્વ સાંસદશ્રી દિનેશભાઈ અનાવાડિયા, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી અક્ષયરાજ મકવાણા ઉપસ્થિત રહીને લોકોને પ્રોત્સાહિત કર્યા હતા. ફાઉન્ડેશન દ્વારા દાતાઓને ભેટ આપવામાં આવી હતી. આ તકે ફાઉન્ડેશનના ચેરમેનશ્રી પી.એન.માળીએ જણાવ્યું હતું કે, નાગરિકોના સહયોગથી આજે ડીસા ખાતે કુલ ૫૫૧ યુનિટ રક્ત એકત્રિત કરાયું છે. બનાસ મેડિકલ કોલેજ પાલનપુર, ગાયત્રી બ્લડ સેન્ટર ડીસા, ભૂમિ બ્લડ સેન્ટર પાલનપુર તથા ભણસાલી અને સંકલ્પ બ્લડ સેન્ટર ડીસા ખાતે આ રક્તને સાચવવામાં આવશે. વિષમ પરિસ્થિતિમાં દેશના વીર જવાનો અને નાગરિકોને જ્યારે પણ રક્તની જરૂર પડે ત્યારે સેવાભાવિ સંસ્થાઓ સહિત અમે લોકો સેવા માટે હર હંમેશા સેવા માટે તૈયાર છીએ. આ રક્ત દેશના જવાનોને સમર્પિત છે.

અગાઉ જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલે જિલ્લાની સેવાભાવિ સંસ્થાઓ, એન.જી.ઓ સહિતના લોકો સાથે બેઠક કરીને રક્તદાન કરવા અપીલ કરી હતી. જેમાં "માં" ભોમની રક્ષા કાજે લડતા વીર સૈનિકોને કે સરહદ પર વસતા નાગરિકોને કોઈપણ પરિસ્થિતિમાં ઈજા થાય અને જો લોહીની જરૂર પડે તો તેને પૂરું પાડવા માટે આપણે સૌએ આગળ આવી રક્તદાન કરવા તંત્ર તરફથી નાગરિકોને અપીલ કરાઈ હતી.

## ગાંધીનગર ખાતે સહકાર રાજ્યમંત્રી MLAJagdishના અધ્યક્ષ સ્થાને આ પાયલટ પ્રોજેક્ટના અમલીકરણની સમીક્ષા



''સહકારથી સમૃદ્ધિ''ના વિઝનને પરિણામલક્ષી બનાવવા માટે ગુજરાતમાં વિઝનરી ''કો-ઓપરેશન અમોન્ગસ ધ કોઓપરેટિવ'' પાયલટ પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવ્યો.

### લેહરીપુરા ન્યુ રોડ પર ડીવાઇડરનું કામ બંધ કરી દેતા વિવાદ : અકસ્માત સર્જાયા

। (એજન્સી) વડોદરા, તા.૧૨ ।

વડોદરા શહેરની મધ્યમાં આવેલા લહેરીપુરા-ન્યુ રોડ પર લગાવવામાં આવેલા રોડ ડિવાઈડરનું કામકાજ છેલ્લા કેટલાય દિવસથી યેનકેન બંધ કરી દેવાયું છે. રોડ રસ્તો પ્રમાણમાં ખૂબ સાંકડો હોવાથી આ કામગીરી બંધ રાખવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે બીજી બાજુ કેટલાક ડિવાઈડરો તૂટી પણ ગયા છે. આ ઉપરાંત અન્ય ડિવાઈડરો રોડની વચ્ચોવચ ફીટ કરાયા વિના ગોઠવી દેવાયા છે. જેનાથી કોઈ મોટો અકસ્માત સર્જાવાની ભીતિ પણ રહે છે. રોડ રસ્તા વચ્ચે પડેલા ડિવાઈડરોને કારણે અવારનવાર રોજિંદા ત્રણથી ચાર નાના-મોટા અકસ્માતો પણ થાય છે. પરિણામે આ રોડ ડીવાઈડરો લહેરીપુરા ન્યુ રોડ પરથી વહેલી તકે હટાવી લેવાય એવી લોક માંગ છે.આ ઉપરાંત લહેરીપુરા-ન્યુ રોડ પર રોડની બંને બાજુએ આવેલા મોટા ફૂટપાથ કાપીને નાના કરવામાં આવે તો પણ રોડ રસ્તા પહોળા થઈ શકે છે.

### જૂના સચિવાલયમાં આગ લાગવાની ખોટી માહિતી ફેલાતા અફરા તફરી

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૨ ।

ગાંધીનગરમાં ફાયર વિભાગમાં એક શખ્સે ખોટી ફરિયાદ નોંધાવી હોવાનું સામે આવ્યું છે. જૂના સચિવાલયમાં આગ લાગી હોવાની ખોટી માહિતી આપી છે. ફાયરની ટીમ સ્થળે પહોંચતા ફરિયાદ ખોટી હોવાનું સામે આવ્યું છે. તાત્કાલિક પોલીસને જાણ કરાતા શખ્સની ઓળખ થઈ હતી. પોલીસે પૂછપરછ કરતા શખ્સે ખોટી માહિતી આપવા બદલ માફી માગી છે.ઉલ્લેખનીય છે કે એક શખ્સે ફાયરને જાણ કરતા કહ્યું સિલિન્ડર ફાટતા જૂના સચિવાસયમાં આગ લાગી છે. જેથી તાત્કાલિક ફાયર વિભાગની ટીમે સ્થળે પહોંચી છે. તો સામે આવ્યું કે આગ લાગી નથી. કે આવો કોઈ બનાવ સ્થળે બન્યો નથી.

# અમરેલીના સાવરકુંડલા સહિત અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ

**આ સતત વરસાદી માહોલ ઉનાળુ પાક માટે નુકસાનકારક સાબિત થઈ રહ્યો છે ખેડૂતોને તેમના ઉનાળુ પાકમાં મોટા નુકસાન જવાની ભીતિ સેવાઈ રહી છે**

। (એજન્સી) અમરેલી, તા.૧૨ ।

ગુજરાતમાં ઉનાળાની ઋતુ વચ્ચે કમોસમી વરસાદનો માહોલ યથાવત્ છે.ત્યારે અમરેલી જિલ્લાના વિવિધ પંથકમાં સોમવારે (૧૨મી મે) પણ ભારે પવન સાથે કમોસમી વરસાદ નોંધાયો છે. જેના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી છે, પરંતુ ખેડૂતોના ઉનાળુ પાકને મોટા નુકસાનની ભીતિ છે. સાવરકુંડલા શહેર અને આસપ ાસના વિસ્તારોમાં સોમવારે ભારે પવન સાથે ધોધમાર કમોસમી વરસાદ વરસ્યો હતો, આ ઉપરાંત કાનાતળાવ, હાથસણી, ચરખડિયા, ખાંભા અને ધારી પંથકમાં વિજળીના કડાકા ભડાકા સાથે તિવ્ર ગતિથી વરસાદ તુટી પડ્યો હતો. નોંધનીય છે કે, કમોસમી વરસાદને કારણે ખેડૂતો ચિંતિત બન્યા છે. આ સતત વરસાદી માહોલ ઉનાળુ પાક માટે નુકસાનકારક સાબિત થઈ રહ્યો છે. ખેડૂતોને તેમના ઉનાળુ પાકમાં મોટા નુકસાન જવાની ભીતિ સેવાઈ રહી છે. હવામાન વિભાગ અનુસાર, આજે (૧૨મી મે ૨૦૨૫) રાજકોટ, પોરબંદર, જૂનાગઢ, અમરેલી અને જૂનાગઢ જિલ્લામાં ભારે વરસાદ થઈ શકે છે. જ્યારે રાજ્યના અન્ય ભાગોમાં છૂટો છવાયા સ્થળોએ હળવોથી મધ્યમ વરસાદ થઈ શકે છે. આજે રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં મેઘ ગર્જના થવાની શક્યતા છે. પવનની ગતિ ૪૦થી ૫૦ કિ.મી. પ્રતિ કલાક રહી શકે છે. ૧૩ મે ૨૦૨૫ના રોજ સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર, વડોદરા, આણંદ, પંચમહાલ, નર્મદા, ભરૂચ, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, બોટાદ, ભાવનગર, અમરેલી, રાજકોટ, ગીર સોમનાથ, જૂનાગઢ, પોરબંદર, જામનગર અને દેવભૂમિ દ્વારકામાં છૂટા છવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવોથી મધ્યમ વરસાદ થઈ શકે છે. ૧૪ મે ૨૦૨૫ના રોજ કચ્છ, જામનગર, દેવભૂમિ દ્વારકા, રાજકોટ, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી અને વલસાડ જિલ્લામાં છૂટા છવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવોથી મધ્યમ વરસાદ થઈ શકે છે.

## મહેસાણાની દેલા વસાહતમાં પિતા-પુત્રનાં સંબંધો લજવાયા

। (એજન્સી) મહેસાણા, તા.૧૨ ।

મહેસાણાની દેલા વસાહતમાં પિતા-પુત્રનાં સંબંધો લજવાયા છે. પુત્રએ ગુસ્સામાં આવી પિતાનાં ગુપ્ત ભાગે ઈજાઓ પહોંચાડી ગંભીર રીતે ઘાયલ કર્યા હતા. ઘાયલ પિતાએ પુત્ર વિષ્ણુ દેવીપૂજક સામે મહેસાણા એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. મહેસાણામાં પુત્રએ આવેશમાં આવી પિતાને ગંભીર ઈજાઓ પહોંચાડતાં ચકચાર મચી ગઈ છે. ૨૭ વર્ષનાં પુત્રએ ૪૬ વર્ષના પિતાને તમે મારી પત્નીને તેડી કેમ નથી લાવ્યા કહી ગુપ્ત ભાગે બચકું ભરી લેતા પિતાને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. સામાન્ય બાબતે પુત્ર વિષ્ણુ દેવીપૂજકે આવેશમાં આવી પિતા હોવાનું ભાન ભૂલી ઈજાઓ પહોંચાડી હતી. પુત્ર વિષ્ણુ દેવીપૂજક સામે પિતાએ મહેસાણા એ-ડિવિઝન પો.સ્ટે.માં ગુનો દાખલ કર્યો છે.

### લખપતના દયાપર પાસે ટ્રક અને બાઈક વચ્ચે સર્જાયો ગંભીર અકસ્માત, બેના મોત

। કચ્છ, તા.૧૨ ।

ગુજરાતના કચ્છમાં ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં દોલતપર-દયાપર પર ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા બેના મોત નીપજ્યા છે. સમગ્ર ઘટનાને પગલે પોલીસ અને એમ્બ્યુલન્સ ઘટનાસ્થળો આવી પહોંચી હતી. પોલીસે અકસ્માતનો ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**પરિવારના આક્રંદથી માહોલ ગમગીન**

## સુરેન્દ્રનગરમાં મામા-ફોઇના બે ભાઇઓ નદીમાં ડૂબી જતાં મોત

**ગરમીની સિઝનમાં મામા-ફોઇના બે ભાઇઓ નદીમાં ન્હાવા માટે કૂદ્યા હતા, આ દરમિયાન તે નદીની વચોવચ પહોંચી ગયા હતા**

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૧૨ ।

હાલ ગરમી સિઝન ચાલી રહી છે અને વેકેશનનો સમય છે. ત્યારે લોકો ગરમીથી રાહત મેળવવા માટે નદી, તળાવ અને ચેકડેમમાં ન્હાવા જતા હોય છે. પરંતુ ઘણીવાર આ મોજ મસ્તી ખૂબ ભારે પડી જતી હોય છે અને જીવ ગુમાવવાનો વારો આવે છે.

આવી જ એક ઘટના સુરેન્દ્રનગરથી સામે આવી છે. જેમાં મામા-ફોઈના ભાઈઓ નદીમાં ડૂબી જવાથી મોત નીપજ્યા છે. ત્રણ કલાકની ભારે જહેમત બાદ ફાયરની ટીમે મૃતદેહોને બહાર કાઢ્યા હતા અને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર સુરેન્દ્રનગર નજીક આવેલી ભોગાવો નદીમાં પાણી હોવાથી લોકો અવાર-નવાર નદીએ સ્નાન કરવા જતા હોય છે. ત્યારે ગરમીની સિઝનમાં મામા-ફોઈના બે ભાઈઓ નદીમાં ન્હાવા માટે કૂદ્યા હતા,

આ દરમિયાન તે નદીની વચોવચ પહોંચી ગયા હતા અને બહાર નીકળી ન શકતા બંને પિતરાઈ ભાઈઓ ડૂબી ગયા હતા. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમ અને લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. ફાયરની ટીમે ત્રણ કલાકની ભારે જહેમત બાદ બંને ભાઈઓના મૃતદેહ બહાર કાઢ્યા હતા.

મૃતકોની ઓળખ કિશોરસિંહ જાડેજા, અજયસિંહ પરમાર તરીકે કરવામાં આવી છે. બંને ભાઈઓના મૃતદેહને પીએમ અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. પીએમ બાદ મૃતદેહને પરિવારને સોંપવામાં આવશે. અચાનક બે ભાઈઓના અકાળે મોતથી ભારે શોકનો માહોલ છવાયો છે. પોલીસે પરિવારજનોના નિવેદન નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### વડોદરામાં દરજીપુરાના ગુમ થયેલા યુવકની હત્યા થઇ

। વડોદરા, તા.૧૨ ।

વડોદરાના દરજીપુરા વિસ્તારમાંથી પાંચ દિવસ પહેલા ગુમ થયેલા યુવકનો મૃતદેહ કાલોલ નજીક કેનાલમાંથી મળી આવ્યો છે. તેની ઘાતકી હત્યા કરવામાં આવી હોવાનો ઘટસ્ફોટ થયો છે. હરણી નજીક દરજીપુરા ખાતે રહેતા ૨૭ વર્ષીય દીપેન પટેલ સાતમી મે એ રાત્રે સાસરીમાં જવા માટે કાર લઈ નીકળ્યો હતો અને ત્યારબાદ તેનો પત્તો લાગ્યો ન હતો. દીપેન ગુમ થયો હોવાની ફરિયાદ તેના પિતાએ હરણી પોલીસ સ્ટેશને નોંધાવતા તપાસ કરવામાં આવી હતી. મળતી માહિતી અનુસાર, શનિવારે (૧૦મી મે) રાત્રે અનગઢ પાસે મહીસાગર નદીમાંથી દીપેનની કાર મળી આવી હતી. જેમાં લોહીના નિશાન હતા.

## આરપીએફ અમદાવાદ અને અખિલ ભારતીય મારવાડી યુવા મંચ દ્વારા સંયુક્ત વૃક્ષારોપણ



। અમદાવાદ, તા.૧૨ ।

આજ રોજ તારીખ ૧૧ મે ૨૦૨૫ ના રોજ, રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF), અમદાવાદ અને અખિલ ભારતીય મારવાડી યુવા મંચ, અમદાવાદ શાખા દ્વારા પર્યાવરણ સંરક્ષણ તરફ એક પ્રશંસનીય પહેલ કરીને સંયુક્ત વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમ સરસપુરમાં રેલવે પ્રોટેક્શન ફોર્સ બેરેકમાં આયોજિત કરવામાં આવ્યો હતો, જેમાં વિવિધ પ્રજાતિઓના કુલ ૧૫૦ છોડ રોપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે, ઔષધીય ગુણધર્મો ધરાવતા છોડની પસંદગી કરવામાં આવી હતી, જે બેરેક પરિસરની સુંદરતામાં પણ નોંધપાત્ર વધારો કરશે. આ પહેલ પરિસરને વધુ હરિયાળું અને સુખદ વાતાવરણ પૂરું પાડવા તરફ એક સકારાત્મક પગલું છે. આ અભિયાનમાં RPF અધિકારીઓ અને જવાનોની સાથે, મારવાડી યુવા મંચના સભ્યોએ પણ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. બધાએ સાથે મળીને છોડ રોપ્યા અને સ્વેચ્છાએ તેમના રક્ષણ અને નિયમિત સંભાળની જવાબદારી પણ લીધી. કાર્યક્રમના અંતે, અધિકારીઓએ વૃક્ષારોપણ ના મહત્વ પર પ્રકાશ પાડ્યો અને ભવિષ્યમાં પણ નિયમિત પણે આવા પર્યાવરણને અનુકૂળ કાર્યક્રમોનું આયોજન કરવાનો સંકલ્પ કર્યો.

**બે મહિલા સહિત ત્રણ પકડાયા, ત્રણ ભાગી છૂટ્યા**

## જામનગરના ધરાનગરમાં જુગારના દરોડા સમયે નાસ ભાગ મચી

। (એજન્સી) જામનગર, તા.૧૨ ।

જામનગરમાં ધરાનગર વિસ્તારમાં શોપિંગ સેન્ટર પાસે જાહેરમાં રાત્રિના સવા બાર વાગ્યાના અરસામાં સ્ટ્રીટ લાઈટના અજવાળે કેટલાક સ્ત્રી પુરુષો એકત્ર થઈને ગંજીપાના વડે જુગાર રમે છે, તેવી ચોક્કસ બાતમીના આધારે સીટી બી. ડિવિઝન પોલીસે દરોડો પાડ્યો હતો. જે દરોડા સમય નાસભાગ થઈ હતી. પોલીસે બનાવના સ્થળેથી જુગાર રમી રહેલા કાસમ કરીમભાઈ વાઘેર, સવિતાબેન કાસમભાઈ સાંગાણી, અને નરગીસ અલ્તાફભાઈ ચાવડા, નામની બે મહિલા સહિત ત્રણ શખ્સોની અટકાયત કરી લીધી છે, અને તેઓ પાસેથી રૂપિયા ૨૭૦૦૦ ની રોકડ રકમ તથા જુગારનો સામાન કબજે કર્યો છે. પોલીસના દરોડા સમયે જાવીદ જુસબભાઈ ગજણ, હુસેન ઉર્ફ દુળકીયા-સુમરા, અને હુસેન નંદલાલ વાઘેર ભાગી છૂટયા હોવાથી ત્રણેયને ફરાર જાહેર કરી શોધખોળ હાથ ધરવામાં આવી રહી છે.

**પથ્થરમારો અને મારામારી કરાયાની ચોંકાવનારી ઘટના સામે આવી**

## વડોદરામાં મહિલાની છેડતી બાબતે બે જૂથ વચ્ચે પથ્થરમારો

। (એજન્સી) વડોદરા, તા.૧૨ ।

વડોદરામાં એક જ કોમના બે જૂથ વચ્ચે પથ્થરમારો અને મારામારી કરાયાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. માહિતી મુજબ વડોદરાના બાપોદમાં વિજયનગર માળી મોહલ્લામાં અસામાજિક તત્ત્વો દ્વારા મહિલાઓની છેડતી કરવામાં આવતી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. જેના બાદ બે જૂથના લોકો સામસામે આવી ગયા હતા. જેના કારણે બોલાચાલી થઈ જતાં મામલો બીચક્યો હતો અને મારામારી સુધી પહોંચી ગયો હતો. આ દરમિયાન બંને જૂથ એકબીજા પર પથ્થરમારો કરવાનું શરૂ કરી દીધું હતું.

જેમાં મહિલાઓ સહિત અનેક લોકો ઈજાગ્રસ્ત થયા હતા. મળતી માહિતી અનુસાર બાપોદ વિસ્તારમાં વિજયનગર માળી મહોલ્લામાં કેટલાક અસામાજિક તત્ત્વો મહિલાઓની છેડતી કરતા હોવાના આક્ષેપો થયા હતા. મહિલાઓની છેડતી કરવામાં આવતી હોવાના આક્ષેપ બાદ એક જ કોમના બે જૂથો વચ્ચે બોલાચાલી થઈ હતી. ઉશ્કેરાયેલા બન્ને જૂથો દ્વારા સામસામે પથ્થરમારો કરવામાં આવ્યો હતો. જેમાં મહિલાઓ સહિત કેટલાક લોકોને ઈજા પહોંચી હતી.

